# अहिंसाना आदेश अपनावी...

अहिंसाना आदेशो अपनावीने मारे,
शांतीना मार्गे जावुं रे, महावीर प्रभु,
तमारा जेवा मारे थावुं... महावीर प्रभु...

चंडकौशिक नाग जेवा झेरी ने वेरी नथी थावुं,
दुश्मनने पण दोस्त बनावी, त्यागी-वैरागी मारे थावुं रे...
महावीर प्रभु...

भरवाडे खीला कानमां ठोक्या एवा अनाडी नथी थावुं
दीन दुःखीयां नी सेवा करीने, सेवाभावी मारे थावुं रे...
महावीर प्रभु...

नेम राजूल जेवा संयम धरीने, संयमधारी मारे थावुं,
चंदना जेवी टेक धरीने, टेकधारी मारे थावुं रे...
महावीर प्रभु...

तमारे शरणे आवी करीने, बीजे क्या हवे नथी जावु,
भाविक कहे छे भावथीरे, वीरने शरणे मारे जावुं रे...
महावीर प्रभु...

બધા વગર ચાલશે, ધર્મ વગર નહીં ચાલે



# ऍवो लाग्यो छे अमने...

ऍवो लाग्यो छे अमने आ दुनियानो रंग,
जेथी लागे ना हैये तारी भक्तिनो रंग,
ऊंचे आभमां उडे छे, पेलो पापनो पतंग (२)

काचनां शणगारो मांगे काची आ काया,
आँखो मीचीने मूके माटीमां माया,
ऍवा रंगरागमां, सौऍ डूब्या अंगे अंग, ऊँचे आभमां...

जाणीने बोलीये अने झुठी रे वाणी,
माखणने बदले वलोवीये रे पाणी,
केवो जाम्यो छे, झेरभर्यो जीवतरनो जंग, ऊँचे आभमां...

संसारी सुख अमने लागे छे प्यारुं,
तारु ज नाम लेवुं लागे अकारुं,
तारी भक्तिमां, वारे वारे पडतो रे भंग, ऊँचे आभमां...

પ્રિય વચન–સજ્જનતા-દાતારી-રહેવું ખુશવંત
આ બધું બજારેના મળે, બિના કૃપા ભગવંત્



gayak-stavan.pm6,mch2,1

# अरिहंतना ध्याने...

अरिहंतना ध्याने अरिहंत बनी जशो,
जिननी भक्ति करतां करतां जिन बनी जशो,
वीर प्रभुना ध्याने महावीर बनी जशो, जीननी...

आ संसारे भमतां, भमतां चाहे प्राणी सुखने,
सुखनी पाछळ दोट मुके, पण पामे भारे दुःखने,
प्रभुना चरणे रहेता रहेता, सुखी बनी जशो, जीननी...

स्वारथनी आ दुनिया केवी ? सुखमां भाग पडावे !
कोईक दुःखमां दुर थाय तो, कोईक वधु रीबावे,
प्रभुना पंथे वहेता वहेता, संत बनी जशो, जीननी...

परम कृपाळु तुजने पामी, बीजे शाने जावुं ?
भ्रमर बनी इयळनी पेरे, एक ज तुजने ध्यावुं,
वीरप्रभुने गातां गातां महान बनी जशो, जीननी...

હવે અમારે શું ગમતું, અને શું અણગમતું ?!
હરી નામના હલેસાં છે-નાવ ભલેને રમતું !!



# आवो आवो देव मारा...

आवो आवो देव मारा, सुनां सुनां द्वार, मारा आंगणा सुनां,
रोती रोती चंदनबाळा, विनवे छे आज,
मारा आंगणा...
पगमां बेडी माथे मुंडी, आंखे आँसुनी धार,
उपवासी त्रण त्रण दिवसनी, तोय मुखे नवकार
मारा आंगणा...
बाकुळांना भोजन मलीया, पण नही मनडुं माने,
कोई अतिथिने भोजन दईने, पछी ज खावुं मारे
मारा आंगणा...
कोशाम्बी नगरीनी मांही, योगी एक विचरतां,
पांच मास ने पच्चीस दिवसे, भिक्षा काजे फरतां
मारा आंगणा...
बाळा भोजन दे छे त्यां तो, योगी पाछा फरीया,
अहो प्रभु शूं ओछुं आव्युं ? दडदड आँसु पडीयां
मारा आंगणा...
अभिग्रहने पूरण जाणी, निज कर पात्र धरावे,
चंदनबाळा भाव धरीने, बाकुळा वोहरावे
मारा आंगणा...
आँसुडां आव्या के तरत ज, बाकुळा वोहराव्या,
तेज क्षणे चमकार थयो ने, तुटी पगनी बेडी
मारा आंगणा...
माथे सुंदर बाळ थयां ने, वरसी सुखनी हेली,
वंदन होजो विरप्रभुने, आव्यां मारी डेली
मारा आंगणा...



gayak-stavan.pm6,mch2,2

# ओ शंखेश्वरना पार्श्व.(तर्ज : दिल लुंटने वाले जादुगर)

ओ शंखेश्वरना पार्श्वप्रभु ! तारु नाम जगतने व्हालु छे,
तारु नाम जगतने व्हालु छे, तारु नाम जगतने प्यारुं छे,
ओ शंखेश्वरना...

तारी धोळी धजाओ फरके छे, तारा सोनाना घुम्मटो चमके छे,
ओ घुम्मटना चमकारे आजे, हैया सौना हरखे छे,
ओ शंखेश्वरना...

तारी आंगीमां हीरला चमके छे, तारा मंदिरे फूलडा महेंके छे,
तारा जाप जपीने भक्तो सहु, जीवनने उज्जवळ माने छे,
ओ शंखेश्वरना...

मारो जीवनपंथ छे भूल भर्यो, स्वारथनो झंझावात नड्यो,
ओ स्वार्थभर्या मुज अंतरमां, प्रभु प्रेमनी ज्योत जलावोने,
ओ शंखेश्वरना...

सवि जीवोने मित्र बनावो प्रभु, मने भवसागरथी तारो प्रभु,
ओ विश्वप्रेमना पाठ प्रभुजी, फरी फरी मुजने बतावोने,
ओ शंखेश्वरना...

ભવસાગરમાં આવ્યાં-હવે ચાલો,
ભાવ-સાગરમાં મ્હાલીયે...



# अमी भरेली...

अमी भरेली नजरुं राखो, महावीर श्री भगवान रे,
दर्शन आपो दु:खडा कापो, महावीर श्री भगवान रे...अमी

चरण कमळमां शीश नमावुं, वंदन करुं महावीर रे,
दया करीने भक्ति देजो, महावीर श्री भगवान रे... अमी

हुं दु:खीयारो तारे द्वारे, आवी उभो महावीर रे,
आशिष देजो उरमां लेजो, महावीर श्री भगवान रे...अमी

तारा भरोसे जीवन नैया, हांकी रह्यो महावीर रे,
बनी सुकानी पार उतारो, महावीर श्री भगवान रे...अमी

भक्तो तमारा करे विनंती, सांभळजो महावीर रे,
उर आंगणमां वास तमारो, महावीर श्री भगवान रे...अमी

નિત્ય ઝઘડવું આ સૃષ્ટિમાં, વસનારથી બનતું નથી
સર્જનનું કાર્ય, કદાપી સૃષ્ટિમાં સંહારથી બનતું નથી
એમ કહી ગયાં છે, મહાવીર સ્વામી આ જગતને
કે જે બને છે પ્યારથી, એ તકરારથી બનતું નથી



gayak-stavan.pm6,mch2,3

# आज वगडावो, वगडावो...

आज वगडावो वगडावो रुडां शरणायुंने ढोल
शरणायुंने ढोल नगारा, शरणायुने ढोल (२)... आज

आजे नाचे रे उमंग रंग अंगमां रे लोल
हुं तो एवो रे रंगाणो प्रभु रंगमां रे लोल
हे, हुं तो गाऊँ ने गवडावुं रूडां गीतोना बोल (२)...आज

आवो आवो स्नेहीओ अम आंगणे रे लोल
अमे वाटलडी जोई बेठा बारणे रे लोल
प्रभु भक्तिमां भेणा थयां आजे सहुलोक (२)... आज

आज घरघरमां दिवडा प्रगटावजो रे लोल
आसोपालवनां तोरण बंधावजो रे लोल
सौना हैये जाम्यो छे आज भक्तिनो रंग (२)... आज

જ્યારે પ્રભુ-ભક્તિમાં તનમન એકાકાર બની જાય છે,
ત્યારે ઉરનાં આંગણીયે ઉમંગના ઉત્સવ ઉજવાય છે.



# ओली, चंदनबाळाने बारणे...

ओली, चंदनबाळाने बारणे, प्रभु आवी उभा छे पारणे
अेनुं जीवतर धन्य धन्य थाय,
अेना दु:खना दहाडा वीत्या रे, अेणे दर्शन देवना किधा रे,
अेनुं जीवतर धन्य धन्य थाय... ओली चंदनबाळाने...

पांचपांच मासना उपवास माथे, २५ दिवसनां व्हाणा वाया,
घेर घेर घूमता तोये प्रभुने, भोजन मळे ना मनमान्या (२)
कोई मोदक-मिठाई लावता, कोई पक्वान प्रेमे आपता
तोये प्रभुजी पाछा जाय... ओली चंदनबाळाने...

मेवा मीठाई पडतां मूकीने, लीधा अडदना बाकुळा,
बंधन तूट्यां अेना जन्मोजनमनां, अंतरना उघड्या आगळा.
अेनी भीक्षा प्रभुअे लिधी रे, अेने आशीष ऊरथी दीधी रे
अेनुं जीवतर धन्य धन्य थाय... ओली चंदनबाळाने...

राजपाट छोडीने, रझळेली कुंवरीनुं, किस्मत फरी उघडी गयुं
भीक्षा दिधी ने दीक्षा लीधी, अेनुं जीवतर अनेरुं उजळी रह्युं,
अेणे मारग वीरनो लीधो रे...अने मनखो उज्ज्वळ कीधो रे.
अेनुं जीवतर धन्य धन्य थाय... ओली चंदनबाळाने...

દુર્લભ મનુષ્યજન્મમાં કરવા જેવું કોઇ
કાર્ય હોય તો તે છે આત્મ કલ્યાણ.



gayak-stavan.pm6,mch2,4

## आश भरीने... (तर्ज : आने से उसके आये बहार)

आश भरीने आव्यो स्वामी, भक्तिमां नहीं राखुं खामी,
पुरजो अमारी आश, ओ शंखेश्वरा,
राखजो अमारी लाज, ओ शंखेश्वरा...

तारो तारो प्रभुजी, हुं तो जेवो छुं तेवो तमारो,
कोई नथी अहीं मारुं, प्रभु आपी दो मुजने सहारो.
पार करो, उद्धार करो, मुज जीवन आधार..ओ शंखेश्वरा

भान भुली गयो छुं, साची समजण मने प्रभु देजो
राह भुली गयो छुं, मारा राहबर बनी तमे रहेजो,
मायानी आ दुनियामां, रझळी रह्यो संसार..ओ शंखेश्वरा

## अजवाळा देखाडो...

अजवाळा देखाडो, अंतर द्वार उघाडो...(२) कोरस
प्रभूजी, अजवाळा देखाडो, प्रभुजी अंतर द्वार उघाडो

काम क्रोध मने भानभुलावे, माया ममता नाच नचावे,
सत्य मार्ग भूली भटकुं छुं, रात सुझे ना दहाडो...प्रभुजी

जन्म जीवनना तमे छो दाता, प्रभु तमे मारा भाग्य विधाता,
एक आधार तमे छो प्रभुजी, जनम मरण भय टाळो...प्रभुजी

नर्क निगोदथी हे प्रभु तार्यो, अनंत दु:खोथी मुझने उगार्यो,
एक उपकार करो हजी मुझपर, नहीं भुलुं उपकारो..प्रभुजी



## आ दुनियानी रंगभूमी...

आ दुनियानी रंगभुमी पर, कोई बने मोर तो कोई बने ढेल
आव्या छे सहुअे करवाने खेल, आव्या छे सहुअे करवाने खेल

मनखा माटीने अजवाळवाने
कोईनी दिवेट, कोईनुं दिवेल आव्या छे सहुअे करवाने खेल

कोई थाय राजा तो, कोई छे भिखारी,
कोई खाय खाजा तो, कोईनुं पेट खाली,
विधीअे वेच्या छे विध विध भागो
कोईने महेल तो कोईने छे जेल... आव्या छे.

कोई थाय साधु आ संसार त्यागी,
मायाने मोहमां कोई रंगरागी
जोगी के भोगी कोईने जडे ना,
जीवन मरणनो साचो उकेल... आव्या छे.

कोई जशे आजे तो कोई जशे काले
कोईने कलंक, कोईने तिलक छे भाले
कोईनो अंत सुखमां तो कोईनो अंत दु:खमां
पुरो थई जाशे, आ जीवननो खेल... आव्या छे.

ભવસાગરમાં આવ્યાં, હવે..'ભાવસાગરમાં' મ્હાલીયે.



gayak-stavan.pm6,mch2,5

# आवो रे आवो महावीर नाम...

आवो रे आवो महावीर नाम लईये
वीर नाम लईओ भवपार करी जईओ, आवो रे...

वीरप्रभु कहे छे के अहिंसा अपनावीये
अहिंसामां ओत प्रोत बनी जीवी जइओ, आवो रे...

वीरप्रभु कहे कोईने दु:ख नवी दईये
सुख आपी दु:ख हरनार बनी जईओ, आवो रे...

वीरप्रभु कहे कदी क्रोध नवी करीये
शीतल ने शांत चंदन बनी जईओ, आवो रे...

वीरप्रभु कहे सहुथी प्रेमभाव राखीये
प्रेमभरी सरीता, शांत बनी जईओ, आवो रे...

भाग्यवान आपणे जैन धर्म पाम्यां
ओना सिधांतनी नाव करी लइओ, आवो रे...

દુ:ખતે હુએ ઝખ્મોકી દવા પીર બનગઇ
લાખોં લોગોં કે વાસ્તે જો તકદીર બન ગઇ
સદિયોં સે અંધેરે મેં પલી ઇસ ઉંમ્ર કે લિએ
એક રોશની ઉઠી જો મહાવીર બન ગઇ



# ओ शंखेश्वरवासी...

ओ शंखेश्वर वासी मारा वालाजी हो
विनंती अमारी एक सांभळो...(२)

अमे संसारी मायाना जीवडां
तमे प्रगटाव्यां आतमनां दीवडां
मारी नानकडी ज्योती प्रगटावजो, (२) विनंती अमारी...

अमे वासनानी वाटे विचरतां
तमे वितरागी थइने विचरतां
मने विषयोनां रागथी उगारजो, (२) विनंती अमारी...

तमे नीष्कामी करुणानां दरीया
अमे कडवा कषायोथी भरीया
तो ये भक्त छुं तमारो नीभावजो, (२) विनंती अमारी...

તારા-અમારા વચ્ચે અંતર કેટલું મોટું ?!
તોય નિરંતર ભરીયે અમે તો પગલું ખોટું ને ખોટું !!
ઉંચે રે ખોરડે તમે બેસણાં કીધાં,
પ્રભૂ મને નયનો દિધાં-પણ દર્શનના દીધાં ?!




gayak-stavan.pm6,mch2,6

# अवतार मानवीनो...

अवतार मानवीनो फरीने नहिं मळे
अवसर तरी जवानो फरीने नहीं मळे...अवतार मानवीनो

सुरलोकमांये ना मळे, भगवान कोईने
अहीयां मळ्यां प्रभु ते, फरीने नहीं मळे...अवतार मानवीनो

लई जाय प्रेमथी तने, कल्याण मारगे
संगाथ आ गुरुनो, फरीने नहीं मळे...अवतार मानवीनो

जे धर्म आचरीने, करोडो तरी गया
आवो धरम अमूलो, फरीने नहीं मळे...अवतार मानवीनो

करशुं धरम निरांते कहे तुं गुमानमां
जे जाय छे घडी ते, फरीने नहीं मळे...अवतार मानवीनो

> દાખલા દલીલ ને ઉપદેશથી ગુરૂ જ આંખ ઉઘાડે,
> હૈયે ટાઢક થાય એવી મધૂરી વાણી સંભળાવે,
> પ્રેમભર્યા મ્હેણાં મારે ને ખોટે રસ્તેથી પાછા વાળે,
> દુર્ગતિમાં ન જાય ભક્તજન એ ધ્યાન રાખી ઉગારે.



# एक घडी प्रभु...

एकघडी प्रभु उर एकान्ते, आवीने स्नेहे मळे...
सोनामां सुगंध भळे, सोनामां सुगंध भळे...

खोयुं होय जीवनमां जे जे, पाछुं आवी मळे
ज्यां ज्यां हार थई जीवनमां, त्यां त्यां जीत मळे...सेनामां...

ना कांइ लेवुं, ना कांइ देवुं, चिन्ता ज एनी टळे
ना होय मृत्यु, ना होय जीवन, फेरा जगतनां टळे...सोनामां

कर्मो कीधां होय जे जीवनमां, सघळां साथे बळे,
करुणासागर वीरप्रभुनो साचो संबंध मळे... सोनामां

> દાદા તારી મુખમુદ્રાને અમીયે નજરેં નીહાળી રહ્યો,
> તારા નયનોમાંથી ઝરતું દિવ્ય તેજ હું ઝીલી રહ્યો,
> ક્ષણભર આ સંસારની માયા તારી ભક્તિમાં ભૂલી ગયો,
> તુજ મૂર્તિમાં મસ્ત બનીને આત્મીક આનંદ માણી રહ્યો.

# एक पंखी आवीने ऊडी गयुं...

(तर्ज : छु लेने दो नाजुक होठोंको)

एक पंखी आवीने ऊडी गयुं...
एक वात सरस समजावी गयुं (२)

आ दुनिया एक पंखीनो मेळो, कायम क्यां रहेवानुं छे...(२)
खाली हाथे आव्या एवा, खाली हाथे जवानुं छे.
जेने ते तारुं मान्युं ते तो, अहीनुं अहीं सहु रही गयुं...एक

जीवन प्रभाते जनम थयोने, सांज पडे ने ऊडी गयुं (२)
संगी संबंधीनी माया मूकीने, सहुने छोडी अलग थयुं
एकलवायुं आतम पंखी, साथे न कांई लइने गयुं ...एक

पांखोवाळा पंखी ऊंचे, ऊडी रह्यां जोने आकाशे (२)
भानभूली भटके भवरणमां...माया मृगजळनी आशे
जगतनी आंखो जोती रहीने, पांख विना ए ऊडी गयुं...एक

શક્તિ મળે તો સહુને મળજો, જિનશાસન સેવા સારૂ,
ભક્તિ મળે તો સહુને મળજો, જિનશાસન લાગે પ્યારૂ,
મૂક્તિ મળે તો સહુને મળજો-રાગ, દ્વેષ, અજ્ઞાન થકી,
જિનશાસન મળો ભવોભવ, એવી શ્રધ્ધા થાય નક્કી.



# आटलुं तो आपजे...

आटलुं तो आपजे भगवन ! मने छेल्ली घडी
ना रहे मायातणां बंधन मने छेल्ली घडी

आ जिंदगी मोंघी मळी, पण जीवनमां जाग्यो नहि
अंतसमये मुजने रहे, साची समज छेल्ली घडी

ज्यारे मरण शय्या परे, मींचाय छेल्ली आंखडी
तुं आपजे त्यारे प्रभुमय, मन मने छेल्ली घडी

हाथ-पग निर्बळ बने ने, श्वास छेल्लो संचरे
ओ दयाळु ! आपजे, दर्शन मने छेल्ली घडी

हुं जीवनभर सळगी रह्यो, संसारनां संतापमां
तुं आपजे शांतिभरी निंद्रा मने छेल्ली घडी

अंत समये आवी मुजने, ना दमे घट दुश्मनो
जाग्रत पणे मनमां रहे...तारुं स्मरण छेल्ली घडी

ન જાને કબ જિંદગીકી શામ આ જાયે,
ન જાને કબ મૌત કા પૈગામ આ જાયે,
વો ઘડી તો મૈં નહીં જાનતા પ્રભુ, પર..
ઉસ વક્ત મેરી જુબા પે તેરા નામ આ જાયે...



gayak-stavan.pm6,mch2,8

# एक ज दे चिनगारी...

एक ज दे चिनगारी, महानल ! एक ज दे चिनगारी.

चकमक लोढुं घसतां घसतां, खर्ची जिंदगी सारी
जामगरीमां तणखो न पड्यो, न फळी महेनत मारी...

चांदो सळग्यो, सूरज सळग्यो, सळगी आभ अटारी,
ना सळगी एक सगडी मारी, वात विपतनी भारी !...

ठंडीमां मुज काया थथरे, खूटी धीरज मारी...
विश्वानल ! हुं अधिक न मागुं, मागुं एक चिनगारी...

# आपण सौए हरतां फरतां पिंजरा...

आपण सौए हरतां फरतां पिंजरा, आपण सौए हरतां फरतां पिंजरा
उपर बनाव्यो मोर रुडो ने, भीतर भर्या छे नर्या चींथरा..आपण

पंडना पिंजरे पंडे पुराणो, हंसलो कामणगारो (२)
कोइनो लावेलो चारो ए चरतो, छोडीने मोतीनो चारो (२)
छो ने बनाव्यो महेल रुडो पण भीतरमां भर्यां थी ठींकरा...

नहीं आरो नहीं ओवारो अेवो, संसार सागर खारो (२)
तरीने डूबवुं के डूबीने तरवुं, वारा फरती वारो
सागर केरुं नाम धर्युं पण, नीर जुओ तो अेना छीछरां...



# आंखडीये शत्रुंजय दिठो रे...

आंखडीये रे में आज शत्रुंजय दीठो रे,
सवालाख टकानो दहाडो रे, लागे मने मीठो रे,

सफल थयो रे मारा मननो उमाहो, भवनो संशय भांग्यो रे,
नरक तिर्यंचगति दूर निवारी, चरणे प्रभुजीने लाग्यो रे,

मानवभवनो ल्हावो लीजे देहडी पावन कीजे रे,
सोनारुपाने फूलडे वधावी, प्रेमे प्रदक्षिणा दीजे रे.

दूधडे पखाळीने केशर धोळी, श्री आदीश्वर पूज्या रे,
श्री सिध्धाचल नयणे जोता, पाप मेवासी धूज्या रे

श्रीमुख सुधर्मा सुरपति आगे, वीरजिणंद एम बोले रे
त्रण भुवनमां तीरथ मोटुं, नहि कोइ शत्रुंजय तोले रे

इन्द्र सरीखा ए तीरथनी, चाकरी चित्तमां चाहे रे,
कायानी तो कासल काढी, सूरजकुंडमां नाहे रे

कांकरे कांकरे श्री सिद्धक्षेत्र साधु अनंता सिध्या रे
ते माटे ए तीरथ मोटुं, उद्धार अनंता कीधा रे

नाभिराया सुत नयणे जोतां, मेह अमीरस वूठया रे,
'उदयरत्न' कहे आजे मारे पोते श्री आदीश्वर तूठया रे



gayak-stavan.pm6,mch2,9

# अंतरनी आरझु...(तर्ज : करती हुं तुम्हारा व्रत)

अंतरनी आरझु मारी स्वीकार करी ल्यो
संसारनां सागरथी नैया पार करी द्यो
ओ महावीर स्वामी...ओ अंतरयामी...

तारा विना छे जींदगीमां खूब निराशा
हैये रमे छे एक तमारा प्यारनी आशा
मनडानां शमणां मारा साकार करी द्यो, संसारना...

आवी रहे छे जींदगीमां पापनी आंधी
जोजो ना तूटे प्रीतनी में दोर जे बांधी
भूली जइ भूलो मारी, मने पार करी द्यो, संसारना...

तारी अने मारी वच्चे छे केटली दूरी !
जंजीर आ कर्मो तणी मारी छे मजबुरी
मुरझायेलां जीवनमां शणगार करी द्यो, संसारना...

चाली चालीने एकलो हुं तो गयो थाकी
कोण जाणे केटलो हजु पंथ छे बाकी
दयाना दीप प्रगटावी उद्धार करी द्यो, संसारना...

મને ભલો મારો આ સાંવરીયો,
જેની ભક્તિનો સ્વાદ સાકરીયો



# ऐसी दशा हो भगवन्...

ऐसी दशा हो भगवन ! जब प्राण तनसे निकले
गिरिराज की हो छाया...मन में न होवे माया
तपसे हो शुद्ध काया...जब प्राण तनसे निकले...ऐसी...

उरमें न मान होवे...दिल एक तान होवे
तुम चरण ध्यान होवे...जब प्राण तनसे निकले...ऐसी...

संसार दु:ख हरना...जैन धर्मका हो शरणा
वो कर्म-भर्म खरनां...जब प्राण तनसे निकले... ऐसी...

अनशन को सिद्धवट हो...प्रभु ! आदिदेव घट हो
गुरुराज भी निकट हो...जब प्राण तनसे निकले...ऐसी...

यह दान मुजको दीजे...इतनी दया तो कीजे
अरजी तिलककी लीजे जब प्राण तनसे निकले...ऐसी...

સ્વાર્થી બની ઘમંડમાં કહેતો, બધું જ મારૂં મારૂં,
પ્રભૂની દયા થી મળ્યું છે, માનવ કાંઇ નથી તારૂં,
સંસારમાંથી સુખો મેળવવા ફોગટ વલોવ્યું પાણી,
ત્યાગ જેવું કોઇ સુખ નથી, એ છે સંતોની વાણી...



gayak-stavan.pm6,mch2,10

# अब सोंप दिया...

अब सौंप दीया इस जीवनको, भगवान तुम्हारे चरणोमें
में हुं शरणागत प्रभु तेरा, रहे ध्यान तुम्हारे चरणोमें

मेरा निश्चय बस एक वही, में तुम चरणोंका पूजारी बनुं
अर्पण कर दूं दुनियाभरका, सब प्यार तुम्हारे चरणोंमें...

में जगमें रहुं तो ऐसे रहुं, ज्युं जलमें कमलका फूल रहे
हे मन, वच, काय हृदय अर्पण, भगवान तुम्हारे चरणोमें...

जहां तक संसारमें भ्रमण करुं, तुज चरणोंमें जीवनको धरुं
तुम स्वामी मैं सेवक तेरा, धरुं ध्यान तुम्हारे चरणोमें...

मै निर्भय हुं तुम चरणोमें, आनंद मंगल है जीवनमें
रिद्धिसिद्धि और संपत्ति, मिल जायें तुम्हारे चरणोंमें...

मेरी इच्छा बस एक प्रभु, एक बार तुजे मिल जाउ मैं
इस सेवककी हर रगरगका, हो तार तुम्हारे हाथोमें...

હૈયું જેમાં શ્રધ્ધા કરે, બુદ્ધિ એમાં શંકા કરે,
આત્મા કે'છે ફરવું નથી, બુદ્ધિ કે છે તરવું નથી,
યા તો પુરૂં જ્ઞાન ભલું, અથવા તો અજ્ઞાન ભલું,
દેહ પીંજરનું આત્મ પંખી, ઝંખે ક્યારે પ્રભૂને મળું !



# एक दिन पुंडरिक...

एकदिन पुंडरिक गणधरु रे लाल,
पूछे श्री आदिजिणंद सुखकारी रे,
कहीए ते भवजल उतरी रे लाल,
पामीश परमानंद भववारी रे...एक दिन

कहे जिन इण गिरि पामशो रे लाल,
ज्ञान अने निरवाण जयकारी रे,
तीरथ महिमा वधशे रे लाल,
अधिक अधिक मंडाण निरधारी रे...एक दिन

इम निसुणीने इहां आवीया रे लाल,
घाति करम कर्या दूर तमवारी रे,
पंचक्रोड मुनि परिवार्या रे लाल,
हुआ सिद्धि हजुर भववारी रे...एक दिन

चैत्रीपूनम दीने कीजीये रे लाल,
पूजा विविध प्रकार दिलधारी रे,
फळ प्रदक्षिणा काउसग्ग रे लाल,
लोगस्स थइ नमुक्कार नरनारी रे...एक दिन

दश वीश त्रीश चालीश भलां रे लाल,
पचास पुष्पनी माळ, अतिसारी रे,
नरभव लाहो लीजीये रे लाल,
जेम होय ज्ञान विशाल मनोहारी रे...एक दिन



gayak-stavan.pm6,mch2,11

# एकज अरमान छे मने...

एकज अरमान छे मने, मारुं जीवन सुगंधी बने

फूलडां बनुं के भले धूपसळी थाउं,
आशा छे सामग्री पूजानी थाउं,
भले काया आ राख थइ शमे...मारुं जीवन सुगंधी बने

तडकाछाया के वा'वर्षानां वायरा,
तोये आ कुसुमो कदी न करमाया,
प्रभुचरणोमां रहेवुं गमे...मारुं जीवन सुगंधी बने

वातावरणमां सुगंध न समाती
जेमजेम सुखड ओरसीये घसाती
प्रभु काजे घसावुं गमे...मारुं जीवन सुगंधी बने

जगनी खाराश बधी उरमां शमावे,
तोये सागर मीठी वर्षा वरसावे
सदा भरती ने ओटमां रमे...मारुं जीवन सुगंधी बने

**રહે ભાવના એવી સદા કે સરળ સત્ય વ્યવહાર કરો,**
**જીવનમાં હંમેશ વિચાર, વાણી, વર્તનમાં પરોપકાર કરો,**
**માટે, બચી જાય આવતી પેઢી એવા કામ કરી જજો,**
**તમે બનીને સુમન, જગતમાં પરીમલ ફેલાવી જજો.**



# आतो जनम जनमना फेरा...

आतो जनमजनमना फेरा, आतो जनमजनमना फेरा
आज अहीं तो काल न जाणे क्यां पडशे आ डेरा...

मोघों मानवजन्म मळ्यो ने अवसर केवो खोयो
प्रभुभक्ति विसारी दइने माया रंगे तुं मोह्यो
घडपणमां गोवींद भजीशुं ख्याल अे मृगजळ केरा..आतो

सत्य अहिंसा प्रेमधर्मनो दीधो संदेशो वीरे
मार्ग अे महावीर प्रभुनो भूलायो धीरे धीरे
तृष्णा, ममता, माया मांहि फरतां भवोभव फेरा..आतो

परमधर्मनो पूनित दिवडो प्रगटावो जीवनमां
मिलन झंखो सदाये वीरनुं, भक्ति हो तनमनमां
भवोभव फेरा मीटावी दइने, मोक्ष तणा हो डेरा..आतो

**માનવ ભવ દુર્લભ છે-આ સજીવસૃષ્ટિમાં,**
**માત્ર મનુષ્યને બુધ્ધિ મળી છે, માટે તેનો યોગ્ય**
**ઉપયોગ કરી જીવનમાં ધર્મી-કર્મી બનજો,**
**ધર્મ એ ઢાલ છે, ધર્મ બચાવશે..જ**



gayak-stavan.pm6,mch2,12

# ओ पालनहारे...(तर्ज : लगान)

ओ पालनहारे, निर्गुन और न्यारे,
तुमरे बिन हमरा कोनुं नाही,
ओ जिनवर प्यारे, निर्गुन और न्यारे,
तुमरे बिन हमरा कोनुं नाही

हमरी उलजन सुलझाओ भगवन, तुमरे बीन हमरा कोनुं नाही
तुम हमको हो संभाले, तुम्ही हमरे रखवाले...तुमरे बीन

चंदामें तुम्ही तो भरे हो चांदनी, सुरजमें उजाला तुम्हीं से
ये गगन है मगन, तुम्हीं तो दिये हो ये सीतारें
भगवन् ये जीवन, तुम्हीं ना संवारोगे तो क्या कोई सवांरे ?

जो सुनो..तो कहे, प्रभुजी हमरी है बीनती,
तुम हमको धीरज दो, हारे नहीं हम कभी दु:खसे,
हम निर्बल है-रक्षा दो, रह पाये हम भी सुखसे

भक्ति दो-शक्ति दो (२)
जगके जो स्वामी हो, इतनी तो अरज सुनो
है पथमें अंधियारे दे दो वरदान में उजीयारें..ओ पालनहारे

प्रभु સિવાય આપણને કોણ ઉગારનાર છે ?



# ऐसी लागी लगन...

हैं आंख वो जो श्यामका दर्शन कीयां करें
है शीष जो प्रभुचरणमें वंदन दिया करें
बेकार वो मुख है जो रहे व्यर्थ बातो में
मुख तो है जो हरीनामका सुमीरन कीया करे
हिरे मोतीसे, नहीं शोभा है हाथकी
है हाथ जो भगवानका पुजन कीया करें
मरकरभी अमर नाम ऊस जीवका है जगमें
प्रभुप्रेममें बलीदान जो जीवन दीया करें

ऐसी लागी लगन मीरां हो गई मगन
वो तो गली गली हरी गुन गाने लगी
महेलोमें पली बनके जोगन चली
मीरां रानी दिवानी कहाने लगी

कोई रोके नहीं कोई टोके नहीं
मीरां गोवींद गोपाल गाने लगी
बैठे संतोके संग, रंगी मोहनके रंग
मीरां प्रेमी प्रीतमको मनाने लगी..वो तो गली गली हरी गुण

रानाने विष दिया, मानो अमृत पीया
मीरां सागरमें सरीता समाने लगी
दु:ख लाखो सहे मुखसे गोवींद कहे
मीरां गोवींद गोपाल गाने लगी...वो तो गली गली हरी गुण



gayak-stavan.pm6,mch2,13

# अनंतनाथ प्रभु...(तर्ज : देख तेरे संसारकी हालत)

अनंतनाथ प्रभु नाम छे तारुं अनंत गुण भंडार
मुजने भवजल पार उतार...मुजने  भवजल पार उतार
अनंत सुखमां तुं प्रभु राचे अनंत छे तुज ज्ञान
मुजने भवजल पार उतार...मुजने  भवजल पार उतार

कोइ जन्ममां आपण बन्ने, रम्या हशुं कंइ नवनव रंगे
आज प्रभु तुं छे प्रभुताए, रझळी रह्यो हुं माया संगे
तारी मारी प्रीत पुराणी, भुलाय ना जीनराज...मुजने

अनंतज्ञाननां छे तुज दरिया, वरसावे जो तुं वादळीया,
अनंत जीवने ते प्रभु तार्या, भवसागरने पार तराव्यां
मारी प्यास बुझावो जीनवर, एक बिंदुनी आश...मुजने

श्री सिंहसेन तणा कुलराया, सुयशामाताना तुं जाया,
तुजवीण नहीं मने कोइ सहारा, नयनो तलसे दर्शन तारा,
मुक्तिकिनारे जावा प्रभुजी, मांगु छुं तुज साथ...मुजने

श्री जैन संयुक्त मंडळ गावे, करजोडी विनवे छे भावे,
आ भववनने वाटे घाटे, शरण चरण तारुं प्रभु चाहे,
अजरामर पद चाहुं जीनवर, देजे दीनदयाळ...मुजने



# आवशे ए काळ...(तर्ज : दुनिया में हम आये है)

आवशे ए काळ क्यारे, कंइये कहेवायना
दीपक बुझाशे क्यारे, समजी शकाय ना...आवशे

जींदगीने महेल मानी, रच्यो पच्यो रह्यो महीं
पानानो महेल छे ए मने खबर पडी नहीं,.
खबर नही आ महेलनां, नही करवा भरोसा...दिपक

प्रमाद अने प्रपंचमां में जीवन विताव्युं,
तोफान एक आव्युं ने में सर्व गुमाव्युं,
समजायुं पछी साचुं, तारे द्वार चड्यो ना...दिपक

जीवन दीपकनी ज्योत धीमीधीमी थती गइ,
घडपण मने आव्युने, वळी उंमर वधी गइ,
परभवनुं हुं तो भातु, कंइ बांधी शक्योना...दिपक

जैन संयुक्त मंडळ कहे छे, एवो छे ए महेल,
एमां फसाया पछी आ भव तरवो छे मुश्केल,
छुटवा एमांथी साची छे, जीनवरनी सेवना...दिपक

**ઘડીયાળ 'ટકટક' કરે છે પણ,**
**જો સમજો તો જીવન 'કટકટ' કરે છે.**



gayak-stavan.pm6,mch2,14

# अेकलां ज आव्यां...

अेकलां ज आव्यां मनवा एकलां जवानां,
साथी विना, संगी विना, एकलां जवानां,
आपणे बे एकलां ने किरतार एकलो,
एकला जीवोने छे ए आधार एकलो,
एकला रहीये भले, वेदना सहीये भले,
पोतानां ज पंथे भेरु पोताना विनाना...साथी विना...

काळजानी केडीये, काया ना साथ दे,
काळी काळी रातडीये, छाया ना साथ दे,
काया ना साथे दे भले, माया ना साथ दे भले
अेकलां रहीने भेरु थावुं रे बधाना...साथी विना...

**ન પૂછો હું વિશ્વમાં કેવો નિરાધાર હતો,
જીવવું દુષ્કર હતું, એટલો લાચાર હતો,
આધાર વગર જીવન તો કોણ જીવી શકે ?
મર્યો તોયે બજાને ખભે મારો ભાર હતો.**



# एक बार मुखडो बताओ...

एक बार मुखडो बताओ दीनानाथजी
थोरी मोहनी मुरत लागे प्यारी, आदेश्वर अरज सुणो...

सिद्धाचल रा राजा, थे तो विमलाचल रा राजा,
मरुदेवी रा लाडका लाल, आदेश्वर अरज सुणो...

युगलाधर्म निवारक दादा, भव तारक भगवान रे,
मारा वालाजी सुणंदा रा कंथ, आदेश्वर अरज सुणो...

बाहुबलीने तार्या दादा, भरतजीने तार्या,
मारी नाव लगावो भवपार, आदेश्वर अरज सुणो...

दादा थोने मालुम होवे, थोरे चरणे आयो हो,
नही रे भुलोला थोरा उपकार, आदेश्वर अरज सुणो...

कोयलियाभी बोले मीठा मोरालीयाभी बोले,
थोरो बाळ करे रे पुकार, आदेश्वर अरज सुणो...

**શક્તિ જેની ઉંચી એને નીચાં ધ્યેય ન શોભે,
ક્ષણભંગુરી સિદ્ધિઓમાં માનવ શાને લોભે ?
મોક્ષ નગરની અમર અટારી ત્યાં મળે છે મુક્તિ,
પૂરૂષાર્થની પગદંડીએ કરતાં જાઓ પ્રભુની ભક્તિ**



gayak-stavan.pm6,mch2,15

# आ छे अणगार...

(तर्ज : जहां डाल डाल पर सोनेकी चीडीयां)

> अज्ञानतिमिरान्धानां ज्ञानंजन शलकया,
> नेत्रंउन्मिलितं येन, तस्मै श्री गुरवे नम:

जेना रोमरोमथी त्याग अने संयमनी विलसे धारा,
आ छे अणगार अमारा...

दुनियामां जेनी जोड जडे ना एवुं जीवन जीवनारा,
आ छे अणगार अमारा...

सामग्री सुखनी लाख हती, स्वेच्छाओ एणे त्यागी,
संगाथ स्वजननो छोडीने, संयमनी भिक्षा मांगी,
दीक्षानी साथे पांच महाव्रत अंतरमां धरनारा,
आ छे अणगार अमारा...

ना पंखो वींझे गरमीमां, ना ठंडीमां कदी तापे,
ना काचाजळनो स्पर्श करे, ना लीलोतरीने चांपे,
नानामांनाना जीवतणुं पण संरक्षण करनारां,
आ छे अणगार अमारा...

जूठुं बोलीने प्रिय थवानो, विचार पण ना लावे,
या मौन रहे, या सत्य कहे, परिणाम गमे ते आवे,
जाते ना ले कोइ चीज कदी, जो आपो तो लेनारा,
आ छे अणगार अमारा...



ना संग करे कदी नारीनो, ना अंगोपांग निहाळे,
जो जरुरु पडे तो वात करे, पण नयनो नीचां ढाळे,
मनथी, वाणीथी, कायाथी व्रतनुं पालन करनारां,
आ छे अणगार अमारा...

ना संग्रह एने कपडांनो, ना बीजा दिवसनुं खाणुं,
ना पैसा एनी झोळीमां, ना एना नामे थाणुं,
ओछामां ओछां साधनमां संतोष धरी रहेनारा,
आ छे अणगार अमारा...

ना छत्र धरे कदी तडकामां, ना फरे कदी वाहनमां,
मराग हो चाहे कांटाळो, पहेरे ना कांइ पगमां,
हाथेथी सघळा वाळ चुंटी, माथे मुंडन करनारा,
आ छे अणगार अमारा...

कल्याण जीवोनुं करवा काजे, विचरे देशे-देशे,
ना रायरंक, ना ऊंचनीच, सरखा सौने उपदेशे,
अपमान करो या सन्मानो, समता भावे रहेनारा,
आ छे अणगार अमारा...

ना देह तणी दरकार करे, अघरा तपने आचरता,
अभ्यास, क्रिया ने भक्तिथी आतमने उन्नत करता,
आराधनामां आयुष्य वीतावी, उच्चगति वरनारां,
आ छे अणगार अमारा...



gayak-stavan.pm6,mch2,16

## आंखडी मारी... (तर्ज : दिल के अरमां आंसूओं में)

आंखडी मारी प्रभु हरखाय छे,
ज्यां तमारा मुखनां दर्शन थाय छे, आंखडी मारी...

पग अधिरां दौडतां देरासरे,
द्वारे पहोचुं त्यां अजंपो जाय छे, आंखडी मारी...

देवनुं विमान जाणे उतर्युं,
एवुं मंदिर आपनुं सोहाय छे. आंखडी मारी...

बस तम्हारा मुखने जोयां करुं,
लागणी एवी हृदयमां थाय छे. आंखडी मारी...

मुखडुं जाणे पूनमनो चंद्रमां,
चित्तमां ठंडक अनेरी थाय छे. आंखडी मारी...

चांदनी जेवी प्रतिमा आपनी,
तेज ओनुं चौतरफ रेलाय छे. आंखडी मारी...

જો તારા એક વેળા દર્શન પામું, જનમ સફળ બની જાય,
જુગ જુગથી જે પાતક બાંધ્યા, ક્ષણ ભરમાં છૂટી જાયેં.



## ओ सर्जनहारा...

नोखां नोखां लेख बधाना नोखो भाग्यनो धारो,
कोइना भागे दरीयो चीतर्यो, कोइना भागे किनारो

हे सर्जनहारा शाने सर्जी ते मेळाप पछी जुदाई ?!
मेळाप पछी जुदाई...मेळाप पछी जुदाई...

मीठी लागे छे मनडाने मीलन केरी घडी, घडी
पण वियोगनी क्षण लागे छे एक एक युग जेवडी
घडनारो तुं एकज न केम नोखी नौखी घडाई ?...मेळाप

हैयां केरां घाव हजी तो नथी जराये रुजाया,
वसंत पछी आ पान खरना केम वायरां वाया ?
रीत आ तारी ओ रखवाळां अमने ना समजाई...मेळाप

કોઇ સ્મિતે સ્મિતે સળગે છે, કોઇ રડીને દિલ બહેલાવે છે,
કોઇ ટિપે ટિપે તરસે છે, કોઇ જામ ભર્યા છલકાવે છે,
સંજોગના છે ખેલ બધા, દરિયાને ઠપકો ના દેવો,
તરતો માણસ ડુબે છે, કોઇ લાશ તરીને આવે છે.



gayak-stavan.pm6,mch2,17

# इतनी शक्ति हमें देना...

इतनी शक्ति हमें देना दाता, मनका विश्वास कमजोर हो ना
हम चले नेक रस्ते पे हमसे, भूलकर भी कोई भूल हो ना...

दूर अज्ञानके हो अंधेरे, तूं हमें ज्ञानकी रोशनी दे...
हर बुराइसे बचकर रहे हम, जितनी भी दे भली जिंदगी दे...
वैर हो ना किसीका किसीसे, भावना मनमें बदलेकी हो ना..
हम चले नेक रस्ते पे हमसे, भूलकर भी कोई भूल हो ना...

हम न सोचें हमें क्या मिला है, हम ये सोचे किया क्या है अर्पण
फुल खुशीयोंके बांटे सदा हम, सबका जीवन बन जाये मधुवन
अपनी करुणाका जल तूं बहाके,
करदे पावन हरइक मनका कोना...
हम चले नेक रस्ते पे हमसे, भूलकर भी कोई भूल हो ना...

કઠીન કર્મકે ઢેરમેં ભી પ્રભૂભક્તિ આગ લગા દેતી હૈ,
જીનરાજકી ભક્તિ-આત્માકો વિતરાગ બના દેતી હૈ,
સંસારમેં રહકર ઇન્સાન ભગવાનકો ભૂલ જાતા હૈ !!
સમજલે જનમોંકા પાપમેલ પ્રભૂભક્તિસે ધૂલ જાતા હૈ



# ऊंची मेडी ते मारा...

ऊंची मेडी ते मारा संतनी रे, मेंतो माणी न जाणी राम
हो राम...ऊंची मेडी ते मारा संतनी रे...

अमने ते तेडां शीद मोकल्यां, हे मारो पिंड छे काचो राम,
मोंघा ते मूलनी मारी चूंदडी, में तो माणी न जाणी राम...
हो राम...ऊंची मेडी ते...

अडधां पहेर्यां, अडधां पाथर्यां, अडधां उपर ओढाडयां राम,
चारे छेडे ते चारे जणा, दोरी डगमग जाये राम
हो राम...ऊंची मेडी ते...

नथी तरापो, नथी तुंबडां, हे नथी उतर्यानो आरो राम,
नरसिंहमहेताना स्वामी शामळा, प्रभु ! पार उतारो नाव.
हो राम...ऊंची मेडी ते...

સેવા પરમ ધર્મ છે, માન ન તું હાશ,
પારસમણી છે હાથમાં, તોય નાખેં તું પાશ,
પોતાની બુધ્ધી ન વાપરે, કરે તું પારકી આશ
કામધેનું આંગણ છે ને, માનવી તું માંગેં છાશ.



gayak-stavan.pm6,mch2,18

# ऊँचा ऊँचा रे दादा तारा...

ऊँचा ऊँचा रे दादा तारा, डुंगरा रे लोल,
डुंगर उपर बोले झीणा मोर पुजनमां वहेला आवजो रें लोल

पहेलो कागळ रे, पालीताणा मोकल्यो रे लोल, (२)
देजो मारा आदिनाथने हाथ पुजनमां वहेला आवजो रें लोल

बीजो कागळ रे, शंखेश्वर मोकल्यो रे लोल, (२)
देजो मारा पार्श्वनाथने हाथ पुजनमां वहेला आवजो रें लोल

त्रीजो कागळ रे, गीरनार मोकल्यो रे लोल, (२)
देजो मारा नेमजीने हाथ पुजनमां वहेला आवजो रें लोल

चोथो कागळ रे, पावापुरी मोकल्यो रे लोल, (२)
देजो मारा वीर प्रभुने हाथ पुजनमां वहेला आवजो रें लोल

पांचमो कागळ रे, ________ मोकल्यो रे लोल, (२)
देजो मारा ________ ने हाथ पुजनमां वहेला आवजो रें लोल

ઉંઘવા માટે સંતાનને માંની ગોદ મળતી હોય તો,
ગાદી એને પસંદ નથી પડતી એમ ધર્માત્માને,
પરમાત્માના ચરણે ઉપાસના મળતી હોય તો,
સંસારના શરણે આકર્ષણ લાગતું નથી.



# कूदरत नो छे न्याय सनातन...

कुदरतनो छे न्याय सनातन, आप्युं अेवुं मळशे,
वसुंधरामां अेज प्रमाणे, वाव्युं तेवुं फळशे

पूर्वजन्ममां शालिभद्रे, दिधुं खीरनु दान (२)
बीजा भवमां रिद्धी पाम्या, पाम्या सुख महान,
साची छे कहेवत अेवी के (२) ठार्या अेवा ठरशे,
वसुंधरामां अेज प्रमाणे, वाव्युं तेवुं फळशे...कुदरतनो

पूर्वे कोईना कानमां सिसू रेड्युं वीर भगवाने, (२)
तेथी तो भरवाडे केवी शुलो भोंकी काने (२)
आ भवमां नही तो परभवमां (२) देवुं चुकववुं पडशे,
वसुंधरामां अेज प्रमाणे, वाव्युं तेवुं फळशे...कुदरतनो

बावळ वावीने कोई मूरख केरीनुं फळ मांगे
ठेर ठेर कंटक रोपीने फुलनी आशा बांधे,
झेर हळाहळ घुट्यां हशे तो (२) अमृत क्यांथी मलशे ?
वसुंधरामां अेज प्रमाणे, वाव्युं तेवुं फळशे...कुदरतनो

જેવી કરે છે કરણી તેવી તુરંત ફળે છે,
બદલો બુરા ભલાનો અહીંનો અહીં મળે છે



gayak-stavan.pm6,mch2,19

## कर्मो करेलां...(तर्ज : अे, मेरी आँखो के पहले स्पने)

कर्मो करेलां मुजने नडे छे, हैयुं हिबकां भरीने रडे छे:
जीववा चाहुं तो जीवातुं नथी, मरवा मथुं तो मरातुं नथी

कोइ जन्मे करम, में हसीने कर्या,
आंसुडां आज मारा नयनमां भर्यां
में प्रयासो कर्या माणवा जिंदगी,
कर्म मुजने सफळ न थवा दे कदी: ...कर्मो करेलां

जिंदगी ना मळे मोत आवे अगर,
मोत पण ना मळे कर्म तूट्या वगर,
जाण न्हो'ती मने आ परिणामनी,
तो करत नहि हुं संगत बूरा कामनी ...कर्मो करेलां

**કર્મબંધન માટે માણસ સ્વતંત્ર છે જ પણ કર્મોનો ઉદય થાય ત્યારે પરવશ હોય છે, માટે કર્મ એવાં કરો જેનાં ફળ સહન કરવામાં દુભાઇયે નહીં. વિચાર, વાણી અને વર્તનમાં સતર્ક સાલસ અને સરળ રહેનાર મનુષ્ય ગફલત કરતો નથી.**



## कोयडो छे अलबेलो करमनो...

कोयडो छे अलबेलो, करमनो कोयडो छे अलबेलो (२)
हेजी, एने उकेलवो नथी सहेलो करमनो कोटडो छे अलबेलो

एक माताने पुत्र बे एमां, एक चतुर एक घेलो,
एकने मांगे पाणी न मळतुं, बीजाने दूधनो रेलो...करमनो रे

महान तपस्वी वीरप्रभुने पण उपसर्ग ऐवो नडेलो,
गोवाळे कानमां खीला खोड्या त्यारे नीजनो दोष गणेलो..

चंदनबाळा एक राजकुमारी, धरम एने वरेलो,
कंचनकाया एनी चौटे वेंचाणी त्यारे, आतम एनो रडेलो..

अरणीक मुनिजीए दीक्षा लीधी ने बन्या गुरुनो चेलो,
कामीनीनां नयनबाणे, वैरागी संतने विंधेलो...करमनो रे

करमने नहीं शरम आवे, होय भलेने तुं भणेलो,
गुरुनुं कर्युं गुरुजी भोगवे, चेलानुं भोगवे चेलो...करमनो रे

मानवतननी मूडी मळी छे, भर तुं धरमनो थेलो,
हवे तो जागीजाने जीवनमां, शाने हजीये तुं सूतेलो...

**પૂર્વ ભવના કર્મો આ ભવે પણ ભોગવાના હોય છે, માટે, 'રકમ ખોટી એનો દાખલો ખોટો એ યાદ રાખજો.'**



gayak-stavan.pm6,mch2,20

# कोना रे सगपण...

कोना रे सगपण कोनी रे माया जीव रह्यो लोभाइ रे
तारुं संसारमां कोइ नथी, तारी साची धर्म सगाइ रे

श्रेणीकरायने पींजरे पुर्यो, कोणिके राज्य लोभाइ रे
पुत्रे पिताने घणुं दुःख ज दीधुं, क्यां गइ पुत्र सगाइ रे...

भरत बाहुबलिए राज्यने माटे मांडी छे मोटी लडाइ रे
चक्र मुक्युं नीज भाइनी माथे, क्यां गइ भातृ सगाइ रे...

मदनरेहा वश मोहयो मणिरथ, मार्यो युग बहु भाइ रे
विषय कषायमां मदन बनीने, क्यां गइ भाइनी सगाइ रे...

ब्राहिमणि निज पुत्रने वेंचे धनने अर्थे लोभाइ रे,
अमरकुमारने मारवा काजे क्यां गइ पुत्र सगाइ रे...

सूर्यकान्ताओ परदेशीने मार्यो, गळे अंगूठो दबाइ रे,
श्रेयक श्रेणीमां भगवंते भाख्यु क्यां गइ पत्नी सगाइ रे...

शेठाणी निज शेठने नांखे ऊंडा कुवानी माहीं रे,
कर्मतणी जो जो विचित्रता क्यां गइ पतिनी सगाइ रे...

चूलणी निज पुत्रने बाळे लाखनुं घर बनाइ रे,
विषयमां अति मस्त बनीने क्यां गइ पुत्र सगाइ रे...

कोनी रे माता कोना रे पिता कोना भाइ भोजाइ रे
विनयविजय पंडित एम बोले साची धर्म सगाइ रे...



# कभी प्यासे को..(तर्ज : तुम अगर साथ देने का वादा)

कभी प्यासेको पानी पिलाया नहीं,
बाद अमृत पिलानेसे क्या फायदा ?
कभी गिरते हुये को उठाया नहीं,
बाद आसूं बहानेसे क्या फायदा ? कभी प्यासे को...

मै मंदिर गया सेवापुजा भी की,
पुजा करते हुये ये खयाल आ गया,
कभी माँ-बापकी सेवा की ही नहीं,
पुजा कितनी भी करली तो क्या फायदा ? कभी प्यासे को...

मैं उपाश्रय गया गुरु वाणीसुणी,
गुरुवाणीको सुन ये खयाल आ गया,
जैनकुल में जनम, धर्मी बन न सका,
सिर्फ जैनी कहलानेसे क्या फायदा ? कभी प्यासे को...

मैंने तप जप किया, दान धर्म किया,
दान करते हुये ये खयाल आ गया,
कभी भूखेकों भोजन कराया नहीं,
दान लाखोंका करलूं तो क्या फायदा ?कभी प्यासे को...

નયન અશ્રૂ સારે ત્યારે દુઃખ ધોવાય છે-
હૃદય અશ્રૂ સારે ત્યારે પાપ ધોવાય છે.



gayak-stavan.pm6,mch2,21

# कर्युं ज्यां काव्यनुं...(तर्ज सुहानी चांदनी रातें...)

कर्युं ज्यां काव्यनुं सर्जन, तमे आधार थइ बेठां,
निहाळ्युं विश्व में नजरें सहु सथवार थइ बेठां

दिठा में तीर्थनां धामो फर्यो हुं नवा नवा गामो (२)
पूछी में आपनी खबरों, कहे के मोक्षे जई बेठां...कर्युं ज्यां...

हशे शुं केटलुं अंतर, बतावो मोक्ष नगरीनुं ! (२)
बतावे कोण कहो मुजने, सहु लाचार थई बेठां !...कर्युं ज्यां..

हशे संसारमां रहेवुं लखायुं जो हशे रहेशुं (२)
ऊगरवुं हाथ तारे छे, अमे तारा थई बेठां...कर्युं ज्यां...

વાણી તમારાં ગીત ગાઇને આજ મનભાવની બની,
આંખો તમારાં રૂપ જોઇને, પૂનિત પાવની બની,
સ્થિર બન્યું મનડું મારૂં, આજ તજીને ચંચળતા,
તમને નમન કરતાં, પ્રભૂ-પામ્યો તનમનમાં સફળતા.



# कसमें वादें प्यार वफा...(उपकार)

कसमें, वादें, प्यार, वफा सब बातें हैं बातोंका क्या ?
कोइ कीसीका नहीं है, जुठे नाते है, नातोंका क्यां ?

सुखमें तेरे साथ चलेंगें, दु:खमें सब मुंह मोडेंगे,
दुनियावालें तेरे बनकर तेरा ही दिल तोंडेंगे,
देते है...(२) भगवानको धोका, इन्सांको क्या छोडेंगे ?
कसमे, वादे, प्यार, वफा

होगा मशीहा सामने तेरे, फीरभी न तुं बच पायेगा,
तेरा अपना खून ही आखीर, तुजको आग लगायेगा,
आसामान में...(२) उडने वाले मीट्टी में मिल जायेगा...
कसमे, वादे, प्यार, वफा

વાડી બધી વસુંધરાને વૈભવ તારા ચાલ્યા જશે,
ભાઇ-ભગિની-ભામની, રોતા એક દિન થઇ જશે,
રૂડો ચમકતો દેહ તારો, માટીમાં માટી થઇ જશે,
અને, નાટક સમી આ જિંદગીનો ખેલ પૂરો થઇ જશે.



gayak-stavan.pm6,mch2,22

# खम्मा रे खम्मा...(महावीर स्वामी)

खम्मारे खम्मा मारा वीरजीने खम्मा,
त्रिशला कुखे वीरजी जनमीयाजी हो...(२)

घणी घणी खम्मा मारा वीरजीने खम्मा,
सीध्धारथना नंदजी जनमीया जी हो...(२) खम्मा...

पहेलो रे परचो इन्द्र मा'राजाने दिधो (२)
अंगुठाथी मेरु कंपावीयो जी हो...(२) खम्मा...

बीजो रे परचो देव मीथ्यात्वीने दिधो (२),
मुठ्ठी मारी मान हरावीयो जी हो...(२) खम्मा...

त्रीजो रे परचो ईन्द्र भूत्तिजीने दिधो (२)
आत्मानो भेद बतावीयो जी हो...(२) खम्मा...

चोथो रे परचो चंडकोशीयाने दिधो (२)
नवकारमंत्र सुणावीयो जी हो...(२) खम्मा...

एवो एक परचो दादा अमने रे देजो (२)
भवजल पार उतारीयो जी हो...(२) खम्मा...

> પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતાના સમ સહુને,
> પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને.



# गमे ते स्वरुपे... (तर्ज : तुम्ही मेरे मंदिर)

गमे ते स्वरुपे, गमे त्यां बिराजो,
प्रभु ! मारां वंदन, प्रभु ! मारां वंदन.
भले ना निहाळुं नजरथी तमोने,
मळे गुण तमारां सफळ मारुं जीवन...गमे ते स्वरुपे

जनम जे असंख्या मळ्यां ते गुमाव्यां,
धरम ना कर्यो के ना तमने संभार्या...आ...आ...आ
हवे आ जनममां करुं हुं विनंती,
स्वीकारो तमे तो तूटे मारां बंधन...गमे ते स्वरुपे

मने होंश एवी, उजाळुं जगतने,
किरण ना मळे मारां मनमां दीपकर्ने...आ...आ...आ
तमे तेज आपो, जले एवी ज्योति,
अमरपंथनां सौने करावे जे दर्शन...गमे ते स्वरुपे

> જોયા નથી મેં આ જનમ ધરીને, આંખો છે ઉપવાસી,
> દર્શન આપો દુઃખડા કાપો, આશા પૂરો અવિનાશી,
> જો એક વેળા દર્શન પામું, મુજ જન્મ સફળ બની જાયે,
> જુગજુગથી જે પાતક બાંધ્યા એ ક્ષણભરમાં છૂટી જાયે.



gayak-stavan.pm6,mch2,23

# गास्या गास्या रे...

गास्या गास्या रे, गुणियल गीतडां
गास्या रे पारसरा गीत, जिणंदा अलबेलो रे ।।

मुखडुं मलके रे, वामा देवी'रा लालरुं ।
झलके झलाहल ज्योत, जिणंद अलबेलो रे...गास्यां

मनोरथ फळिया रे, मूरत अलबेलडी ।
आया रे दादा रे दरबार, जिणंद अलबेलो रे...गास्यां

सुरतरु फलिया रे, पारस प्रभु भेटिया ।
झीणो-झीणो उडे रे गुलाल, जिणंद अलबेलो रे...गास्यां

देवाधिदेवा रे, कोड मारा पूरजो ।
शिवरणीरो किरतार, जिणंद अलबेलो रे...गास्यां

આપણને મળેલ ભક્તિયોગ એક એવું માધ્યમ છે, જેનાથી
મુક્તિ માર્ગે સહલાઇથી પગલાં પાડી શકાય છે.

કોને ખબર ક્યારે મળે પાછો આ ભવ માનવતણો
માટે પ્રભુને ભજીલે મનવા, સમય છે હાથમાં ઘણો.



# गुरु तमारा संगमां...

गुरु तमारा संगमां, भक्ती ने सत्संगमां,
जीवन वीती जाय, जीवन वीती जाय,
एक तमारी चाहना, बीजी कोई आशना
मम जीवन अजवाय, म्‌म् जीवन अजवाय

तरुवरनी शीळी छाया जेवो वीशाळ तुं
मीठी परबना पाणी तरस्याने पाय तुं,
पीपळानी शीळी छांयडी, तुं मीठा जळनी परबडी
सहुनी प्यास बुजाय, सहुनी प्यास बुजाय...गुरु तमारा

बोधी धारा तारी पावन, पतीतोने तारती
मुरजाती मानवताने फरी विकसावती
ज्ञाननी तुं गंगोत्री, भक्तीनी यमनोत्री,
तुं छे बद्री विशाल, तुं छे बद्री विशाल...गुरु तमारा

જ્યારે ગુરૂદેવના વચનો ઉપર વિશ્વાસ થઇ જશે,
ત્યારે જીવનમાં સાચા ધર્મની શરૂઆત થઇ જશે,
ભક્તિમાર્ગે માનવને મળશે મોક્ષની મંઝીલ,
સજીવન થાશે શ્રધ્ધા ને શ્વાસેશ્વાસે વિશ્વાસ થઇ જશે.



gayak-stavan.pm6,mch2,24

# घोर अंधारी रे रातलडीमां...

घोर अंधारी रे रातलडीमां दीठां सपनां चार (२)

पहले सपने रे दीठां मैं तो सिद्धाचलना धाम,
आवजो आवजो रे साथेमळी सहु सिद्धाचलना धाम,
नव्वाणुं करशुं रे साथे मळी सहु सिद्धाचलना धाम,
भेटवा आवजो रे, सिद्धाचलमां, आदिश्वर भगवान, घोर..

बीजे सपने रे दीठां मैं तो शंखेश्वरना धाम,
आवजो आवजो रे साथेमळी सहु शंखेश्वरना धाम,
अठ्ठम करशुं रे साथे मळी सहु शंखेश्वरना धाम,
भेटवा आवजो रे, शंखेश्वरमां, पारसनाथ भगवान, घोर..

त्रीजे सपने रे दीठां मैं तो पावापुरीना धाम,
आवजो आवजो रे साथे मळी सहु पावापुरीना धाम,
दिवाळी करशुं रे साथे मळी सहु पावापुरीना धाम,
भेटवा आवजो रे, पावापुरीमां महावीरस्वामी भगवान, घोर..

चौथे सपने रे दीठां मैं तो, गिरनार केरां धाम,
आवजो आवजो रे साथेमळी सहु गिरनार केरां धाम,
जात्रा करशुं रे साथे मळी, सहु गिरनार केरां धाम,
भेटवा आवजो रे, गिरनारजीमां नेमनाथ भगवान, घोर..



# चार शरणा...

अरिहाशरणं सिद्धाशरणं, साहुशरणं वरीए,
धम्मोशरणं पामी विनये, जिनआज्ञा शीर धरीए,

अरिहाशरणं मुजने होजो, आतमशुद्धि करवा,
सिद्धाशरणं मुजने होजो, राग-द्वेषने हणवा,

साहुशरणं मुजने होजो, संयम शूरा बनवा,
धम्मोशरणं मुजने होजो, भवोदधिथी तरवा,

मंगलमय चारेनुं शरणुं सघळी आपदा टाळे,
चिद्घन केरी डुबती नैया, शाश्वत नगरे वाळे,

भवोभवना पापोने मारा, अंतरथी हुं निंदु छुं,
सर्वजीवोनां सुकृतोने, अंतरथी अनुमोदुं छुं.

**ૐ દ્યો: શાન્તિ: । અન્તરિક્ષં શાન્તિ:**
**પૃથિવી શાન્તિ: । આપ: શાન્તિ:**
**ઔષધમ્: શાન્તિ: । વનસ્પતય શાન્તિ:**
**વિશ્વદેવા શાન્તિ: । બ્રહ્મ: શાન્તિ:**
**સર્વ શાન્તિ: ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:**



gayak-stavan.pm6,mch2,25

# चार दिवसनां चांदरडा (तर्ज : चांदसी महेबुबा...)

चार दिवसनां चांदरडा पर जुठी माया शा माटे ?
जे ना आवे संगाथे...तेनी ममता शा माटे ?

आ वैभव साथे ना आवे...प्यारां स्नेहीओ ना'आवे
तुं खूब मथे जेने जाळववा ते यौवन साथे ना आवे,
अहींनुं छे अहींयां रहेवानुं, एनी चिंता शा माटे ?...जे ना...

आ बांधेली महेलातोने...धनदोलतनुं काले शुं थाशे ?
जो जावुं पडशे अणधार्युं...मारा परिवारनुं शुं थाशे ?
सौनुं भावी सौनी साथे...तेनी चिंता शा माटे...जे ना...

सुंवाळी दोरीनां बंधन...सहु आजे प्रेम थकी बांधे
पण तूटे तंतु आयुष्यनुं...त्यारे कोइ ना सांधे,
भिड पडे त्यारे तड-तड तूटे...एवा बंधन शा माटे...जे ना...

દોલત દગો દેશે નહીં, એ વિશ્વાસ ખોટો છે,
સાથી દગો કરશે નહીં, એ વિશ્વાસ ખોટો છે,
કાયા તારી કરમાશે જ-આ શ્વાસ પણ ખોટો છે,
જો તારો વિશ્વાસ પ્રભુ પ્રત્યે હોય તો મોટો છે.



# चाली चडावे अेम...(रमकडुं)

चाली चडावे अेम चडुं ने पडुं
हुं तो तारा हाथनुं रमकडुं, प्रभु हुं तो तारा हाथनुं रमकडुं

काची माटीनुं घडीयुं पूतळुं मजानुं ने रंग बेरंगी काया सजावी,
रमवाने मोकल्युं ते तो रंगभूमिपर आडे उभो रह्यो नाच नचावी,
हसावे हसुं, ने रडावे रडुं...हुं तो तारा हाथनुं रमकडुं

तारी दिधेली चावी, पूरी थशे ने रमतुं रमकडुं आ बंध थवानुं
रंगो रुपाळां एना उडी जशे ने, माटी हतुं ते माटी थवानुं
पाछो आवीने तारा हाथमां पडुं...हुं तो तारा हाथनुं रमकडुं

શગમાં જ્યોતિ ઝળહળે, જ્યાં લગ દીવે તેલ,
પંચતત્વનું આ પુતળું ત્યાં લગ કરતું ખેલ,

રમવા માટે ઘડ્યા રમકડાં, માટીના ભાઇ ! માટીના
રમત રમે છે એ જ રમકડાં માટીના ભાઇ ! માટીના



gayak-stavan.pm6,mch2,26

# छोटी-छोटी गैयां...

छोटी छोटी गैयां, छोटे छोटे ग्वाल,
छोटोसो मेरो, मदन गोपाल,
आगे आगे गैयां, पीछे पीछे ग्वाल,
बीचमें मेरो मदन गोपाल... छोटी छोटी
कालीकाली गैयां, गोरे गोरे ग्वाल,
श्यामवरण मेरो मदन गोपाल... छोटी छोटी
क्या खाये गैयां, क्यां खाये ग्वाल ?
क्यां खाये मेरो, मदन गोपाल ?
घास खाये गैयां, दूध पीये ग्वाल,
माखन खाये मेरो, मदन गोपाल... छोटी छोटी
छोटी छोटी लकुटी, छोटे छोटे हाथ,
बंसी बजाये मेरो मदन गोपाल,
धीरे चले गैया, नाचे-कुदे ग्वाल,
ठुमक ठुमक चले, मदन गोपाल... छोटी छोटी
क्यां ओढे गैयां, क्यां ओढे ग्वाल ?
क्यां ओढे मेरो, मदन गोपाल ?
झूलण ओढे गैया, कंबल ओढे ग्वाल,
पितांबर ओढे मेरो मदन गोपाल... छोटी छोटी
कहां रहे गैयां, कहां रहे ग्वाल ?
कहां रहे मेरो मदन गोपाल ?
नंदपोलमे रहे गैया, झोंपडीमें ग्वाल
वैष्णव मन रहे, मदन गोपाल... छोटी छोटी



# जो जो गुमावशो ना अवतार...

जो जो गुमावशो ना, अवतार मानवीनो
एळे न जाय जो जो, अवतार मानवीनो

केवुं अमूल्य जीवन, तुजने मळ्युं छे मानव
झंखे छे देवो जेने, अवतार मानवीनो. (२)

पापोनो भार तुजने, दुर्गतिमां दुःख आपे
सद्गतिमां जवाने, अवतार मानवीनो (२)

दुर्लभ भव मळ्यो छे, फोगट गुमावे शीदने
प्रभु साथे प्रीत करवा अवतार मानवीनो (२)

संसार तरवा काजे, सुख-दुःखमां समता धरजे
मुक्ति रमणी वरवा, अवतार मानवीनो (२)

**ચોર્યાશી લાખ ભવોના ભ્રમણ પછી આ દુર્લભ એવો મનુષ્ય ભવ મળ્યો છે તો એને અવસર સમ ઉજવી જીવનને ઉત્સવ બનાવવું અને મૃત્યુને મહોત્સવ બનાવવું. એ મનુષ્યના હાથની વાત છે...હાથમાંથી જવા ન દેશો..માનવ !**



gayak-stavan.pm6,mch2,27

# जय गिरनार...जय आबुजी...

जिनधर्मना जैन बँधुओ गाई रह्या विध विध गाथा
अमर नाम इतिहासमां गौरवे गाशे गुणी गुण गाथा

जय गिरनार, जय आबुजी, जय बोलो तळाजा तीर्थनी
जैनो माटे लखशे मुनिओ विध विध गाथा ज्ञानंनी
जय जय गरवी गिरनारनी...जय जय गरवी गिरनारनी...

महावीर, गौतम, नेमनाथना त्यागी भाव भुलाय नही
जैन बंधु तो तेने रे कहिये 'नवकार मंत्र' भुलाय नही
जय शेरीषा, जय भोयणी, जयबोलो पानसर तीर्थनी,
जैनो माटे...

गिरनारनी पहेली टूंके बावीसमां प्रभु नेमनाथ
सिद्धाचलनी नवमी टूंके भेट्या दादा आदिनाथ
जय राणकपुरी, जय पावापुरी, जय बोलो शीखरजी तीर्थनी,
जैनो माटे...

वसे तारंगा अजीतनाथ ने पाटण गामे पंचासरा
झगडीयांमां आदिनाथ ने पार्श्व पधार्यां शंखेश्वरा
जय केशरीयाजी, जय उपरीयाला, जय बोलो भद्रेश्वर तीर्थनी
जैनो माटे...

वस्तुपाल ने तेजपालना भव्य जिनालय देलवाडा
जोता थाके आखु विश्व, पण देलवाडा ए देलवाडा
जय त्रिशलादेवी, जय वामादेवी, जय बोलो मरुदेवी मातनी
जैनो माटे...



# जाग्योरे आत्मा...(तर्ज : आधा है चंद्रमां, रात आधी)

जाग्यो रे आत्मा आश जागी,
मुक्तिना अमृतनी प्यास जागी, अभीलाष जागी..जाग्यो

ज्यारे आतमनो दिवडो जागे त्यारे वैभव अळखामणां लागे, (२)
हो, लागे खारो संसार, लागे प्यारो अणगार,
अेने संयमना पंथनी लगनी लागे...जाग्यो रे आत्मा...

ज्यारे आतमनो दिवडो जागे, त्यारे बंधन संसारना त्यागे,
त्यागे मित्रोनो प्यार, त्यागे सघळो परिवार,
अेतो वस्त्रालंकारोनी प्रीत त्यागे...जाग्यो रे आत्मा...

ज्यारे आतमनो दिवडो जागे, त्यारे अंधारा दूर दूर भागे,
भागे पातकनो भार, भागे अवगुणनो भार
अेना मारगनां कंटको जाय भागी...जाग्यो रे आत्मा...

ज्यारे आतमनो दिवडो जागे, त्यारे सद्गुरुनो आशरो मांगे,
मांगे कर्मोनो नाश, मांगे शिवपुरनो वास,
अेतो भवभवना दु:खमांथी मुक्ति मांगे, जाग्यो रे आत्मा...

**સંયમ લીધા વિના આત્મા સિદ્ધિ પામતો નથી**



gayak-stavan.pm6,mch2,28

# जनारुं जाय छे जीवन...

जनारुं जाय छे जीवन, जरा जिनवरने जपतो जा,
हृदयमां राखी जिवनवरने, पुराणा पाप धोतो जा...जनारुं

बनेलो पापथी भारे, वळी पापो करे शीदने,
सळगती होळी हैयानी अरे, जालीम बुझातो जा...जनारुं

दयासागर प्रभु पारस, उछाळे ज्ञानना छोळो,
उतारी वासना-वस्त्रो अरे, पामर तुं नहातो जा...जनारुं

जिगरमां डंखता दु:खो, थयां पापे पिछाणीने,
जिनवर ध्याननी मस्ती वडे, ओने उडातो जा...जनारुं

अरे आतम बनी शाणो, बतावी शाणपण तारुं,
हठावी जुठी जगमाया चेतन-ज्योति जगातो जा...जनारुं

खील्यां जे फ़ुलडां आजे, जरुर ते काले करमाशे,
अखंड आतम कमललब्धि तणी, लयदिल लगातो जा...

મે દાન તો દીધું નહીં ને શીયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવે નહીં,
આ ચાર ભેદે ધર્મમાંથી મેં કાંઇ પ્રભુજી નવ કર્યું,
મારૂં ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું, નિષ્ફળ ગયું



# जोजे रे तारी जिंदगी...

जोजेरे, तारी जिंदगी जवानी
जिंदगी जवानी अल्या नथी रहेवानी

चेतरे चेतावुं माथे काळ घेर्यो छे
समजी लेजे आ तो तारो छेल्लो फेरो छे
पल पल जाये तारी लाख रे सवानी          जोजे रे...

दोडादोडी करीने तूं पैसो कमावे,
सोना, चांदी, रुपीया तारी साथे ना आवे
धीमी धीमी जाये, तारी पापनी कमाणी          जोजे रे...

आव्यो खाली हाथे, खाली हाथे जवानो,
माटीमांथी आव्यो, अंते माटी थवानो,
छेवटे तो काया तारी राख रे थवानी          जोजे रे...

આકાશમાં ચમકાર છે વિજળીનો ઘડી બે ઘડી,
એમ જાણજે જીવન તારૂં છે ઘડી કે બે ઘડી,
અભિમાન છોડીને માનવ ભજીલે તું ભગવાનને,
આવ્યો ન આવ્યો થઇ જશે કરીલે ભક્તી ઘડી બે ઘડી



gayak-stavan.pm6,mch2,29

# जीवन अंजली थाजो...

जीवन अंजलि थाजो, मारुं जीवन अंजलि थाजो !
अणु अणु मारा आतम केरुं, तव चरणे वही जाजो...मारुं

भूख्या काजे भोजन बनजो, तरस्यानुं जळ थाजो,
दीनदु:खियानां आंसु ल्होतां, अंतर कदी ना धराजो...मारुं

सतनी कांटाळी केडी पर, पुष्प बनी पथराजो
झेर जगतनां जीरवी जीरवी, अमृत उरनां पाजो... मारुं

वणथाक्यां चरणो मारां नित तारी समीपे धाजों
हैयाना प्रत्येक स्पंदने तारुं ज नाम रटाजो !... मारुं

# जींदगी बेकार..(तर्ज : दिलके अरमां आसुंओमें...)

जींदगी बेकार चाली जाय छे
दर्द एनुं दिलमां ऊंडुं थाय छे ...जींदगी

मूल्य समजातुं नथी आ जन्मनुं
जानवर जेवुं जीवन जीवाय छे ...दर्द

कर्मनो केवो प्रभु मारे उदय
आ महामूली मूडी खर्चाय छे ...दर्द

आ फरीथी भव मळे के ना मळे
धर्मनी मौसम नकामी जाय छे ...दर्द



# जेना घरमां भक्तिगान...

जेनां घरमां भक्ति गान, ए घर आवे छे भगवान, (२)
ज्यां छे संतो तणां सन्मान, ए घर आवे छे भगवान...जेना

घरनां सौए संपी ने रहेतां, एक बीजाने दोष न देतां, (२)
नाना मोटां सौए समान, ए घर आवे छे भगवान...जेना

एकबीजानुं हित विचारी, मीठी वाणीने उच्चरवी, (२)
राखी स्वधर्म केरुं भान, ए घर आवे छे भगवान...जेना

माता-पिताना ए संस्कारो, ऊतरे बाळकमां आचारो, (२)
विकसे कुटुंब तणु उध्यान, ए घर आवे छे भगवान...जेना

एनी सुवास विश्वे व्यापे, देवो आवी थाणुं स्थापे, (२)
भावीक ए घर स्वर्ग समान, ए घर आवे छे भगवान...जेना

# जानार तो जातां...(तर्ज : जाने कहां गये वो दिन...)

जानार तो जातां रह्यां, सदगुण जेना सांभरे,
लाखो लूंटावो तोय ए, मरनार पाछां ना मळे.

वैभव मळे, कीर्ति मळे, लक्ष्मी गयेली सांपडे,
पैसा मळे आ जगतमां, मरनार पाछां ना मळे

लाखो लडावी लाड जेणे प्रेमथी मोटा कर्या,
ए मावतरनी मीठी छाया, क्यांय जगमां ना मळे.

उतारी आपो देहनी भले खांत धरीने खालने,
तो पण एना उपकारनो बदलो जीवनमां ना वळे.



gayak-stavan.pm6,mch2,30

## जा संयम पंथे...(तर्ज : बाबुल की दुवायें लेती जा)

जा संयम पंथे दीक्षार्थी...तारो पंथ सदा उजमाळ बने,
जंजीर हती जे कर्मोनी...ते मुक्तिनी वरमाळ बने...जा

होंशे होंशे तुं वेश धरे...ते वेश बने पावनकारी,
उज्जवळता अेनी खूब वधे...जेने भावथी वंदे संसारी,
देवो पण झंखे दर्शनने...तारो एवो दिव्य देदार बने...जा

जे ज्ञान तने गुरुए आप्युं, ते उतरे तारा अंतरमां,
रगरगमां अेनो स्त्रोत वहे, ते प्रगटे तारा वर्तनमां,
तारा ज्ञानदीपकना तेज थकी आ दुनिया झाकझमाळ बने.जा

वीतरागतणां वचनो वदती, तारी वाणी हो अमृतनी धारा,
जे मारग गोते अंधारे, तारां वेण करे त्यां अजवाळां,
वैराग्यभरी मधुरी भाषा, तारा संयमनो शणगार बने...जा

जे परिवारे तुं आज भळे...ते उन्नत हो तुज नाम थकी,
जीते सहुनो तुं प्रेम सदा...तारा स्वार्थ विहोणा प्रेम थकी,
शासननी जगमां शान वधे, तारा एवा शुभ संस्कार बने.जा

अणगार तणां जे आचारो, तेनुं पालन तुं दिनरात करे,
ललचावे लाख प्रलोभन पण...तुं धर्मतणो संगाथ करे,
संयमनुं साचुं आराधन...तारा तरवानो आधार बने...जा



## जीवन लडाइ...(तर्ज : तुम्ही हो माता-पिता तुम्ही)

जीवन लडाइ जीती जनारा, प्रभु तमोने नमन अमारा

पराक्रमोनी तमे प्रतिमा, चढाण कीधां चरम गतिमां
गगनभूमिनां तमे सितारा, प्रभु तमोने नमन अमारा

तमे दिवाकर तमे सुधाकर, तमे ज धरती तमे ज सागर
अणुअणुमां बिराजनारा, प्रभु तमोने नमन अमारा

अमे तमारां गुणो ग्रहीशुं, तमे कह्यो ते धरम करीशुं
अमे प्रवासी तमे उतारा, प्रभु तमोने नमन अमारा

जीवो दु:खी तो तमे दु:खी हो, तमे सुखी जो जीवो सुखी हो
तमे सहुना सहु तमारा, प्रभु तमोने नमन अमारा

## जात्रा ९९ करीये...

जात्रा नवाणुं करीये...विमलगिरि जात्रा नवाणुं करीए
पूरव नवाणुं वार शेत्रुंजागिरि ऋषभजिणंद समोसरीए...

कोडी सहस भवपातक त्रुटे, शत्रुंजय सामो डग भरीए...

सात छट्ठ दोय अट्ठम तपस्या, करी चढिये गिरिवरिये...

पुंडरिक पद जपीए मन हरखे, अध्यवसाय शुभ धरीए...



gayak-stavan.pm6,mch2,31

# जब कोई नही आता...

जब कोई नही आता, मेरे दादा आते हैं ।
मेरे दु:खके दीनो में वो, बडे काम आते हैं !

मेरी नैया चलती हैं, पतवार नहीं होती,
किसी औरकी अब मुझको, दरकार नहीं होती,
मैं डरता नही जगसे, दादा साथ होते हैं...मेरे दु:खके दिनों

कोई याद करे उनको, दु:ख हलका हो जाये,
कोई भक्ति करे ईनकी, ये उनका हो जाये,
वो बिन बोले सब कुछ, पहचान जाते हैं...मेरे दु:खके दिनों

ये ईतने बड़े होकर दिनोंसे प्यार करे,
अपने भक्तोके दु:खको, ये पलमें दूर करे,
सब भक्तोंका कहेना, ये मान जाते है...मेरे दु:खके दिनों

मेरे मनके मंदिर में, दादाका वास रहे,
कोई पास रहे न रहे, मेरे दादा पास रहे,
मेरे व्याकुल ये मनको, दादा जान जाते हैं...मेरे दु:खके दिनों

જગમાં જેનું કોઇ નથી, એને અવિનાશીની સહાય છે,
એ સમય ઉપર સમજાય છે, એ સમય ઉપર સમજાય છે.



# ज्योति जीवनमां..(तर्ज : ज्योत से ज्योत जलाते रहो)

ज्योति जीवनमां जगावी रहो, अंतर्यामी अजवाळां करो,
द्वार तमारे हुं आवी उभो, करुणानिधि करुणा करो

भांगी भ्रमणा तुटी आशा, क्यांये न मळे किनारा,
लागे सौअे बहुये नजीकनां, पण खोटा पडछाया,
एकज साथ तमारो रह्यो, अंतर्यामी अजवाळां करो, ज्योति

ना कोइ छे साचा संगी, बहु रंगी छे माया,
जीवननी कंगाळ दशामां, लागे घोर अंधारा,
मांगु अंधारा दुर करो, अतर्यामी अजवाळां करो...ज्योति

आवे समयनो पलटो त्यारे, जाय बधुं समजाइ,
पोतानां थइ जाये पराया, ना कंइ जाणे सगाइ,
सगपण साचु तमारुं रहो अंतर्यामी अजवाळां करो...ज्योति

प्रभुजी सेवा तुम चरणमां, दीलडुं मांगे मारुं,
भक्तजनो सौ प्रेमेगावे, साचुं शरण तमारुं,
आज अमारो फेरो फळ्यो, अंतर्यामी अजवाळां करो..ज्योति

દોલત તને દુનિયા ભરની મળી જશે એ દોસ્ત !
કોઇના દિલમાં સુખનો દિવો પ્રગટાવી તો જો...



gayak-stavan.pm6,mch2,32

# जिन तेरे चरण की शरण ग्रहुं...

जिन तेरे चरणकी शरण ग्रहुं...जिन...
हृदयकमलमें ध्यान धरत हुं, शिर तुज आण वहुं...जिन...

तुम सम खोळ्यो देव खलकमें, पेख्यो नही कबहुं...जिन...

तेरे गुणकी जपुं जपमाला, अहर्निश पाप दहुं...जिन...

मेरेमनकी तुम सब जानो, क्या मुख बहोत कहुं...जिन...

कहे जसविजय करो त्युं साहिब, ज्युं भवदु:ख न लहुं...जिन..

# जोडे रे'जो राज...

जोडे रे'जो राज, जोडे रे'जो राज
भले सूरज उगे के ना उगे, भले दिवस उगे के ना उगे
भले सांज ढळे के ना ढळे, भले चंद्र उगे के ना उगे...तमे जोडे

आम गोतुं तेम गोतुं, गोतुं तारो संगाथ रे, गोतुं तारो संगाथ,
हुंये जाणुं तूंये जाणे, जाणे जगतनो नाथ रे, जाणे जगतनो नाथ
आभ धरती मळे के ना मळे, तमे जोडे रे'जो राज...तमे जोडे

राम तुं श्याम तुं मारा तीरथनो धाम तुं, मारा तीरथनो धाम
हैयामां चितरी ने राखुं छुं तारुं नाम हुं, राखुं छुं तारुं नाम
आभ धरती मळे के ना मळे, तमे जोडे रे'जो राज...तमे जोडे



# जनम जनम...

(तर्ज : जनम जनम का साथ है तुम्हारा हमारा...)

जनम जनमका साथ है हमारा तुम्हारा...तुम्हारा हमारा...
तुम बिन जीवन सुनासुना, कौन करे उजीयारा...जनम...

तुम्हारे नामसे गुंजे, धरती नभ और तारे (२)
दर्शने जो भी आये, वो कर्मोको निवारे (२)
तीन भुवनमें गुंज रहा है...महिमा अपरंपारा...जनम...

जीओ और जीने दो का, ही मंत्र शीखाया, (२)
आपसमें जीवो को, मैत्री पाठ शीखाया, (२)
सारे जगके दाता हो तुम....करुणा के भंडारा...जनम...

# जुनुं तो थयुं रे देवळ...

जूनुं तो थयुं रे देवळ जूनुं तो थयुं,
मारो हंसलो नानो ने देवळ जूनुं तो थयुं. (२)

आ रे काया रे हंसा, डोलवाने लागी रे,
पडी गया दांत, मायलु रेखुं तो रह्युं...मारो

तारे ने मारे हंसा, प्रीत्युं बंधाणी रे,
ऊडी गयो हंस, पींजर पडी तो रह्युं...मारो

बाइ मीरां कहे छे प्रभु गिरिधरनां गुण,
प्रेमनो प्यालो सहुने पाउं ने पीउं...मारो



gayak-stavan.pm6,mch2,33

# जैसे सुरज की गरमीसे...

जैसे सुरजकी गरमीसे जलते हुए तनको
मिल जाये तरुवर की छाया
ऐसा ही सुख मेरे मनको मीला है
मैं जबसे शरण तेरी आया...मेरे राम...मेरे राम

भटकादुवा मेरा मन था कोई मील ना रहा था सहारा
लहरोंसे भटकी हुई नावको जैसे, मील ना रहा था कीनारा
ऊस भडखडाती हुई नावको जो, कीसीने कीनारा दिखाया
ऐसा ही सुख मेरे मनको मीला है में जबसे शरण तेरी आया

शीतल बने आग चंदनके जैसी सद्गुरु कृपा हो जो तेरी
ऊजीयाली पुनमकी हो जाये रातें, जो थी अमावस अंधेरी
युग-युगसे प्यासी मरुभुमीने जैसे, सावनका संदेश पाया
ऐसा ही सुख मेरे मनको मीला है में जबसे शरण तेरी आया

जीस राहकी मंजील, तेरा मीलन हो, ऊसपर कदम मै बढाऊँ
कुलोंमें खारोमें पतझड़ बहारोमें, मै ना कभी डगमगाऊँ
पानीके प्यासेको तकदीरने, जैसे जी भरके अमृत पीलाया
ऐसा ही सुख मेरे मनको मीला है में जबसे शरण तेरी आया

**પ્રમાદ ત્યાં પતન છે, જાગૃતિ ત્યાં જીવન છે.**



# झनन झनन झणकारो रे...

झनन झनन झणकारो रे, बोले आतमनो एक तारो रे,
हवे प्रभुजी पार उतारों...                झनन झनन...

तारलियाना तोटा नही पण, सुरज चंदा एक छे,
देव अनेरा दुनियामां, पण मारे मन तुं एक छे,
चमक चमक चमकारो रे, तारा मुखडानो मलकारो रे...
हवे प्रभुजी पार उतारों...                झनन झनन...

तूं छे माता तूं छे पिता, तूं छे जगनो दीवो,
त्रिशलाना नानकडां नंदन, जगमां जुग जुग जीवों,
सनन सनन सनकारो रे, मुज प्राण थकी तुं प्यारो रे,
हवे प्रभुजी पार उतारों...                झनन झनन...

अवनी पर आकाश रहे, तेम करजो अमपर छाया,
निशदिन अंतरमां रहेजो, महावीर तमारी माया
छनन छनन छमकारो रे, बोले घुघरीनो घमकारो रे,
हवे प्रभुजी पार उतारों...                झनन झनन...

**આશ ભરેલા મારા ઉરમાં, અરમાનો છે લાખો,**
**મહાવીર માંગુ તમારી પાસે, અમીદ્રષ્ટિ મુજપર રાખો.**



gayak-stavan.pm6,mch2,34

# झुलो रे झुलो...

झुलो रे झुलो थेतो त्रिशलाना जाया,
थोने झुलावे आखो मारवाड रे, आखो गुजरात रे,
थेतो त्रिशलाना जाया

सोनारा पालणीयां मांही, रत्नोरी घुंघरीया लगाई,
फुलडासे ओने सजवाई, मोतीयोंरी झालरीया लगाई,
रेशमरी लीनी डोरी हाथ रे... हो वीरा त्रिशलाना...

मोमा मोमी थोरे काजे, झबला टोपी लावे आजे,
गालोमें गुलाल छांटे, आँखोंमें काजलीया लगावे,
लाडु मंगावे थोरें मोतीचुररा... हो वीरा त्रिशलाना...

त्रिशलामाता हरखे हरखे, धीरे धीरे, हलवे हलवे,
वीरने पोढावे मलके, हालरीयो गावे ललके,
जनम्या रे दुनियाना तारणहार रे...हो वीरा त्रिशलाना...

धन्य धन्य ओ त्रिशलामाता, जनम्यो ज्योरे त्रिभुवन नाथा,
जुग जुग जीवो जगतरा त्राता, संधरे माथे राखजो हाथा,
भक्तो झुलावे वीरने पारणीये.... हो वीरा त्रिशलाना...

ક્રોધને શાંતિથી મારો, અભિમાનને નમ્રતાથી જીતો,
મોહને સરળતાથી ત્યાગો, લોભને સંતોષથી દૂર કરો



# तारे द्वारे आवीने...

तारे द्वारे आवीने कोई खाली हाथे जायना,
करुणा निधान, करुणा निधान

आ दुनियामां कोई नथी रे, तुझ सरीखो दातार,
अपरंपार दया छे तारी, तारा हाथ हजार,
तारी ज्योती पामीने कोई, अंधारे अथडायना... करुणा

शरणे आवेलानो साचो, तूं छे रक्षणहार,
डगमगती जीवन नैयानो, तूं छे तारणहार,
तारा पंथे जनारो कोई, भवरणमां अटवायना... करुणा

खूटे नही रे कदापी ओवो, तारो प्रेम खजानो,
मुक्तिनो मारग बतलावे ओवो पंथ मजानो,
तारा शरणे जे कोई आवे, रंक पछी रही जायना...करुणा

આવ્યો શરણે તુમારા, જીનવર કરજો આશ પૂરી અમારી,
નાવ્યો ભવપાર મારો, તુમવિણ જગમાં સાર લે કોણ મારી
ગાયો જીનરાજ આજે હર્ષ અધિકથી પરમ આનંદકારી
પાયો તુમ દર્શનાર્થે ભવભય ભ્રમણા નાથ સર્વે અમારી



gayak-stavan.pm6,mch2,35

# तमे भावे भजी ल्यो भगवान...

तमें भावे भजी ल्यो भगवान, जिवन थोडुं रह्युं,
कंइक आत्मानुं करजो कल्याण, जिवन थोडुं रह्युं...

तमें दीधेला कोल अमे भुली गया,
झुठी मायाना मोहमां घेला थया,
छीओ थोडा दिवसना महेमान, जीवन थोडुं रह्युं... तमे

बालपण ने युवानीमां अडधुं गयुं,
हवे बाकी छे तेमां ना कशुयें रह्युं,
चितथी धरो प्रभुनुं ध्यान, जीवन थोडुं रह्युं... तमे

नथी धर्मना मारगे डगलुं भर्युं,
अने ओचिंता जमनुं जो तेडुं आव्युं,
नहिं चाले रुदन ने तोफान, जीवन थोडुं रह्युं... तमे

हवे कहेवुं आ भावीकनुं उरमां धरो,
चित राखी भगवानमां, सूरमां भजो,
बनी आजे भक्तिमां मस्तान, जीवन थोडुं रह्युं... तमे

**સારૂં સારૂં રાખી મુકે ને બગડે પછી ખાય,**
**સારાનો સ્વાદ ન ચાખે એ નર મૂરખ કહેવાય**



# तमे मन मुकीने वरस्या...

तमे मन मुकीने वरस्या, अमे जन्मो जनमनां तरस्या
तमे मुशळ धारे वरस्यां, अमे जन्मो जनमनां तरस्या

हजार हाथे तमे दिधुं पण, जोळी अमारी खाली
ज्ञान खजानो तमे लुंटाव्यो, तोय अमे अज्ञानी
तमे सूरज थईने चमक्या, अमे अंधारामां भटक्या.. तमे

स्नेह नी गंगा तमे वहावी, जीवन निर्मळ करवा
प्रेमनी ज्योती तमे जलावी, आतम उज्वल करवा
तमे अमृत रुपे वरस्या, अमे झेरनां घुंटडा पीरस्यां.. तमे

शब्दे शब्दे शाता आपे, अेवी तमारी वाणी,
अे वाणीनी पावनताने अमे कदी ना पिछाणी
तमे महेरामण थई उमट्या, अमे कांठे आवीने अटक्यां..तमे

**પ્રભુની દયાનો દરીયો ખૂબ ઉંડો છે, સ્વામીના સ્નેહને**
**સીમાડા નથી અને કીરતારના પ્રેમને કિનારા નથી**
**કોઇનો પણ પ્રેમ ઓછો હોતો જ નથી માત્ર,**
**આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે,**



gayak-stavan.pm6,mch2,36

# तारजे..डुबाडजे...

तारजे डुबाडजे, जीवाडजे के मारजे,
सघळुं तने सोंपी दीधुं, नाथ पारसनाथ रे,
उगारजे के पाडजे, तरछोड जे स्वीकारजे,
सघळुं तने सोपी दीधु, आदिश्वर भगवान रे...

सेवा तारी आपजे के, दुर तुजथी राखजे (२)
स्मरण तारुं आपजे के, मायामां भटकावजे (२)...सघळुं तने

सतसंग कोइनो आपजे के, दुसंगमां तुं राखजे (२)
सद्‌गुरुनां चरणोमां, आ बाळने स्थान आपजे...सघळुं तने

सघळुं तारुं राखजे, पण वात मारी मानजे (२)
दर्शन तारा आपजे के, रखडतो तुं राखजे (२)...सघळुं तने

વમળોમાં સપડાતી, ને ખડકોમાં અથડાતી,
મારી હોડી હાલકડોલક વાયુ સાથે વહી જાતી,
વ્હેલી વ્હેલી સહેલી રીતે સામે કાંઠો એ જોશે,
માલમ થઇને એ હંકારે, જો સુકાન હશે હરીને ભરોસે.



# तारा शरणे...

तारा शरणें आव्यो छुं स्विकारी ले
हवे लई जा प्रभु तारा धाममां (२)

तारा हुं गितो गाउं बिजु हुं कई ना जाणुं
तारा हुं दर्शन पामुं बिजु हुं कई ना जाणुं,
मारा भवोभवना (२) बंधन तुं तोडी दे... हवे लई जा प्रभु

तमे छो दिनदयाळुं, महेर करोने कृपाळुं,
भक्तिमां जीवन मारुं, भक्तिमां मनडुं बाळुं,
मारा तारा ओ (२) नाताने तुं जोडी दे... हवे लई जा प्रभु

तारा हुं गुणला समरुं, बिजु हुं कई ना जाणुं,
नवकारनो जाप करुं हुं, बिजु हुं कई ना जाणुं,
मारी नैयाने (२) तुं पार उतारी दे... हवे लई जा प्रभु

ધરણેન્દ્ર ને પદ્માવતી જેના ચરણ પૂજે છે,
મેલી વિદ્યા આચરનારા જેના નામે ધ્રુજે છે,
જેના સ્મરણથી વટેમાર્ગુને સાચો રસ્તો સૂજે છે,
એવા શંખેશ્વરા પાર્શ્વનાથને સૌના મસ્તક ઝુકે છે.



gayak-stavan.pm6,mch2,37

# तारो तारो प्रभु...(श्री मुनिसुव्रतस्वामी)

(तर्ज : जरा सामने तो आओ छलीये...)

तारो तारो प्रभु मने तारो, मुज मंदीरीये पधारो,
प्रभु ल्योने तमारी साथमां, सेवक तणी ए विनंती...तारो

तारी मूर्ति दीलडुं मोहे, जगमगती ज्योत तारा नयनोमां सोहे
काने कुंडण, कंठे हार सारो, प्रभु प्राण थकी तुं छे प्यारो
प्रभु ल्योने तमारी साथमां, सेवक तणी ए विनंती...तारो

तारा गुणो छे अनंता, मुजने तारो हे गुणवंता (२),
गुणो अर्पीने अवगुण नीवारजो, आ सेवकने पार उतारजो
प्रभु ल्योने तमारी साथमां, सेवक तणी ए विनंती...तारो

हे वीरागी हे वीतरागी, अर्ज करुं एक पाये लागी (२),
कोई दीन मुजने संभारो, क्युं मुजने आप वीसारो,
प्रभु ल्योने तमारी साथमां, सेवक तणी ए विनंती...तारो

श्री मुनिसुव्रतनाथ, मुख देखी थयो आजे सनाथ (२),
प्रभु  महिमा छे अधिक तुमारो, दर्श करी हर्ष पामे आत्मा मारो
प्रभु ल्योने तमारी साथमां, सेवक तणी ए विनंती...तारो

**અણુ પરમાણું શીવ બની જાઓ, આખા વિશ્વનું મંગળ થાવો,
સર્વે જીવો મોક્ષે જાઓ અર્હમ્મૈયા અમર તપો**



# तुम्हीं हो माता पिता...

तुम्हीं हो माता, पिता तुम्हीं हो, तुम्हीं हो बंधू सखा तूम्हीं हो
तुम्हीं हो माता, पिता तुम्हीं हो, तुम्हीं हो बंधू सखा तूम्हीं हो

तुम्हीं हो साथी, तुम्हीं सहारें, कोइ ना अपना सीवा तुम्हारें
तुम्हीं हो नैया तुम्हीं खीवैया, तुम्हीं हो बंधू सखा तुन्हीं हो.
तुम्हीं हो माता, पिता तुम्हीं हो, तुम्हीं हो बंधू सखा तूम्हीं हो

जो खील शके ना वो फुल हम हैं, तुम्हारें चरणोंकी धूल हम हैं,
दयाकी दृष्टी सदा ही रखना, तुम्हीं हो बंधू सखा तुम्हीं हो...
तुम्हीं हो माता, पिता तुम्हीं हो, तुम्हीं हो बंधू सखा तूम्हीं हो

**એવું દે વરદાન પ્રભુ મને એવું દે વરદાન,
સુખ દુઃખ બન્ને દેખું પ્રભુ હું સર્વે એક સમાન,
જે પામ્યો હું પુણ્યબળે તેનું ન આવે અભિમાન,
શ્વાસે શ્વાસે રહે વિશ્વાસ તારો, જ્યાં લગી દેહમાં પ્રાણ.**



gayak-stavan.pm6,mch2,38

# तन-मन-धन...

पार्श्वनाथजी...(४)...(कोरस)

मने वालु लागे पार्श्व तारु नाम (२)
तन-मन-धन प्रभुनां चरणोमां,
मने वालु लागे, मने प्यारु लागे, पार्श्व तारु नाम
तन-मन-धन प्रभुनां चरणोमां...

प्रभुजी अमारा हैयामां रेजो, विनंती मारी, हाथ पकडजो हो,
दीन जनोना नाथ छो, शासनना रखेवाळ छो,
कृपा करो, करुणा निधान, तन मन धन प्रभुना,

केशर चंदन तीलक लगाउ, फुलो सुगंधी चरणे चढाउ,
सोना रुपाथी आंगी सजावुं, हीरा मोतीथी मुगट सजावुं,
तारु पूजन करवुं अेज मारु काम...तन मन धन

नाम तमारु लेता लेता, भवसागर पार तरी जइये,
स्मरण तमारु करता करता, मुक्ति केरा डग भरीये,
साचा हृदयथी प्रभुजी, धरुं तारु ध्यान...तन मन धन

શેનાથી સન્માન કરૂં ને ચરણે શું શું મેલું ?
જગની ચીજો ઝાંખી લાગે દિલડું દઇ દઉં ઘેલું.



# दु:खो तणा डुंगर...

दु:खो तणा डुंगर पडे, सुख साहेबी कदी सांपडे,
तो पण अरे ! आ देहथी, प्रभुने कदी भूलशो नहि.

वैभव मळे लक्ष्मी मळे, माया तणा महेलो जडे,
ए बेघडीनी मोज छे, प्रभुने कदी भूलशो नहि.

मंगळ अमंगळ ग्रह तूटे, कर्मो कदी नीज पर रुठे,
ज्वाळा ऊठे तो पण अरे ! प्रभुने कदी भूलशो नहि.

झोला हींचोळा खाटमां, म्हाल्या करे आनंदथी,
ए बेघडीनी साहिबी, प्रभुने कदी भूलशो नहि.

बागो बगीचा पुष्पना, श्वासमां सुवास लीधा करो,
ए वासना स्वप्न समी, प्रभुने कदी भूलशो नहि.

मोटर अने गाडी महीं, आरामथी फरता फरो,
ए पळ महीं फानी थशे, प्रभुने कदी भूलशो नहि.

राज्य रिद्धिवंत नर, पळमां धूजवे कोइकने,
ए पण घणां फानी थया, प्रभुने कदी भूलशो नहि.

भीख मांगवी जगमां पडे, अपवाद लोको बहु करे,
तो पण अरे ! आ देहथी, प्रभुने कदी भूलशो नहि.

जगसुख साचुं दु:ख छे, सुखस्त्रर न्यारुं छे खरे,
ए सत्य सुखने शोधवा, प्रभुने कदी भूलशो नहि.

साची कृपा कीरतारनी, तृणने तजी मरुं मरुं करे,
'कींकर' कहे पळमात्र पण प्रभुने कदी भूलशो नहि.



gayak-stavan.pm6,mch2,39

# दर्शन देजो नाथ...(तर्ज : जागरे मालण जाग)

दर्शन देजो नाथ..., दर्शन देजो नाथ,
भक्तो तारा तने पोकारे...दर्शन देजो नाथ...(२)

अंतरनी तमे आशा पूरजो, दु:खडा सौना हरजो,
दीनदयाळु दादा मारा...रक्षा सौनी करजो, (२)
भुलुं न तने नाथ...छूटे न तारो साथ (२) भक्तो तारा

प्रभु तारा चरणोमां रही, मांगु तारी सेवा,
शंखेश्वरा पार्श्वप्रभुजी, ओ देवाधिदेवा, (२)
हैये तारुं नाम...धरीये तारुं ध्यान (२) भक्तो तारा

अमी भरेली आंखडी तारी, वरसे अमृतधारा,
कृपानिधि, करुणासागर, जगना तारणहारा (२)
देजो मोक्षनुं धाम...हैये पूरजो हाम (२) भक्तो तारा...

ભક્તો તમારાં એણી પેરે બોલ્યા,
સુણજો મારા અંતરયામી,
તુમ ચરણોકી સેવા બનગઇ,
ભક્તિ હોજો સેવા સીરનામી.



# दीवडो धरो...

दीवडो धरो रे प्रभु दीवडो धरो, तननां मननां तिमिर हरो,

मायानगरना रंगरागमां काया आ रंगाणी रे,
भवसागरमां भमतां भमतां पीधां खारा पाणी रे,
दु:खडां सर्वे दूर करो...(२) दीवडो धरो रे प्रभु

जाणी जोइने मारग वच्चे, में तो वेर्या कांटा रे,
अखंड वहेती प्रेम नदीना, पाड्या हजारो फांटा रे...
देखाडो ने प्रभु राह खरो...(२) दीवडो धरो रे प्रभु

स्वारथनी आ दुनिया माहें, आशा एक तमारी रे,
जीवनना संग्राममां जो जो, जाउं ना हुं हारी रे,
अंतरायो सर्वे दूर करो...(२) दीवडो धरो रे प्रभु

તારી પાસે ધન દોલત હું ક્યા માંગુ ?
ચોખ્ખું દિલ ને ચોખ્ખી નજર દે ભગવાન,
સુરજનું અજવાળું મેં તો જોઇ લીધું,
અંતરમાં પ્રકાશ ધરી દે, હે ભગવાન !



gayak-stavan.pm6,mch2,40

## देजो दर्शन नाथ...(तर्ज : जोडे रे जो राज...)

दे...जो...दर्शन नाथ... दे...जो...दर्शन नाथ..
हे...आज जन्म महोत्सव आपनो...
आज अवसर आव्यो आनंदनो...मने देजो दर्शन नाथ

हो...आम गोतुं...तेम गोतुं...गोतुं तमारुं हुं धाम रे (२)
हो...हैयामां चीतरीने राखुं छे तमारुं नाम...(२)
के...हुं तो भवसागरमां घूमतो, प्रभु नाम मुखेथी गुंजतो...
मने देजो दर्शन नाथ...

ओ...दयाळुं, ओ...कृपाळु...महावीर छे प्यारुं नाम...(२)
हो...त्रिशलानो जायो तुं छे...सिध्धारनो रे नंद...(२)
छे...शासननो तारणहार तुं...करजे मारो बेडो हवे पार तुं...
मने देजो दर्शन नाथ...

रचनाकार : *वीरुजी*

વીરકી સંતાન હૈ હમ શાસન કી હી શાન હૈ,
આગે બઢના મંત્ર હમારા, માન યા અપમાન હો,
જૈનં જયતિ શાસનમ્, જૈનં જયતિ શાસનમ્



## धन भाग्य हमारा...(शेत्रुंजय)

सिद्धाचलगिरि भेटयां रे, धन्यभाग्य हमारा,
ए गिरिवरनो महिमा मोटो कहेतां न आवे पार,
रायण रुषभ समोसर्या स्वामी, पूर्व नव्वाणुं वारा रे, धनभाग्य

मूळनायक श्री आदि जिनेश्वर चौमुख प्रतिमा चारा,
अष्ट द्रव्यशुं...पूजो भावे, समकित मूल आधारा रे, धन भाग्य

भावभक्तिशुं प्रभुगुण गातां अपना जन्म सुधारा,
यात्रा करी भविजन भावे, नर्क-तिर्यंच गति वारा रे, धन भाग्य

दूर देशांतरथी हुं आव्यो श्रवणे सुणी गुण तारा,
पतित उद्धारण बिरुद तमारुं, ए तीरथ जग सारा रे, धन भाग्य

संवत अढारत्यासी मास आषाढो, वदी आठम भोमवारा,
प्रभुजी चरण प्रतापसे संघमें, खीमारतन प्रभु प्यारा रे, धन भाग्य

ગુલમ્હોરી છાંયડાઓ ભૂલી જઇને,
ભાઇ ! હું તો બાવળની કાંટચ માંહી મોહ્યો,
મોહ્યો મોહ્યો તે વળી એવો મોહ્યો કે,
મને-મેં જ મારા હાથમાંથી ખોયો.



gayak-stavan.pm6,mch2,41

# नाम है तेरा तारणहारा...

नाम है तेरा तारणहारा, कब तेरा दर्शन होगा
जिनकी प्रतिमा इतनी सुंदर, वो कितना सुंदर होगा !

सुरिवर मुनिवर जिनके चरणे, निशदीन शिष झुकाते है,
जो गाते हैं प्रभुकी महिमा, वो सबकुछ पा जाते है,
अपने कष्ट मिटाने को, तेरे चरणोमें वंदन होगा...जिनकी

तुमने तारे लाखों प्राणी ये संतोकी वाणी है,
तेरी छबीपे मेरे भगवन, ये दुनिया दीवानी है,
झुम झुम के नाचो गाओ, मंदिरमें मंगल होगा...जिनकी

मनकी मुरादें लेकर स्वामी, तेरे चरणोमें आयें है,
तुज चरणोंमें अर्पण करने, भक्तिसुमन हम लायें है,
भवसे पार उतरनेको तेरे, गीतोंका सरगम होगा...जिनकी

> ચોવીસમાં ભગવાન મહાવીર નામ સદા મંગલકારી,
> લબ્ધીનાં ભંડાર ભરેલા, ગૌતમ ગણધર ગુણકારી,
> સ્થૂલિભદ્ર આદિ મુનિઓનું, સ્મરણ સદાયે સુખકારી,
> સૌનું મંગલ કરવાવાળો, જૈન ધરમ છે જયકારી



# नैया जुकावी में तो...

नैया जुकावी में तो जो जे डूबी जायना...
झांखो झांखो दिवो मारो जो जे रे बुजायना (२)

स्वारथनुं संगीत चारेकोर गाजे,
कोई नथी कोइनुं आ दुनियामां आजे,
तननो तंबुरो जो जे बेसूरो थायना...झांखो झांखो दिवो

पाप ने पुण्यनां भेद रे भूलाता,
राग ने द्वेष आजे घेर घेर घुंटाता,
जोजे आ जीवतरमां, झेर प्रसरायना...झांखो झांखो दिवो

श्रद्धानां दिवडाने जलतो ज राखजे,
निशदिन स्नेह केरुं तेल एमां नाखजे,
मननां मंदिरे जो जे अंधारुं थायना...झांखो झांखो दिवो

> જીવતર તમારા ચરણે મેલ્યું,
> આ ભક્તને ભરોસો તમારો,
> તારો તો તરીયે, મારો તો મરીયે,
> પાલવ પકડ્યો પ્રભુ તમારો.



gayak-stavan.pm6,mch2,42

# प्रभु राखजे उघाडां द्वार...

प्रभु राखजे उघाडां द्वार, तारा बाळकडाने काजे,
कृपा करजे हे किरतार, तारा बाळकडाने काजे ....प्रभु

कोई प्रभु प्रभु करतो आवे, कोई पार्श्वनी धुन मचावे,
करुणा करजे हे किरतार, तारा बाळकडाने काजे ...प्रभु

कोई भावे पुष्पो लावे, कोई प्रेमदिपक प्रगटावे,
रक्षा करजे तारणहार, तारा बाळकडाने काजे ...प्रभु

कोई टळवळता दु:खीयां छे, कोई रोता हैया फाटे,
तुं एक ज छे आधार, तारा बाळकडाने काजे ...प्रभु

प्रभु पारसनाथ अमारा, अमने प्राण थकी छे प्यारां,
मोक्ष मारग ऐ देनार, तारा बाळकडाने काजे ...प्रभु

શું બાળકો માં-બાપ પાસે બાળક્રિડા ન કરે ?
ને મુખમાંથી જેમ આવે તેમ શું ન ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક આજ ભોળાભાવથી
જેવું બન્યું તેવું કહું !! એમાં કશું ખોટું નથી !



# प्रभु तारुं गीत मारे गावुं छे...

प्रभु तारुं गीत मारे गावुं छे, प्रेमनुं अमृत पावुं छे ...प्रभु

आवे जीवनमां तडका छाया, मांगु हे प्रभु तारी माया,
भक्तिनां रसमां न्हावुं छे... ...प्रभु

भवसागरमां नैया जुकावी, त्यांतो भयानक आंधी चडी आवी
सामे किनारे मारे जावुं छे... ...प्रभु

तुं वीतरागी, हुं अनुरागी, तारा भजननी रढ मने लागी
प्रभु तारा जेवुं मारे थावुं छे... ...प्रभु

# प्रभु मारे गावुं छे...

प्रभु मारे गावुं छे तारुं गीत, मोक्षे जवानी बतावोने रीत,

मोह मायानी बेडी मोटी, पक्कड ज एनी खुबज खोटी,
मोहनी सामे अपावोने जीत, मोक्षे जवानी बतावोने रीत...

भक्तिभावनां फुलडां लावुं, ध्यान तमारुं एकज ध्यावुं,
करवी छे तारी साथे प्रित, मोक्षे जवानी बतावोने रीत...

मुक्ति मार्गनो हुं छुं प्रवासी, अजरामर पदनो छुं प्यासी,
मुक्तिकिरणनुं आ संगीत, मोक्षे जवानी बतावोने रीत...



gayak-stavan.pm6,mch2,43

# पंखीडा तुं उडी जाजे

पंखीडा, ओ पंखीडा...पंखीडा, ओ पंखीडा,

पंखीडा तुं उडीजाजे पालीताणा रे
दादा ने कहेजे के मारो मुजरो माने रे ...पंखीडा

ओल्या गामनां माळीडा वीरा व्हेला आवो रे
मारा दादाने माटे ताजां फुलडां लावो रे
गुलाब लावो, चंपो लावो, मोगरो लावो रे... ...दादाने

ओल्या गामनां सोनीडां वीरा व्हेला आवो रे
मारा दादाने माटे रुडां मुगट लावो रे
सोनानां लावो, हीरानां लावो, व्हेला आवो रे ...दादाने

ओल्या गामनां सुथारी वीरा व्हेला आवो रे,
मारा दादाने माटे रुडां बाजोठ लावो रे
सुंदर लावो, सारा लावो, व्हेला आवो रे ...दादाने

ओल्या गामना भाविको वीरा व्हेला आवो रे,
मारा दादाना भावभर्या गीतडां गावो रे
स्तवन गावो, साथे गावो, नाचो, गावो रे ...दादाने

**નાની નાની વાતોમાં જ આપણાં સિદ્ધાંતોની પરિક્ષા થાય છે.**



# पथ्थरने पारस करनारा...

पथ्थरने पारस करनारा, कथीरने कांचन करनारा
प्यारा पारसनाथ, प्यारा पारसनाथ...

जीवननी ज्योति धरनारा, अंतरनुं तिमिर हरनारा
प्यारा पारसनाथ, प्यारा पारसनाथ...

पथ्थर जेवो पामर प्राणी, नहि घडतर के घाट,
अंधारे अंधारे भटकुं, ना मळती कोई वाट,
घटघटना जीवतर घडनारा, आंतरशत्रुने हणनारा
प्यारा पारसनाथ, प्यारा पारसनाथ...

भडभडती ओल्या जोगीनी आगमां, नागने बळतो दीठो,
मूंगा ओ जीवने मृत्यु टाणे, मंत्र सुणाव्यो मीठो,
झेर हळाहळ जीरवनारा, नयनोथी अमृत वरसावनारा
प्यारा पारसनाथ, प्यारा पारसनाथ...

हुं छुं अनाथ, मारे थावुं सनाथ,
मने देजो रे साथ, ओ त्रिभुवनना नाथ,
भवअटवीमां भुलो पड्यो छुं, जालजो मारो हाथ,
भुल्यांने मारग देखाडनारा, डूबेलाने उगारनारा
प्यारा पारसनाथ, प्यारा पारसनाथ...



gayak-stavan.pm6,mch2,44

# प्रभुजी आछी लागी...

प्रभुजी आछी लागी रे थोरी प्रितडी
मारा मनडामे (२) जागी जगमग ज्योत प्रभुजी...आछी

प्रभुजी थारा दर्शनसुं सुख निपजे (२)
थारी ओलुडी (२) आवे रे घणी आज प्रभुजी... आछी

प्रभुजी लगनी लागी रे थारा नामरी (२)
मारा अंतरमे (२) उठे रे हिलोर प्रभुजी... आछी

प्रभुजी भक्ति करवारा घणा कोड रे (२)
लागो मनडाने (२) मीठा घणा नाथ प्रभुजी... आछी

प्रभुजी थारा वियोगे, छाती धुजती (२)
दादा मागुं मागुं (२) थारी माया नाथ प्रभुजी... आछी

दादा में यें पुकारुं सुणजो विनंती (२)
थोरा भाविकोने (२) उतारो भवपार प्रभुजी... आछी

મરણા ભલા હૈ ઉસકા જો અપને લીયે જીયે,
જીના ભલા હૈ ઉસકા જો મરે ધર્મ કે લીયે.



# पापीने तुं प्यार...(तर्ज : चांदीकी दीवार नी तोडी)

पापीने तुं प्यार करीले पापीनो उद्धार थशे
तारा नामे धर्मतणो दुनियामां जयजयकार थशे

धर्म कहे छे आ दुनियामां जीव बधानो सरखो छे
उंचा नीचा कर्म भले हो, आतम सौनो सरखो छे
मुक्तिनो अधिकार जगतमां सौ प्राणीने सरखो छे !
सरखा सौने तुं समजीले, सौनी उपर प्यार थशे... तारा

पथ्थरने तुं घाट घडीने देव तणो आकार धरे
पावन एनुं रुप खीलववा, मंत्रोनो उच्चार करे
पथ्थरथी शुं मानव भुंडो, ओने कां धीक्कार करे ?
झेर जशे जो आंखोमांथी, अमृतनो संचार थशे... तारा

हेत भर्या जे तुज हैयामां पापी उपर ढोळी दे
करुणानी पावन धारामां, ओना पाप झबोळी दे
बंद थया जे चक्षु ओना, हळवे रहीने खोली दे
तारो पण उद्धार थशे, ने ओनो पण उद्धार थशे... तारा

સજ્જનોથી બીજાના ગુણો બોલ્યા વગર રહેવાય નહિં
અને દુર્જનોથી બીજાના દોષો બોલ્યા વગર રહેવાય નહિં.



gayak-stavan.pm6,mch2,45

# पाप अने प्रायश्चित्त

पाप अने प्रायश्चित्तनो आ, केवो अजब चकरावो
रोज करुं हुं पाप अने हुं, रोज करुं पस्तावो...(२)
पाप करतां पाछुं न जोयुं...जाणे अनेरो ल्हावो
रोज करुं हुं पाप अने हुं, रोज करुं पस्तावो...(२)

परमेश्वरनो डर न लागे...ना डर छे परभवनो
जीवतर एळे जातुं तोये...ख्याल नथी परभवनो
रंगरागनी पाछळ आवे, छे वारो रडवानो...रोज करुं हुं

धर्मने में तो जीवनमांथी जुदो पाडी दीधो
धन प्राप्तिमां नडे न एवो...सगवडीयो करी दीधो
जीववुं एवी रीते जाणे, कदीये ना मरवानो...रोज करुं हुं

कादवमां खरडीने काया पाछो धोवा बेसुं
मायामां डूबकी मारीने...पाछो रोवा बेसुं
खबर नथी के एक दिवस, आ भवसागर डूबवानो...रोज करुं हुं

नाटकिया जेवुं छे हे प्रभु ! आखुं जीवन मारुं
पोपटियानी माफक उच्चरुं नाम प्रभु हुं तारुं
जन्ममरणनो फेरो मारो केम करी टळवानो...रोज करुं हुं

**प्रभुआज्ञा विरुद्ध प्रवृत्ति એટલે ? ચાંદલા પર કોલસાની ભુક્કી.**



# प्रभु ! तें मने जे आप्युं छे...

प्रभु ! तें मने जे आप्युं छे, एनो बदलो हुं शें वाळुं ?
बस तारी भक्ति करीकरीने, मारां मनडांने वाळुं...

प्रभु ! नरक निगोदथी तें तार्यो, मने अनंत दुःखोथी उगार्यो
तारा उपकार अनंता छे, एनो बदलो हुं शें वाळुं ? बस तारी...

अहीं लगी पहोंच्यो प्रभु तारी कृपा, तुज शासन पाम्यो तारी कृपा
जैनधर्म तणी बलिहारी छे, एनो बदलो हुं शें वाळुं ? बस तारी...

प्रभु ! मोक्षनगरनो सथवारो, हुं मोहनगरमां वसनारो
तुं भवोभवनो उपकारी छे, एनो बदलो हुं शें वाळुं ? बस तारी...

# पायो जी मैंने रामरतन धन...

पायो जी मैंने रामरतन धन पायो (२)
वस्तु अमोलिक दी मेरे सत्‌गुरु, किरपाकर अपनायो...

जनम जनमकी पूंजी पाइ, जगमें सभी खोवायो...
खर्चे न खूटे, वाको चोर न लूटै, दिनदिन बढत सवायो...

सतकी नाव, खेवटिया सत्‌गुरु, भवसागर तर आयो...
मीरांके प्रभु गिरिधरनागर, हरख हरख जस गायो...



gayak-stavan.pm6,mch2,46

# पंखीडाने आ पिंजरुं...

पंखीडाने आ पिंजरुं जूनुं जुनुं लागे रे...
बहुये समजाव्युं तोये पंखी नवुं पिंजरुं मांगे...

उमट्यो अजंपो एने, पंडना रे प्राणनो,
अणधर्यो कर्यो मनोरथ, दूरनां प्रयाणनो
अणदिठे देश जावा लगनी एने लागी...बहुये समजाव्युं

सोने मढेल बाजठियोने, सोने मढेल झूलो,
हीरे मढेल वींझणो मोतीनो, मोंघो अणमुलो
पागल ना बनीये भेरुं कोइनां रंगे रागे...बहुये समजाव्युं

मान मान ओ पंखीडा आ नथी सज्जननी रीत
आवुं जो करवुं हतुं तो (तारे) नो'ती करवी प्रीत,
ओछुं शुं आव्युं ? साथी सथवारो त्यागे...बहुये समजाव्युं

જગની જુઠી જાહો જલાલી,
પરભવની કરશે પાયમાલી,
સોનેરી સમય આવ્યો છે હાથમાં,
દેવ ગુરૂને ધર્મ રાખીયે સાથમાં



# प्रभुजीने पडदामां राखमां...

प्रभुजीने पडदामां राखमां, पूजारी !
तारा, आतमने ओझलमां राखमां !

वायु वींझाशे ने दीवडो होलाशे,
एवी भीति वंटोळियानी भाखमां,
आडे ऊभो छे तारो देह अडीखम,
भळी जाशे ए तो खाखमां... पूजारी तारा...

ऊडीऊडीने आव्यां पंखी हिमाळेथी,
थाक भरेलो एनी पांखमां,
सात समंदर पार कर्या एनुं,
नथी रे गुमान एनी आंखमां... पूजारी तारा...

आंखनां रतन तारा छोने होलाय,
छोने हीरा लूंटाय तारा लाखना,
हैयानो हीरो तारो नहि रे लूंटाय कोइथी,
खोटा हीराने खेंची राख मा... पूजारी तारा...

બંધનોપે વિજય પાકર જો નિજ સત્ય નિભાતા હૈ,
વોહી ઇન્સાન નર સે નારાયણ ખુદ વ ખુદ બન જાતા હૈ.



gayak-stavan.pm6,mch2,47

# प्रभुजी मांगु तारी पास...

प्रभुजी मांगु तारी पास, मारी पुरी करजे आश
प्रभु मांगीमांगीने मांगु एटलुं
मने आवतो भव एवो आपजे (२)

जन्म महाविदेहमां होय, वळी तीर्थंकर कुळ होय
पारणामां नवकार संभळाय रे, मने आवतो भव एवो आपजे

वर्ष आठमुं ज होय, प्रभु समोसर्या होय
उमंगे व्याख्याने जवाय रे, मने आवतो भव एवो आपजे

सुणतां वैराग्य ज थाय, वळी अनुज्ञा मळी जाय
कोइ आवे नहीं अंतराय रे, मने आवतो भव एवो आपजे

प्रभु हाथे दीक्षा थाय, हजारो साथे लेवाय
अने चौदपूरव भणाय रे, मने आवतो भव एवो आपजे

जिन कल्पीपणुं होय, उग्र अभिग्रह होय
मास-मासक्षमण कराय रे, मने आवतो भव एवो आपजे

क्षपक श्रेणीए चढाय, घाती कर्म खपाय
केवळज्ञान उत्पन्न थई जाय रे, मने आवतो भव एवो आपजे

मानव जन्म मळी जाय, एवी करणी कराय
अने मुक्तिपुरीमां जवाय रे, मने आवतो भव एवो आपजे



# प्रेम भरेलुं हैयुं...

प्रेम भरेलुं हैयुं लइने तारे द्वारे आव्यो छुं
जो तुं मुजने तरछोडे तो दुनियामां क्यां जाउं हुं

जाणुं ना हुं पूजा तारी जाणुं ना भक्तिनी रीत हुं
कालीघेली वाणीमां गातो, प्रभुजी तारां गीत हुं
बाळ बनीने खोळे तारा रमवाने हुं आव्यो छुं...प्रेम भरेलुं

संसारीना सुखडा केरी वात विसारी मेली छे
दिनदयाळा हे जगत्राता, एक ज तुं ही बेली छे
कंइक जनमनां पापो मारां, धोवाने हुं आव्यो छुं...प्रेम भरेलुं

प्रभुजी तारां दर्शन काजे नयनो मारां तलसे छे
नानकडी आ आंखलडीथी अश्रुधारा वरसे छे
चाकर थइने चरणे तारां, रहेवाने हुं आव्यो छुं...प्रेम भरेलुं

**નિત્ય ઝઘડવું આ સૃષ્ટિમાં વસનારથી બનતું નથી,**
**સર્જનકાર્ય કદાપી આ સૃષ્ટિમાં સંહારથી બનતું નથી,**
**એમ કહી ગયાં છે મહાવીર સ્વામી આખાયે આ જગતને,**
**કે જે બને છે પ્રેમથી એ તકરારથી બનતું નથી.**



gayak-stavan.pm6,mch2,48

# प्रभु जेवो गणो...

प्रभु जेवो गणो तेवो, तथापी बाळ तारो छुं,
तने मारा जेवा लाखो, परंतु एक मारे तुं,

नथी शक्ति निरखवानी, नथी भक्ति परखवानी,
नथी तुज ध्याननी लगनी, तथापी बाळ तारो छुं,

नथी तप जप में किधां, नथी कंइ दान पण विधा,
अधम रस्ता सदा लिधा, तथापि बाळ तारो छुं

दयाकर दु:ख भव कापी, अभय ने शांतिपद आपी,
प्रभु हुं छुं पूरो पापी, तथापि बाळ तारो छुं.

अरिहंत देव ओ प्यारां, गुन्हा कर माफ सौ मारा,
भूल्यो उपकार हुं तारा, तथापि बाळ तारो छुं

શું બાળકો મા-બાપ પાસે બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક આજ ભોળા ભાવથી
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી !!



# प्रभु आटलुं आपजे...(संथारो)

प्रभु आटलुं मने आपजे, आयुष्यनी छेल्ली घडी,
ना रहे मुज कोइ बंधन, मायातणुं छेल्ली घडी.

मरणपथारी पासे स्वजनो, ने संबंधी हो भले,
जोया करे आ देहने पण, चित्त मारुं नव चले.

मारी नजर मीठी फरे, मागे क्षमा सहु जीवनी,
प्रभु आपजे माफी मने, नानी-मोटी मुज भूलनी.

सहेवाय ना मारा थकी एवी पीडा कदी उपडे,
तो दोडीने हाजर थजे तुं, तेज स्वरुपी मुखडे

छेल्ली कसोटी आकरी, प्रभु मूंझवे सहुने घणी,
कृपा करीने तारजे, मने भक्तजन तारो गणी.

दइ दान भक्तिनुं तें कह्युं, रहेजे हवे निर्भय बनी.
आप्युं वचन छे तें मने, तो पाळजे प्रभु हेतथी.

दिवस त्रण बाकी रहे, भगवान त्यारे आपजे,
देहत्यागनां समयनुं ने, दिननुं तुं ज्ञान मने.

जेथी मंगल हेतुए हुं, लीन थइने करी शकुं,
चिंतन रुडुं ने ध्यान ऊंडु, दिव्यज्योति स्वरुपनुं.

शरीर बहु निर्बळ बने ने, श्वास छेल्लो संचरे.
वेळा एवी तुं आपजे, ना होय अगवड कोइने,

प्रभु आटलुं मने आपजे तुं, आयुनी छेल्ली पळे,
शांति, समता, स्थिरता, मने आवीने सहेजे मळे.



gayak-stavan.pm6,mch2,49

# पार्श्व तारा नाम...

पार्श्व तारा नाम छे हजार क्या नामे लखवी कंकोतरी,
रोज रोज बदले मुकाम क्या नामे लखवी कंकोतरी,
जुदा सवारना, जुदा बपोरना, सांजे तेम दीसो छो स्वरुपमां,
पड्युं मारे आज तारुं काम... क्या नामे...
भींडभंडन पार्श्वजी, अमीझरा पार्श्वजी,
जीरावला पार्श्वजी ने अंतरिक्ष पार्श्वजी,
राजनगरे मैरया पार्श्वजी सोहाय... क्या नामे...
दर्भावती लोढण पार्श्वनाथ सोहाय,
स्थंभन पार्श्वजी ने, शामळीया पार्श्वजी,
चिंतामणि पार्श्वजी ने मक्षी पार्श्वजी,
गोडीजी मुंबइमांय... क्या नामे...
मनमोहन पार्श्वजी ने नाकोडा पार्श्वजी,
पंचासरा पार्श्वजी ने नवखंडा पार्श्वजी,
मेहसाणामां मनरंजन पार्श्वनाथ सोहाय... क्या नामे...
अमीझरा पार्श्वजी ने सहस्त्रफणा पार्श्वजी,
लोद्रवा पार्श्वजी ने स्वयं प्रभु पार्श्वजी,
उज्जैनमां अवंती पार्श्वजी सोहाय... क्या नामे...
फलोदी पार्श्वजी ने करेडा पार्श्वजी,
अजाहरा पार्श्वजी ने वरकाणा पार्श्वजी,
चाणस्मामां भेटवा पार्श्वजी सोहाय... क्या नामे...
भविकजीवोने सुमति आपो, भवसिंधुमां पार उतारो,
करशन वदे तुज पाय... क्या नामे...



# फूल नहिं तो पांखडी...

फूल नहिं तो पांखडी प्रभु, तारा चरणे धरवी,
जनम जनमनी तन मन धननी, मोहवासना हरवी

तारी दयाथी मळ्युं जे मुजने, अे छे सघळुं तारुं,
स्वार्थ अने अभिमानथी, हुं तो करतो मारुं मारुं,
आ जगनी सौ माया ममता, तारा चरणे धरवी...फूल नहिं

नरक निगोदना महादु:खोथी, तें प्रभु अमने तार्या,
क्षणक्षण समरे तुं प्रभु अमने, अमे भले ने विसार्या,
ऋण अनंतु छे प्रभु तारुं, शानी याचना करवी...फूल नहिं

आ संसारे सुख मेळववा, पापनुं पाणी वलोव्युं,
स्वामी तारी भक्ति जेवुं, सुख क्यांय ना जोयुं,
भावहृदय हुं करुं समर्पण तारे करुणा करवी... फूल नहिं

**કર્મ કે ઢેર મેં ભી પ્રભૂભક્તિ આગ લગા દેતી હૈ,**
**જીનરાજકી ભક્તિ આત્માકો વિતરાગ બના દેતી હૈ,**
**સંસાર મેં રહકર ઇન્સાન ભગવાનકો ક્યું ભૂલ જાતા હૈ ?**
**જન્મો કા પાપ મેલ પ્રભૂભક્તિ સે હી ધૂલ જાતા હૈ.**



gayak-stavan.pm6,mch2,50

## બહુ પુણ્યકેરા...

बहु पुण्यकेरा पुंजथी, शुभ देह मानवनो मळ्यो,
तोये अरे भवचक्रनो आंटो नहि अेक्के टळ्यो,
सुख प्राप्त करतां सुख टळे छे, लेश ए लक्षे लहो,
क्षण क्षण भयंकर भावमरणे, कां अहो राची रहो ?...बहु

लक्ष्मी अने अधिकार वधतां, शुं वध्युं ते तो कहो ?
शुं कुटुंब के परिवारथी, वधवापणुं ए नय ग्रहो,
वधवापणुं संसारनुं नरदेहने हारी जवो,
एनो विचार नहीं अहोहो ! एक पळ तमने हवो !...बहु

निर्दोष सुख निर्दोष आनंद, ल्यो गमे त्यांथी भले,
ए दिव्य शक्तिमान जेथी, जंजिरेथी नीकळे,
परवस्तुमां नहि मुंजवो, एनी दया मुजने रही,
ए त्यागवा सिद्धांत के, पश्चात्, दुःख ते सुख नहीं...बहु

हुं कोण छुं ? क्यांथी थयो ? शुं स्वरुप छे मारुं खरुं ?
कोना संबंधे वळगणा छे ? राखुं के ए परहरुं ?
एना विचार विवेकपूर्वक, शांत भावे जो कर्या,
तो सर्व आत्मिक ज्ञाननां, सिद्धांततत्त्व अनुभव्यां...बहु

ते प्राप्त करवा वचन कोनुं सत्य केवळ मानवुं ?
निर्दोष नरनुं कथन मानो 'तेह' जेणे अनुभव्युं,
रे ! आत्म तारो ! आत्म तारो ! शीघ्र अने ओळखो,
सर्वात्ममां समद्रष्टि द्यो, आ वचनने हृदये लखो...बहु



## બધી મીલ્કત... (तर्ज : मेरी किस्मत में तु नहीं- प्रेम रोग)

बधी मील्कत धरुं तारा चरणे, तारी करुणानी तोले ना आवे
ते मने प्यार जे कर्यो भगवंत, माराथी अेनुं मूल न थाये...
जींदगीभर तने भजुं तो पण, तारी ममतानी तोले ना आवे
तें मने धर्म जे दिधो भगवंत...माराथी अेनुं मूल ना थाये

अनादिकाळथी भटकवामां कोइ स्थाने थयुं मिलन तारूं,
या तो उपदेश में सुण्यो तारो, जेणे बदली दीधुं जीवन मारूं,
भोमीया तो घणां मळ्यां मुजने, कोइ प्रभू ! तारी तोले ना आवे,
ते मने राह जे बताव्यो छे, माराथी अेनुं मूल ना थाये...

मळ्या जे सुखों मने आजे, ए बधा धर्मना प्रभावे छे,
तारां चरणे बधु धरी देतां, मने आनंद अती आवे छे,
तारुं आ ऋण क्यारे चुकवाशे, मने अंदाज अेनो ना आवे,
भवोभव सेवना करुं तारी, तोये संतोष मुजने ना थाये...

मने साची सलाह ते दिधी, अेथी आचरण में कर्युं अेनुं,
खरी करणी करी भवोभवमां, आ भवे फळ मळ्युं मने अेनुं,
मारा उपकारी छे घणां जगमां, कोइ प्रभू तारी तोले न आवे,
ते मने धर्म जे पमाड्यो छे, माराथी अेनुं मूल ना थाये...



gayak-stavan.pm6,mch2,51

## भक्तिमां भींजाणा.(तर्ज : मोंरना पींछडा वाळो कानुडो)

ए...गान तमारां गातां गातां, अमे समयनुं भान भुल्यां,
खावुं भुल्यां पीवुं भुल्यां, ऊंघ अने आराम भुल्यां,
ए...राग भुल्यांने द्वेष भुल्यां वळी, पाप तणो व्यापार भुल्यां
एवा एकाकार बन्यां के, सळगेलो संसार भुल्यां...

भक्तिमां भींजाणा रे, प्रभु तारी भक्तिमां भींजाणा, (२)
आधि ने व्याधि बधी थई गई उपाधि, (२)
ए...ज्यारे कीर्तननां रंगमा रंगाणा रे, प्रभु तारी भक्तीमां..

बसुरा काम बधां मेल्या रे वेगळा (२)
ए...ज्यारे तं बुराना तार संभळाणा रे, प्रभु तारी भक्तीमां..

मननां माकडां आव्या अंकुशमां (२)
ए...ज्यारे मंजीरानां नाद संभळाणा रे, प्रभु तारी भक्तीमां...

चिंताना घोडलां भाग्यां भडकतां (२)
ए...ज्यारे तबलाना ताल संभळाणा रे, प्रभु तारी भक्तीमां...

शांतिना सागरे दीधी रे डूबकी (२)
ए...ज्यारे मीठां भजन संभळाणा रे,प्रभु तारी भक्तीमां...

हैयानां होडलां मांड्यां हिलोळवां (२)
ए...ज्यारे भावोनां नीर छलकाणां रे,प्रभु तारी भक्तीमां...

कर्मोनां पोपडां मांड्यां उखडवां (२)
ए...ज्यारे भक्तिनां पुर उभराणां रे,प्रभु तारी भक्तीमां...



## भक्ति करतां छूटे...(तर्ज : तने साचवे पार्वती)

भक्ति करतां छूटे मारा प्राण, प्रभु एवुं मागुं छुं,
रहे हृदय कमलमां तारुं ध्यान, प्रभु एवुं मागुं छुं

तारुं मुखडुं मनोहर जोया करुं,
रात दिवस गुणो तारां गाया करुं,
अंत समय रहे तारुं ध्यान, प्रभु एवुं मांगु छुं... भक्ति

मारी आशा निराशा करशो नहिं,
मारा अवगुण हैयामां धरशो नहिं,
श्वासोच्छवासे रहे तारुं ध्यान, प्रभु एवुं मांगु छुं... भक्ति

मारां पाप ने ताप समावी देजो,
आ सेवकने चरणोमां राखी लेजो,
आवी देजोने दर्शन दान, प्रभु एवुं मांगु छुं... भक्ति

પ્રભુ તારી ભક્તિનો મને સહારો મળ્યો છે,
કે મઝધારે મને કીનારો મળ્યો છે,
સ્વર્ગની હવે નથી રહી ઝંખના મને,
કારણ, તારા હૃદયમાં ઉતારો મળ્યો છે.



gayak-stavan.pm6,mch2,52

# भुलां रे पड्यां...(तर्ज : छैंये दु:खीया रे अमे...)

भूलां रे पड्यां रे अमे भूलां रे पड्यां,
अमे भवनां मुसाफिर भूलां रे पड्यां...
क्यां ये जवुं हतुं ने क्यां जई चढ्यां,
अमे भवनां मूसाफिर भूलां रे पड्यां...

जावां निकळ्यां'ता अमे उगमणी दिशाओ (२)
आथमणे छेडे अंते आवीने अडयां... अमे भवना

मननां मिनारा अमे बांध्या'ता आभ उंचा (२)
सोनानां शिखरो ओनां तूटी रे पड्यां... अमे भवना

हिरा माणेकने अमे प्रभु गणी पुजीयां रे (२),
पथराओ थईने ओ तो पंथे नड्यां... अमे भवना

जगदिशने जोवा काजे दशे दिशा आथड्यां रे (२),
आखर जोयुं तो मारां घरमां जड्यां... अमे भवना

> તારી ભક્તિનો મને સહારો મળ્યો છે,
> કે મઝધારે અને કીનારો મળ્યો છે,
> સ્વર્ગની હવે નથી રહી ઝંખના મને,
> કારણ, તારા હૃદયમાં મને ઉતારો મળ્યો છે.



# भूलो भूले बीजुं बधुं...(संत पुनीतजी)

भूलो भले बीजुं बधुं मा-बापने भूलशो नहि,
अगणित छे उपकार एना, एह विसरशो नहि,

पत्थर पूज्या पृथ्वीतणां, त्यारे दीठुं तम मुखडुं,
ए पुनितजननां काळजां, पत्थर बनी छूंदशो नहि...भूलो

काढी मुखेथी कोळिया म्होंमां दइ मोटा कर्या,
ए अमृतना देनार सामे, झेर उगळशो नहि... भूलो

लाखो लडाव्यां लाड तमने, कोड सौ पूरा कर्या,
ए कोडना पूरनारनां, कोड पूरवा भूलशो नहि... भूलो

लाखो कमातां हो भले, मा-बाप जेनां ना ठर्यां,
ए लाख नहीं पण राख छे, ए मानवुं भूलशो नहि... भूलो

संतानथी सेवा चाहो, संतान छो सेवा करो,
''जेवुं करो तेवुं भरो'', ए भावना भूलशो नहि... भूलो

भीने सुइ पोते अने, सूके सुवाड्या आपने,
ए अमिमय आंखने, भूलीने भिंजवशो नहि... भुलो

पुष्पो बिछाव्यां प्रेमथी, जेणे तमारा राह पर,
ओ राहबरना राह पर, कंटक कदी बनशो नहि... भूलो

धन खरचतां मळशे बधुं, माता-पिता मळशे नहि,
एना पूनित चरणो तणी चाहना कदी भूलशो नहि...भूलो



gayak-stavan.pm6,mch2,53

## भुला पडयाना तमे...(तर्ज : तुम्हीं हो माता-पिता...)

भुलापड्यानां तमे दीपक छो, तारणहारा खरा तमे छो...

उंचा नीचानो भेद न तमने, सौये छे सरखां प्रभुजी तमने,
पतीतने वळी बुरा भलाना, तारण हारा खरा तमे छो...

तमारा स्मरणे छे सुखशाता, तमारां दर्शनथी दु:ख जाता,
तमारुं शरणुं छे मूक्तीदाता, तारणहारा खरा तमे छो...

बहारद्रष्टी बंध करीने, अंतर लगनी लगाववी छे,
प्रकाश पुरजो अंतर अमारा, तारणहारा खरा तमे छो...

श्री जैन संयुक्त मंडळ गावे, लेजो बचावी कोइ प्रकारे,
जेवा तेवा तोये, अमे तमारो, तारणहारा खरा तमे छो...

પાપ થાય તેવું કમાશો નહિ, દેવું થાય તેવું ખર્ચશો નહિ
ક્લેશ થાય તેવું બોલશો નહિ, રોગ થાય તેવું ખાશો નહિ
ચિંતા થાય તેવું જીવશો નહિ.



## भजनारो ते..(तर्ज : मणीयारो ते हालु हालु...लोकगीत)

हां... भजनारो ते आव्यो त्यारे द्वारे रे...(२)
प्रभु भवजलथी पार उतारो रे...
आव्यो हुं तो दूर दूर थी भजनारो...(२)

हां... कामणगारी प्रभु तारी मूर्ती ने...(२)
एना दर्शनथी दु:ख दूर थाय रे...आव्यो हुं तो...

हां... रंगबेरंगी फूलडां तारी आंगीमां रे...(२)
तारे मस्तके मुगट सोहाय रे...आव्यो हुं तो...

हां... बायें बाजुबंध बेरखां ने...(२)
तारे काने ते कुंडळ सोहाय रे...आव्यो हुं तो...

हां... आंगी रची छे तारी लाखेणी...रे...(२)
के एमां झगमग कंइ हिरला थाय रे...आव्यो हुं तो...

हां... भक्तो मळी गावे तारे द्वारे रे...(२)
एना जीवननी डोर तारे हाथ रे... आव्यो हुं तो...

रचनाकार : *वीरुजी*

પ્રિયવચન, સજ્જનતા, દાતારી ને રહેવું ખુશવંત,
આ બધું બજારે ના મળે ! બિના કૃપા ભગવંત



gayak-stavan.pm6,mch2,54

# भाडानुं मकान...

जीव शाने फरे गुमानमां ?
तारे रहेवुं भाडानां मकानमां...(२)
रोज म्हाले छे, एसो आराममां,
तारे रहेवुं भाडानां मकानमां...(२)

मानी मारो मकान, कीधा रंग रोगान (२),
जाणे कायम (२) लीधुं छे वेचाणमां...तारे रहेवुं भाडानां

राखे एवो रुबाव, जाणे मोटो नवाब (२)
काळ आवी (२) कहेशे तारा कानमां...तारे रहेवुं भाडानां

लेशे जमडो झाली, करशे पलमां खाली (२)
तारुं चाले नहिं (२) डहापण त्यां काममां...तारे रहेवुं भाडानां

आवे हुकमनामुं, नहिं चाले बानुं (२)
ज्ञानीओअे समजाव्युं छे शानमां...तारे रहेवुं भाडानां

આ મનખો મેલીને જાવું એક દાડે,
જમડાં રે હારે, કોઇનું જોર ન ચાલે,
પૂછી લે, ઉતારાં કોઇનાં કેટલાં દાડે ?
આ ખોળીયું લીધું છે માંગીને ભાડે !!



# मारो बेडो लगा दिजो पार...

मारो बेडो लगा दिजो पार, नाकोडा'रा पारसजी (२)

दुनिया में थोरो परचो भारी, थोरी, महिमा अपरंपार,

भैरुजी थोरी चौकी पूरे, जिनवर, जगदाधार

मनवांछित फल देवो सबने, तीनलोक'रा नाथ

कर्म भयंकर काटो सबरा, करता घणो उपकार

दुरदेशो'रा जात्रु आवे, करता जय जयकार

मंगलकारी पार्श्वप्रभुजी, तीनभुवन किरतार

"भाविक" आवे थोरे चरणे, भक्ति करे दिन रात

દુઃખીયોંકા બેલી અનાથ કા નાથ,
પ્યાર હૈ હમકો પારસનાથ,
રખના હમપે મીઠી નજરીયા,
લાગી લગન તોરી જીનવરીયા.



gayak-stavan.pm6,mch2,55

# मैत्रीभावनुं पवित्र...

मैत्रीभावनुं पवित्र झरणुं, मुज हैयामां वहयां करे,
शुभ थाओ आ सकल विश्वनुं, अेवी भावना नित्य रहे

गुणथी भरेलां गुणीजन देखी, हैयुं मारुं नृत्य करे,
अे संतोना चरण कमलमां, मुज जीवननुं अर्ध्य रहे,
दीन, क्रुरने, धर्म विहोणां, देखी दिलमां दर्द रहे,
करुणाभीनी आंखोमांथी, अश्रुनो शुभ स्रोत वहे...मैत्री

मार्गभुलेलां जीवन पथिकने, मार्ग चिंधवा उभो रहुं,
करे उपेक्षा अे मारगनी, तोये समता चित धरुं,
चित्रभानुनी (विरप्रभुनी) धर्म भावना, हैये सौ मानव लावे,
वेर-झेरनां पाप तजीने, मंगलगीतो अे गावे... मैत्री

# मंदिर तारुं विश्व रुपाळुं...

मंदिर तारुं विश्वरुपाळुं, सुंदर सर्जनहारा रे,
पळपळ तारा दरशन थाये, देखे देखणहारा रे... मंदिर

नहीं पूजारी, नहीं कोइ देवा, नहीं मंदिरने ताळां रे,
नीलगगनमां महिमा गातां, चांदो सूरज तारा रे... मंदिर

वर्णन करतां शोभा तारी, थाक्यां कविगण सारा रे,
मंदिरमां तुं क्यां छुपायो, शोधे सौ शोधनारा रे... मंदिर



# मैली चादर...

मैली चादर ओढके कैसे, द्वार तुम्हारें आऊं ?
हे, पावन परमेश्वर मेरे, मन ही मन शरमाऊं..मैली चादर

तूने मुझको जगमें भेजा, देकर निर्मल काया,
अकरके संसारमें मैने, इस पर दाग लगाया,
जनम जनमकी मैली चादर, कैसे दाग छुपाऊं..मैली चादर

निर्मल वाणी पाकर तुझसे, नाम न तेरा ध्याया,
नैन मलाकर हे परमेश्वर, कभी न तूझको ध्याया,
मन वीणाके तार हैं टूटे, अब क्या गीत सुनाऊं..मैली चादर

ईन पैरोंसे चलकर तेरे, मंदिर कभी न आया,
जहां जहां हो मूरत तेरी, कभी न शीश झुकाया,
हे महावीर मैं हारके आया, अब क्या हार चढाऊं..मैली चादर

ગર્વ લઇને હું તો દુનિયામાં ફરતો,
લોકોની વાહવાહ પર ગજગજ ઉછરતો,
ક્ષણે ક્ષણે ક્રોધ કરૂં, ક્ષણે ક્ષણે રાગ કરૂં,
અંતરના ખૂણે ખૂણે, ઇર્ષ્યાની આગ ભરૂં.



gayak-stavan.pm6,mch2,56

# मिच्छामी दुक्कडम्...

धर्म आराधनानो अेकज छे सार, करजो क्षमापना बनीने उदार
सहुने खमावो अंतरनी साथे, पश्चातापनी आंसुभरी आंखे
करजो सहुनां आतमथी प्यार... करजो क्षमापना

भूलो बिजानी यादना आवे, प्रेममां जोजो फरीयाद ना आवे
सहुथी महान छे क्षमा आपनार... करजो क्षमापना

तूटेलां प्रीतिना तारोने सांधी, हैये क्षमाना तोरण बांधी
तूट्यां दिलोनां जोडजो तार... करजो क्षमापना

करुणानां काजळ आंखोमां आंजो, मैत्रीथी मेला मनडांने मांजो,
हेत ने प्रीतनां साजो शणगार... करजो क्षमापना

आंसु उदासीना अंधारा हरजो, स्नेहनां दिवडा जीवनमां धरजो
'मिच्छामि दुक्कडम्' ना गुंजे रणकार...करजो क्षमापना

## क्षमापना

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे,
मित्ती मे सव्व भूअेसु, वेरं मज्झं न केणई

વીરેન્દ્ર દોશી, રમીલા દોશી, ભાવિક દોશી, જીનલ દોશી,
જૈના દોશી તથા સમસ્ત ગુંદરવાલા પરિવાર (ઘાટકોપર-મુંબઇ)
ગામ : મોટા ખુંટવડા-મહુવા-સૌરાષ્ટ્ર



# मीठां मधु ने मीठा मेहुला...(कविश्री बोटादकर)

मीठां मधु ने मीठां मेहुला रे लोल,
एथी मीठी ते मोटी मात रे,
जननीनी जोड जगे ! नहि जडे रे लोल. (२)

प्रभुनां अे प्रेमतणी पूतळी रे लोल,
जगथी जुदेरी एनी जात रे, जननीनी...

अमीनी भरेली एनी आंखडी रे लोल,
व्हालनां भरेलां एनां वेण रे, जननीनी...

हाथ गूंथेल एना हीरनां रे लोल,
हैयुं हेमंत केरी हेल रे, जननीनी...

देवोने दूध एनां दोह्यलां रे लोल,
शशीए सिंचेल एनी सोड्य रे, जननीनी...

जगनो आधार एनी आंगळी रे लोल,
काळजामां कैंक भर्या कोड रे, जननीनी...

मूंगी आशिष उरे मलकती रे लोल,
लेतां खूटे न एनी ल्हाण रे, जननीनी...

गंगाना नीर तो वधे घटे रे लोल,
सरखो अेना प्रेमनो प्रवाह रे, जननीनी...

वरसे घडीक व्योम वादळी रे लोल,
माडीनो मेघ बारे मास रे, जननीनी...



gayak-stavan.pm6,mch2,57

# मारूं आयरवुं खूटे. (तर्ज : जरा सामने तो आवो छलीये)

मारुं आयखुं खूटे जे घडीए, त्यारे मारा हृदयमां पधारजो
छे अरजी तमोने बस एटली, मारा मृत्युने स्वामी सुधारजो

जीवननो ना कोइ भरोसो...दोडादोडीनां आ युगमां
अंतरियाळे जइने पडुं जो...ओचिंता मृत्युना मुखमां
त्यारे मारा स्वजन बनी आवजो, थोडां शब्दो धरमना सुणावजो,
छे अरजी तमोने बस एटली, मारा मृत्युने स्वामी सुधारजो..

दर्दो वध्या छे आ दुनियामां...मारे रीबावी रीबावीने
एवी बीमारी जो मुजने सतावे...छेल्ली पळोमां रडावीने
त्यारे मारी मददमां पधारजो, पीडा सहेवानी शक्ति वधारजो,
छे अरजी तमोने बस एटली, मारा मृत्युने स्वामी सुधारजो..

जीववुं थोडुं ने झंझाळ झाझी, एवी स्थिति छे आ संसारनी
छूटवा दे ना मरती वेळाए...चिंता मने जो परिवारनी
त्यारे दीपक तमे प्रगटावजो... मारा मोह तिमिरने हटावजो,
छे अरजी तमोने बस एटली, मारा मृत्युने स्वामी सुधारजो..

યાદ રાખજો, એ મુસાફર સ્ટેશનમાંથી વહેલો બહાર નીકળી જાય છે. જેની પાસે સામાન હોતો નથી...



# मारी आंखोमां पार्श्वनाथ...

मारी आंखोमां पार्श्वनाथ आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं
मारा हैयानां हार बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे वधावुं.

तमे वामादेवीना जाया, त्रणे लोकमां आप छवाया (२)
मारा मननां मंदिरीये पधारजो रे, हुं तो पांपणना पुष्पे...वधावुं

भवसागर छे बहु भारी, झोला खाती छे नावडी मारी (२)
नैयानां सुकानी बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे...वधावुं

मने मोहराजाए हराव्यो, मने मारग साचो भूलाव्यो (२)
जीवनना सारथी बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे...वधावुं

मारा दिलमां रह्या छो आप, मनमां चाले तमारो जाप (२)
मारा मननां मयुर बनी आवजो रे, हुं तो पांपणना पुष्पे...वधावुं

આપણે કદાચ દિક્ષિત ન થઇ શકીએ, તો પણ દુષિત તો ન જ બનીએ, સંત ન બની શકીયે-શાંત તો બનીએ, યોગી ન બની શકીએ પણ ઉપયોગી તો બનીએ.



gayak-stavan.pm6,mch2,58

# मंगल मंदिर...

मंगल मंदिर खोलो दयामय ! मंगल मंदिर खोलो

जीवनवन अति वेगे वटाव्युं, द्वारे उभो शिशु भोळो,
तिमिर गयुं ने ज्योति प्रकाश्यो, शिशुने उरमां ल्यो, ल्यो
दयामय ! मंगल मंदिर खोलो...

नाम मधुर तव रट्यो निरंतर, शिशु सह प्रेमे बोलो,
दिव्यतृषातुर आव्यो बाळक, प्रेमे अमीरस ढोळो.
दयामय ! मंगल मंदिर खोलो...

# मुक्ति मळे के ना मळे...

मुक्ति मळे के ना मळे...मारे भक्ति तमारी करवी छे.
मेवा मळे के ना मळे...मारे सेवा तमारी करवी छे...मुक्ति

मारो कंठ मधुरो न होय भले, मारो सूर बेसूरो होय भले (२)
शब्दो मळे के ना मळे, मारे स्तवना तमारी करवी छे...मुक्ति

आवे जीवनमां तडका ने छाया, सुख दुःखनां पडे पडछाया (२)
काया रहे के ना रहे, मारे माया तमारी करवी छे...मुक्ति

हुं पंथ तमारो छोडुं नहि, ने दूर दूर क्यांये दोडुं नहि, (२)
पुण्य मळे के ना मळे, मारे पूजा तमारी करवी छे...मुक्ति



# मारो नवकार बेली...(तर्ज : बहारों फुल बरसाओ)

जगत रुठीने शुं करशे ? मारो नवकार बेली छे !
हजारो मंत्र शुं करशे ? मारो नवकार बेली छे !

सुदर्शनशेठनी उपर चढाव्युं आळ राणीए
चढाव्या शूळी पर ज्यारे, चढया नवकारना ध्याने
थयुं शूळीनुं सिंहासन...मारो नवकार

श्रीमती श्राविकासतीने दीधुं अति दुःख सासरिये
घडामां सर्प मूकीने कह्युं फुलमाळ लावोने
गणी नवकार लावे फुलमाळ...मारो नवकार

अमरने होमवा काजे मंगाव्यो बाळ श्रेणिके
लाव्या अग्निकुंडनी पासे गयो नवकारने शरणे
थयो चमत्कार नमे तत्काळ...मारो नवकार

प्रभुए काष्ठ चिरावी उगार्या नाग-नागणने
नवकार मंत्र सुणावी कर्यो उध्धार युगलनो
बन्यां धरणेन्द्र-पद्मावती...मारो नवकार

**ચમત્કાર ત્યાં નમસ્કાર નહીં,**
**પણ નમસ્કાર ત્યાં ચમત્કાર**



gayak-stavan.pm6,mch2,59

## मानवनो जन्म मळ्यो...

मानवनो जन्म मळ्यो, महावीरनो धर्म मळ्यो,
आवो संयोग नहीं आवे फरीवार...नहीं आवे फरीवार...
संतोनो संग मळ्यो, भक्तिनो रंग मळ्यो...आवो संयोग

मानवनो जन्म छे, मुक्तिनुं बारणुं,
महावीरनो धर्म छे विरतीनुं पारणुं...
प्रेमनो प्रकाश मळ्यो, ज्ञाननो उजास मळ्यो...आवो संयोग

मानवना जन्मने देवताओ झंखता,
स्वर्गना सुखचेन एने वारंवार डंखता,
सुंदर आ देह मळ्यो, जिनवरनो स्नेह मळ्यो...आवो संयोग

जन्मने उजाळवो, छे मानवीना हाथमां,
धर्मनो प्रकाश छे मानवीना साथमां,
रुडो अवतार मळ्यो, जीवन आधार मळ्यो...आवो संगोय

એક સરખી બે શિલાઓ, ખાણમાંથી સાંપડી,
એકની મૂર્તિ ઘડી, બીજી પગથીયામાં જડી,
એકને જોવા-જુઓ, ભક્તોતણાં ટોળાં ધસે,
બીજી ઉપરે લોકો, ચંપલ અને જોડાં ઘસે.



## मारी नैया मांगे...(तर्ज : माझी नैया, ढुंढे किनारा)

मारी नैया मांगे सहारा, (२)
कोइ ने कोइ दिन आशा छे के पहोंचे किनारा...मारी नैया

पंथ लांबो अति, मार्ग विकट छे,
शुं ये वादळ घनघोर आकाशे...हो...हो
घडी ने घडी लागे, वागी रह्या छे माथे नगारां, मारी नैया

चारे दिशा जाणे डोलती लागे,
डगमग डगमग नैया थाये...हो...हो
कोइ ने कोइ रीते बची जेने तो जावुं किनारा...मारी नैया

जीवननैया मारी तारे भरोसे,
आंधी भयंकर चडी छे आकाशे...हो...हो
घडी ने घडी शुं ये उछळी रह्यां नीर आ खारा...मारी नैया

श्री जैन संयुक्त मंडळ मागे,
आशा अवरनी कदीये न राखे...हो...हो
तारी कृपाथी पहोंचे नैया मुक्ति किनारा... मारी नैया

હવે અમારે શું ગમતું ? ને શું અણગમતું ?
હરીનામના હલેસાં છે, નાવ ભલે ને રમતું !



gayak-stavan.pm6,mch2,60

# माता मरुदेवीना नंद...

माता मरुदेवीना नंद, (२)
देखी ताहरी मूरति मारुं मन लोभाणुंजी,
मारुं चित्त चोराणुंजी...माता मरुदेवीनां नंद...

करुणानागर करुणासागर, काया कंचनवान,
धोरीलंछन पाउले कांइ, धनुष पांचसे मान...माता

त्रिगडे बेसी धर्म कहंता, सुणे पर्षदा बार,
जोजनगामिनी वाणी मीठी, वरसंती जलधार...माता

उर्वशी रुडी अपछराने, रामा छे मन रंग,
पाये नेपूंर रणझणे कांइ, करती नाटारंभ...माता

तुंही ब्रह्मा तुंही विधाता, तुं जगतारणहार,
तुज सरीखो नहि देव जगतमां, अडवडीआ आधार...माता

तुंही भ्राता तुंही त्राता, तुंही जगतनो देव,
सुर-नर किन्नर वासुदेवा, करतां तुज पद सेव...माता

श्री सिद्धाचल तीरथ केरो, राजा ऋषभजिणंद,
कीर्ति करे 'माणेकमुनि' ताहरी, टाळो भवभव फंद...माता

**શેત્રુંજય શિખરે દીવો રે, આદેશ્વર અલબેલો રે...**



# मुक्तिपुरीना स्वामी...(तर्ज : दुनिया बनानेवाले)

मुक्तिपुरीना स्वामी, सांभळो अरज अमारी,
देखाडो नगरी तमारी, अमने, देखाडो नगरी तमारी,

खूब भम्या अमे आ जंगलमां, आशा लइने एकज मनमां,
मळशे कदी ना कदी मीठो विसामो, (२)
छोडी देशुं त्यारे सघळो उधामो
थाक्या हवे तो अमे, आश फळी न अमारी...देखाडो...

आ जंगलना भोजन प्यारां, रंग अनोखां स्वाद निराला,
खावानुं तो एक टाणुं ना चूक्यां (२)
तोय रह्यां अमे भूख्यां ने भूख्यां,
जागे छे वारे वारे-भांगोने भूख आ अमारी..देखाडो...

आ जंगलना शीतल पाणी, आग शरीरनी ना सहेजे बुजाणी,
जीवनने तो ए लागे अकारा (२)
वर्षावो ने प्रभु प्रेमनी धारा,
तरस्यां जुग जुगनां अमे, प्यास छीपावो अमारी...देखाडो.

**આપું હું જન્મોજન્મથી પરિક્ષા,
હવે તો પરિણામની છે પ્રતિક્ષા !**



gayak-stavan.pm6,mch2,61

# मारा घटमां बिराजता...

हे..माराघटमां बिराजता श्रीनाथजी, यमुनाजी श्रीमहाप्रभुजी
मारुं मनडुं छे गोकुल वनरावन (२)
मारा तनना आंगणीयामां तुलसीना वन,
मारा प्राणजीवन...हे मारा घटमां बिराजता...

हे..मारा आतमने आंगणे श्री महाप्रभुजी,
मारी आंखो दीसे गीरीधारी रे धारी (२)
मारुं तनमन गयुं जेने वारी रे वारी,
मारा श्याम मुरारी...हे मारा घटमां बिराजता...

हे..मारा प्राण थकी मने वैष्णव व्हालां,
नित्य करता श्रीनाथजीने काला रे वाला (२)
में तो वल्लभ प्रभुजीनां कीधां रे दर्शन,
मारुं मोही लीधुं मन...हे मारा घटमां बिराजता...

हे..आवो जीवनमां ल्हावो फरी कदी न मळे
वारे वारे मानवदेह कदी न मळे (२)
फेरो लखरे-चोरासीनो मारो रे फळे,
मने मोहन मळे...हे मारा घटमां बिराजता...

अनुसंधान पाना नं     पर



अनुसंधान पाना नं     से

हुं तो नीत्य विठ्ठलवरनी सेवा रे करुं,
हुं तो आठे समा केरी झांखी रे करुं (२)
में तो चीतडुं श्रीनाथजीने चरणे धरुं
जीवन सफळ करुं...हे मारा घटमां बिराजता...

मारा अंतसमय करी सुणो रे अरजी,
लेजो शरणमां श्रीनाथजी दया रे करी (२)
मने तेडा रे यम केरा कदी न आवे,
मारो नाथ तेडावे...हे मारा घटमां बिराजता...

में तो पुष्टिमारग केरो संग रे साध्यो,
मने धोळ कीर्तन, केरो रंग रे लाग्यो,
में तो लालानी लाली केरो नंग रे भांग्यो
हिरलो हाथ लाग्यो...हे मारा घटमां बिराजता...

પ્રભુકે પ્રતિ પ્યાર જબ અનંત હો ગયા,
યે રોમ રોમ મેરા સંત હો ગયા,
દેવાલય હો ગયા યે બદન મેરા,
ઔર હૃદય તો મેરા મહંત હો ગયા.



gayak-stavan.pm6,mch2,62

## मारी आ जीवन नैया...(तर्ज : रमैया वस्तावैया..)

मारी आ जीवननैया-मारी आ जीवननैया
जोजे ना डुबे नैया-जोजे ना डुबे नैया

नाव झोले चडी ऊंचे आंधीचडी मारे जावुंछे दुर कैं सुझे नही,
नथी जडती कडी रात काळी नडी घनघोर घटा जाणे छाइ रही,
दशा छे आवी मारी, एने तुं ले उगारी (२)...जो जे ना

मेघभीषण गरजे वीज कडकड बोले,
मने एके किनारो जोवा ना मळे
जाणे पाणी तळे, सामुं कोइना मळे, तने याद करुं छुं. हुं पळे पळे
सागर छे बहु तुफानी, प्रभु तुं छे सुकनी (२)...जो जे ना

चंद्र वादळ छुपाय, तारलीया ना देखाय,
रात अंधारी केमे करी ना सहेवाय
नाव मारी अथडाय, मोझा साथे पछडाय,
नाव तुटीने अंदरमां पाणी भराय
नैया जो डुबी मारी, जशे लाज प्रभु तारी (२)...जोजे ना

मारी जीवननी नाव पार एने लगाव,
मारा अंतरनां खुणामां दीपक प्रगटाव
जाय जेथी अंधकार, पहोंचुं सागर ने पार,
जैन संयुक्त मंडळ करे जयकार
प्रभु तारा गीतडां गावा, मारे मन मोटा ल्हावा (२)..जोजे ना



## माँ-बापनी आज्ञा मागे छे...(दीक्षार्थी)

(तर्ज : माइनी माइ... हम आपके है कौन ?)

माडी (बापु) मुजने आशीष आपो मारे संयम लेवो,
गुरु सेवाथी ज्ञान मेळववुं लेवो निर्णय एवो

मन मारुं हवे नथी लागतुं, छे संसार असार,
तन मारुं हवे थनगने छे, लेवा संयम आचार
धनदौलत छे धर्म आ प्यारो, संयमनो अणगार...गुरू सेवाथी

धन-लक्ष्मी ने वैभव सघळां छे बंधननां मुळ
वहेवारने वेपारमां सघळे लागे हृदयमां शुळ
सगां संबंधी मारां छे हवे गुरुजननो परिवार...गुरू सेवाथी

धर्म करीने भवने तरवो छे एकज आधार,
संयम विना सिद्धि नथी, गुरुचरणे उद्धार
आशीष आपो भवने कापुं एवा थाय आचार...गुरू सेवाथी

रचनाकार : *वीरुजी*

ગુરૂ હોય સરળ-ગુરૂ હોય તપસ્વી,
ગુરૂ હોય ગંભીર-ગુરૂ હોય તેજસ્વી,
ગુરૂ હોય વીર-ગુરૂ હોય ઉપકારી,
ગુરૂ શાંતિ દાતા-ગુરૂ ગુણ ભંડારી.



gayak-stavan.pm6,mch2,63

# मीठे रस से भर्योरी...

मीठे रससे भर्योरी, राधारानी लागे, राधारानी लागे,
मने कारो कारो जमुनाजी'रो, पानी लागे...मीठे रससे

जमुनाजी तो कारी कारी, राधा गोरी गोरी,
बृन्दावनमे धुम मचाये, बरसानाकी छोरी,
ब्रजधाम राधा जुकी रजधानी लागे, रजधानी लागे,
मने कारो कारो जमुनाजी'रो पानी लागे...मीठे रससे

कान्हा नित-मुरलीने तेरे, सुमिरैं बारंबार,
कोटिन्हि रुप धरे मनमोहन, तउ न पावे पार,
रुपरंगकी छबीली, पटरानी लागे, पटरानी लागे,
मने कारो कारो जमुनाजी'रो पानी लागे...मीठे रससे

ना भावे मने माखण मिसरी, अब ना कोइ मिठाई
म्हारी जीलडीयांने भावे, राधानाम मलाई,
बृषभानकी लली तो गुणधानी लागे, गुणधानी लागे,
मने कारो कारो जमुनाजी'रो पानी लागे...मीठे रससे

राधा राधा नाम रटत है, जो नर आठोधाम,
तिनकी बधा दूर करते है, राधा राधा नाम,
राधानाममे सफल जींदगानी लागे, जींदगानी लागे,
मने कारो कारो जमुनाजीरो पानी लागे...मीठे रससे



# याद आवे मोरी मा...

याद आवे मोरी मा...याद आवे मोरी मा
जनमदाता जननी मोरी, याद आवे मोरी मा

नानो हतो ते दि'लाड लडावती मोढामां भोजन देती
नाना रसोडे जमवा बेसी...चानकी धरी देती
केवी मायाळु मा...केवी प्रेमाळु मा जन्मदाता...

रडतो हुं तो ज्यारे ज्यारे...दु:खी ए बहु थाती
दीकरा मारा जोइए तने शुं ? बोल बोल एम कहेती.
मारां आंसुडा लोती मा...माथे हाथ फेरवती मा जन्मदाता...

पा-पा पगली भरतो ज्यारे...राजी ए बहु थाती
कांइ बोलुं ने...कांइ चालुं तो घेली घेली थाती
केवी प्रेमाळुं मा...केवी मायाळुं मा जन्मदाता...

तपोवनमां भणवा आव्यो, संस्कारो लइने जईश
माता-पितानी सेवा करीने आशिष रुडां लइश
मारुं साचुं तीरथ मा, मारुं मोटुं तीरथ मा जन्मदाता...

જો કુછ થા મેરે પાસ વો કર દિયા તુમ્હારે હવાલે,
અબ તો તું હીં જીમ્મેદાર, ઠુકરા દે-ચાહે અપના લે.



gayak-stavan.pm6,mch2,64

# राधा जेवां फूलडां...

राधा जेवां फुलडांने श्यामल जेवो रंग,
आज तारी आंगीनो कांइ, रुडो बन्यो छे रंग
प्यारां पार्श्वजी ओ लाल, मोरा नाथजी ओ लाल,
दिन-दयाळ मुझने नयने निहाळ !... प्यारां पार्श्वजी

जोगी वाडे जागतो ने, मातो धिंगड मल,
श्यामलो सोहामणो कांई जित्या आठे मल...प्यारां पार्श्वजी

तूं छे मारो साहीबो ने, हूं छुं तारो दास,
आश पूरोने दासनी कांई, सांभळी मारानाथ...प्यारां पार्श्वजी

देव सघळां दीठां तेमां, एक तूं अव्वल,
लाखेणुं छे लटवुंः तारुं, देखी रीझे मन... प्यारां पार्श्वजी

कोई नमे पीर अने, कोई नमे राम,
'उदयरत्न' कहे प्रभुजी, मारे तुम शुं काम...प्यारां पार्श्वजी

> હંસ રહે હો આપ જૈસે હજારો કે બીચમેં,
> હસતા હૈ ફુલ જૈસે, બાગોકે બીચમેં,
> રોશન રહો આપ ઉસી તરહ દુનિયામેં,
> જૈસે ગગનમેં ચાંદ, સિતારોં કે બીચમેં.



# राजा शत्रुंजा'रा धणीयो...

थोने पुकारु मैं तो बार-बार ओ मारा आदिनाथ ओ
राजा शत्रुंजा'रा धणीयो...

ऊंचा डुंगर गेहरी झाडी, घुमटरो नजारो ओ
सोनारा सूरजरे जेडो, इन्डारो चमकारो ओ
ओ, जिनमें बिराजे मारा आदिनाथ, ओ..राजा शत्रुंजा'रा

दुजोडा तिरथरी शोभा, म्हासुं कही न जावे ओ,
राणकपुर दुनियामे छायो, पंच तिरथमें राजा ओ,
ओ, जिणरा थांबलीया गणता लागे वार, ओ..राजा शत्रुंजा'रा

गढ चढता आबूजी मोने, थाक घणेरो लागे ओ,
देराणी जेठाणीरा गोखलीया प्यारा लागे ओ,
ओ, दरिसण करवारी मोने लागी प्यास, ओ..राजा शत्रुंजा'रा

रावण जेडी मोटी हस्ती, अष्टापद गिरी आयो ओ,
नव विधीओसु नाटक करतो, प्रभु रीझावण लागो,
ओ, भावधरीने गासी होसी पार, ओ..राजा शत्रुंजा'रा

आदेश्वररे द्वारे आवी गीत प्रभुरो गायो ओ,
''भाविक'' तमने अर्ज करे प्रभु, सबने दर्शन दिजो ओ,
ओ, डूबती नैया'रा बनजो खेवनहार, ओ..राजा शत्रुंजा'रा



gayak-stavan.pm6,mch2,65

# राखनां रमकडां...

राखनां रमकडां मारा रामे, रमतां राख्यां रे,
मृत्युलोकनी माटीमांथे मानव कहीने भाख्यां रे...राखनां

बोले डोले रोज रमकडां, नित नित गमतुं मांगे,
आ मारु, आ तारुं, कहीने एक-बाजाने भांडे रे...राखनां

एइ...काची माटीनी कायामांथे माया केरा रंग लगाया,
एजी, ढींगला ढींगलीये घर मांड्यां, त्यां विंझणला विंझाया...

तंत अनंतनो तंतु न तूट्यो ने रमत अधूरी रही,
तनडा ने मनडानी वातो, आवी एवी गइ...राखनां

**મારી શ્રદ્ધાને તું તો જોઇલે કસીને,**
**દુઃખના પથ્થર પર એને જોજે ઘસીને,**
**કદી નહીં ઉતરે એ રતિભાર ખોટી,**
**કોટી કોટી વાર ચાહે કરી લે તું કસોટી.**



# रंगाइ जाने रंगमां...

रंगाइ जाने रंगमां, तुं रंगाइ जाने रंगमां
प्रभुवीर तणा शाशनमां, गुरुजीतणा सत्संगमां...तुं रंगाइ

आजे भजशुं काले भजशुं, भजशुं महावीर नाम
क्यारे भजशुं आतमराम ?
श्वास खूटशे,नाडी तूटशे (२) प्राण नहि रे तारा तनमां...तुं

जीव जाणतो झाझुं जीवशुं, मारुं छे आ तमाम
पहेलां अमर करी लउं नाम
तेडुं आवशे जमनुं जाणजे (२)  जावुं पडशे संगमां...तुं

बत्रीस जातनां भोजन जमतां जलसा करतां जाम,
एमां क्यांथी सांभरे राम ?
दान पुण्यथी दूर रह्यो तुं (२) फोगट फरे छे घमंडमां...तुं

घडपण आवशे त्यारे भजीशुं, पहेलां घरनां काम,
पछी फरीशुं तिरथ धाम,
आतम एक दिन उडी जाशे (२)शरीर रहेशे पलंगमां...तुं

**માનવ લઇ લે પ્રભુને તું તારી સંગમાં,**
**પછી, જોઇ લે એને એના અસલ રંગમાં.**



gayak-stavan.pm6,mch2,66

# लडती झगडती आ दुनियाने...

महावीरनो संदेशो एक दिन दुनियाने समजाशे,
श्रद्धा ने अहिंसानो झंडो सृष्टि पर लहेराशे,
एक दिवस आ अणुबोम्ब सौ दरिये डुबी जाशे,
मानवतानुं मंगलमय गीत जगमां बधे गवाशे,

लडती झगडती आ दुनियाने एक दिन,
महावीरे चींध्या राहे जावुं पडशे, प्रभु महावीरे चिंध्या राहे...
हिंसाना तांडवमां राचनारा लोकने एक दिन,
जरुर शरमावुं पडशे, प्रभु महावीरे चींध्या राहे जावुं पडशे

कोटी कोटी मानवीने माथे निरंतर, गाजे छे युद्धनां नगारां,
पडीके बँधायेला जीवने पळेपळ, भडकावतां भणकारां,
लाखों नोंधाराना आंसु-निश्वासनी,
आगमां जरुर होमावुं पडशे, प्रभु महावीरे चींध्या राहे...

वेरथी वेर शमे न कदापी, आगथी आग बुझाय ना,
हिंसाथी हिंसा हणाय नहीं कोई दि शस्त्रोथी शांती स्थपाय ना
बोम्बना बनावनारा वैज्ञानीकोने, एक दिन जरुर पस्तावुं पडशे,
प्रभु महावीरे चींध्या राहे जावुं पडशे, प्रभु महावीरे...

लाख लाख प्रश्नोंना साचां उकेलो, शस्त्रो थकी नहीं आवे,
भीति बतावे मानवीनां हैयामां, प्रीती कदी नहीं आवे,
सत्य अहिंसा ने शांतीनुं संगीत, बुलंद कंठे गावुं पडशे,
प्रभु महावीरे चींध्या राहे जावुं पडशे, प्रभु महावीरे...



# वधाई...

दिनानाथनी वधाइ बाजे छे, मारा नाथनी बधाई बाजे छे
शरणाई सुर नौबत बाजे, और घनन गाजे...मारा
इन्द्र इन्द्राणी मील मंगल गावे, मोतीयन चौक पुरावे छे...मारा
सेवक प्रभुजीसे अरज करत है, चरणोंकी सेवा प्यारी लागे छे
मारा नाथनी बदाई बाजे छे, दिनानाथनी बधाइ बाजे छे...



छे पर्युषण पर्व पनोतुं दिलनां दिप जलावो,
अंतरथी अंतर ओळखी अेक थई सहु गावो

क्षमा आपीअे क्षमा मांगीअे, सहु जीवोनो ल्हावो,
प्रेमपर्वनी गंगा वहे, चालो डुबकी लगावो

कलह अने कंकासो भूली, सौने गले लगावो,
होठ उपर 'मिच्छामि दुक्कडम्' अे शब्दो लावों

संवत्सरीनां अवसरे, मैत्रीनां ध्वज लहेरावो,
करी आप-ले, स्नेह-सुधानी, सहुनुं मंगल गावो

**બીજાને અભયદાન દેનારો ખૂદ ભયમુક્ત હોય છે જ.**

# व्हाला मारा हैयामां रहेजे...

व्हाला मारा हैयामां रहेजे...भूलुं त्यां तुं टोकतो रहेजे (२)

मायानो छे कादव एवो, पग त्यां खूंची जाय
हिंमत मारी काम ना आवे, तुं ज पकडजे बांय...व्हाला मारा

मरकट जेवुं मन आ मारुं. ज्यां त्यां कूदका खाय
मोह मदिरा उपर पीधोने, पापे प्रवृत्त थाय... व्हाला मारा

देवुं पताववा आव्यो जगमां, देवुं वधतुं जाय,
छूटवानो एक आरो हवे तो, तुं छोडे तो छुटाय...व्हाला मारा

भक्त हृदयनुं दर्द हवे तो...मुखे कह्युं ना जाय
आयखुं मारुं तारा चरणमां, थवानुं होय ते थाय...व्हाला मारा

સંભવ છે તારી ભક્તિ મને પાગલ બનાવે,
પણ એ સંભાવના છે જ-
ભક્તિ જ મને દુનિયાથી ''આગળ'' બનાવે.



# विषधरी ने विषधर...

विषधरीने विषधर सूतो चंडकोशीया नामी,
महाभयंकर अे मारगमां, विचरे महावीरस्वामी (२)

जाशोमां प्रभु पंथ विकट छे, झेरभर्यो एक नाग निकट छे,
हाथ जोडीने विनवे विरने, लोक बधां भय पामी... महा

आवी गंध ज्यां मानववेरी, डंख दिधो त्यां थईने वेरी,
हिंसा अने अहिंसा वच्चे, लडाई भिषण जामी... महा

दुध व्हयुं ज्यां प्रभु चरणे, चंडकोशीयो आव्यो शरणे,
कईक समझ, तूं कईक समझ, अेम कहे करुणा आणी...महा

वेरथी वेर शमे नहीं जगमां, प्रेमथी प्रेम वधे जीवनमां,
प्रेमधर्मनो परिचय पामी, नाग रह्यो शिरनामी... महा

પ્રેમનગરનું મંદિર મોટું, આંગણ સદા ઉઘાડા,
દશે દિશાએ દ્વાર પડે, એનાં ક્યાં નથી સીમાડા.



gayak-stavan.pm6,mch2,68

# वैष्णव जन तो...

वैष्णव जन तो तेने कहीये, जे पीड पराइ जाणे रे,
परदु:खे उपकार करे तोये, मन अभिमान न आणे रे,

सकळलोकमां सहुने वंदे, निंदा न करे केनी रे,
वाच, काछ, मन-निश्चल राखे, धन धन जननी तेनी रे,

समद्रष्टि ने तृष्णात्यागी, परस्त्री जेने मात रे,
जिह्वा थकी असत्य न बोले, परधन नव जाले हाथ रे,

मोह माया व्यापे नहीं जेने, द्रढ वैराग्य जेना मनमां रे,
रामनाम शुं ताळी लागी, सकळ तीरथ तेना मनमां रे,

वणलोभी ने कपटरहित छे, कामक्रोध निवार्या रे,
भणे नरसैंयो तेनुं दर्शन करतां, कुळ एकोतेर तार्या रे.

ખાવું-પીવું–સુવું-જાગવું-હરવું-ફરવું ને વદવું,
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં, પાપ વિકોરાથી ડરવું,
સદ ગુણી સ્તુતિ કરીએ સૌની, નિંદાથી આઘા રહીયે,
જન સેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીયે.



# सवामण सोनुं (टीलडी)

सवामण सोनुं ने अधमण रुपुं (२)
अेवी मेंतो टीलडी घडावी, ओ प्रभुजी मारा...टीलडी रे

टीलडी घडाववा हुंतो सोनी घेर गयोतो,
सोनीडाअे घाट रुडां घडीया, ओ प्रभुजी मारा...टीलडी रे

टीलडी घडाववा हुंतो झवेरी घेर गयो तो,
झवेरीअे हीरा मोती जडीया, ओ प्रभुजी मारा...टीलडी रे

अेवी रुडी टीलडी हुंतो शंखेश्वर लाव्यो,
शंखेश्वरा पार्श्वने चढावी, ओ प्रभुजी मारा...टीलडी रे

दादा तारी टीलडीअे सौना मन मोह्यां,
भक्ततणा अंतरीया डोल्या, ओ प्रभुजी मारा...टीलडी रे

મારૂં નાણું, મારૂં ભાણું મારૂં મારૂં કરૂં છું સદા,
હુંજ સાચો, હુંજ મોટો, મને જ આગળ કરૂં છું સદા,
ભીજાનો ના વિચાર આવે ન આપું કંઇ પરમાર્થમાં
મનડાનો હું ગુલામ કેવો ? જીવનભર રહ્યો સ્વાર્થમાં !

# सुणो चंदाजी, सीमंधर...

सुणो चंदाजी, सीमंधर परमातम पासे जाजो,
मुज विनतडी प्रेमधरीने एणी परे तुम संभळावजो,

जे त्रण भुवननो नायक छे, जस चोसठ इन्द्र पायक छे,
नाण दरिसण जेहने खायक छे...सुणो चंदाजी

जेनी कंचनवरणी काया छे, जस धोरी लंछन पाया छे,
पुंडरीगिणी नगरीनो राया छे...सुणो चंदाजी

बार पर्षदामांहि बिराजे छे, जस चोत्रीस अतिशय छाजे छे,
गुण पांत्रीश वाणीये गाजे छे...सुणो चंदाजी

भविजनने जे पडिबोहे छे, तुम अधिक शीतळ गुण सोहे छे,
रुप देखी भविजन मोहे छे...सुणो चंदाजी

तुम सेवा करवा रसियों छुं, पण भरतमां दूरे वसियो छुं,
महा मोहरायकर फसियो छुं...सुणो चंदाजी

पण साहिब चित्तमां धरियो, तुम आणा खडगकर ग्रहियो छे,
पण कांइक मुजथी डरियो छे...सुणो चंदाजी

जिनउत्तम पूंठ हवे पूरो, कहे पद्मविजय थाउं शूरो,
तो वाधे मुज मन अति नूरो...सुणो चंदाजी



# सिद्धाचलनी यात्रा करवा चालो...

परम पुरुषनो पंथ मळ्यो छे, मनगमतो भगवंत मळ्यो छे,
चालो पावन थईअे, चालो आपणे जईअे
सिद्धाचलनी यात्रा करवा, चालो आपणे जईअे...

कांकरे कांकरे सिद्धया अनंता, सिद्धशे भावि अनंत,
त्रिकरण योगे पुजा करशुं, करशुं भवनो अंत,
जगनो साचो संत मळ्यो छे, मनगमतो भगवंत मळ्यो छे,
चालो आपणे जईअे...

सिद्धाचल सोहामणू तीरथ, सहु तीरथ शिरताज,
अलबेलो आदेश्वर बीराजे, साहिब गरीब-नवाज,
कलीयुगनो अे कल्प मळ्यो छे, जगनो साचो संत मळ्यो छे,
चालो आपणे जईअे...

त्रणलोकमां तीरथ न अेवुं, श्री सीमंधर बोले,
मानव त्यां जई देव बने, जो साचुं अंतर खोले,
महाभाग्ये भगवंत मळ्यो छे, मनगमतो अरिहंत मळ्यो छे
चालो आपणे जईअे...

**વર્ષમાં એકવાર અનુકુળતા કરી શ્રાવકે, દાદા આદિનાથને ભેટવા શત્રુંજયની યાત્રા કરવી જ.**



gayak-stavan.pm6,mch2,70

# समताथी दर्द सहुं...(तर्ज : होटोंसे छुलों तुम...)

समताथी दर्द सहुं, प्रभु अेवुं बळ देजो
मारी भक्ति जो साची हो, प्रभु आटलुं फळ देजो

कोई भवमां बांधेला, मारां कर्मो जाग्यां छे,
कायानां दर्दरुपे, मने पीडवा लाग्यां छे
आ ज्ञान रहे ताजुं, अेवुं सिंचनजळ देजो...     समताथी

दर्दोनी आ पीडाने, रोवाथी मटशे नहीं,
कल्पांत करु तोये, आ दर्द तो घटशे नही,
दुर्ध्यान नथी करवुं अेवुं निश्चय बळ देजो...     समताथी

आ काया अटकी छे, नथी थातां तुज दर्शन
ना जई शकुं सुणवाने, गुरुनी वाणी पावन
जीनमंदिर जावानुं फरीने अंजळ देजो...     समताथी

नथी थाती धर्मक्रिया, अेनो रंज घणो मनमां,
दिलडुं तो दोडे छे, पण शक्ति नथी तनमां,
मारी होंश पुरी थाये, अेवो शुभ अवसर देजो...समताथी

भलेने आ दरद वधे, हुं मोत नहिं मांगु,
वळी छेल्ला श्वास सुधी, हुं धर्म नहिं त्यागुं,
रहे भाव समाधीनो, अेवी अंतिम पळ देजो... समताथी



# सुखनी छाया क्यांय नथी...

सुखनी छाया क्यांय नथी, पण माया नथी मुकाती,
मृगजळ जेवुं सुख छतांये, तृष्णा नथी सुकाती... माया

खारो छे संसार छतांये, अेने गणुं छुं प्यारो,
भवसागरमां भटकी रह्यो, पण क्यांये जडे ना किनारो,
भूलभरेली भ्रमणाओ छे, तोये नथी भूलाती...     माया

द्वेष भर्यो छे आ दिलडामां, रागमां छुं अनुरागी,
तारुं मारुं करी वेर वधारुं, विसारुं वितरागी,
रंगरागमां डूबी रहूं पण, आग नथी बूझाती...     माया

पापोनां पडछाया पडे ने, पुण्यनी पाळो तूटे,
जाणीने जकडायो छुं, त्यां बंधन क्यांथी छुटे?
मानवभवनी मुडी आ मारी रोज रही लूंटाती...     माया

सुખ નથી ક્યાંય આ જગમાં રડતાં સઘળા લોક,
જેવી જેની આપદા, મુકે એવી પોક.

બીજાના દુઃખે દુઃખી થવાની વાત પછી કરજો પહેલાં
મનને પૂછો કે એ બીજાના સુખે સુખી થવા તેયાર છે ખરૂં ?



gayak-stavan.pm6,mch2,71

# सुख दु:ख मनमां न...

सुखदु:ख मनमां न आणीये, घट साथे रे घडियां,
टाळ्यां ते कोइनां नव-टळे रघुनाथनां जडियां...सुख

नळराजा सरखो नर नहि, जेनी दमयंती राणी,
अडधे वस्त्रे वनमां भम्या, न मळ्यां अन्नने पाणी...सुख

पांच पांडव सरखा बंधवा, जेनी द्रौपदी राणी,
बार वरस वन भोगव्यां, नयणे निंद्रा न आणी...सुख

सीता सरखी सती नहीं जेनां रामजी स्वामी,
रावण तेने हरी गयो, सती महादु:ख पामी...सुख

रावण सरखो राजियो, जेनी मंदोदरी राणी,
दश मस्तक छेदाइ गयां, बधी लंका लुंटाणी...सुख

हरिश्चंद्रराय सत्वादियो, तारालोचनी राणी,
तेने विपत बहु पडी, भर्या नीच घेर पाणी...सुख

सर्व कोइने ज्यारे भीड पडी, समर्यां अंतरयामी,
भावट भांगी भूधरे, महेता नरसैंनां स्वामी...सुख

કદી સંયોગ કદી વિયોગ, સમજુ હસે ન રોવે,
તડકોને છાંય આવે ને જાય, સમતા કદી ન ખોવે.



# सूर्य-चंद्र आकाश पवन...(महावीर)

सूर्य-चंद्र आकाश पवनने, वर्षा जेम बधानां छे,
महावीर केवळ जैनोना नहीं, पण आखी दुनियानां छे.

जन्म भलेने अहीं लीधो पण, ज्योत बधे फेलावी
सूर्य भलेने अहीं उग्यो पण, प्रकाश छे जगव्यापी
प्राणीमात्रनां प्यारां एतो, पयगंबर मानवताना छे...महावीर

विराट एवा विश्वपुरुषने, वामन अमे कर्यो छे
विशाळ एना विश्वधर्मने, वाडा महीं पूर्यो छे.
जीवनना ज्योर्तिधर एतो जगनां ज्ञान खजाना छे...महावीर

सत्य, अहिंसा, प्रेम, करुणा, भाव छे मंगलकारी
अनेकांतनी विचारधारा, सर्व समन्वयकारी
पतितने पावन करनारा, पाणी जेम गंगाना छे...महावीर

પ્રભુવીર એટલે દુઃખોનો દાવાનળ બુઝવનાર નીર,
કર્મો અને ઉપસર્ગો સામે ઝઝુમનાર ધીર,
રાગની રજ દૂર કરનાર સમીર,
અને આત્માનું ઐશ્વર્ય પામેલાં અમીર.



gayak-stavan.pm6,mch2,72

## सिध्धाचलना वासी..(तर्ज : तेरी शहेनाइ बोले)

सिध्धाचलनावासी, विमलाचलनावासी जिनजी प्यारां,
आदिनाथने वंदन अमारां...

प्रभुजीनुं मुखडुं मलके, नयनोमांथी वरसे, अमीरसधारा,
आदिनाथने वंदन अमारां...

दिलमां भक्तिनी ज्योत जगावुं, प्रभुनी मूर्तिथी मनडुं मीलावुं
भजीले प्रभुने भावे, दुर्गति कदी न आवे, जिनजी प्यारां,
आदिनाथने वंदन अमारां...

भमीने लाख चोर्याशी हुं आव्यो, पूण्ये दर्शन तुमारा पाम्यो,
धन्य दिवस मारो, भवना फेरा टाळो, जिनजी प्यारां
आदिनाथने वंदन अमारां...

अमे तो मायाना विलासी, तमे छो मुक्तिपुरीनावासी,
कर्मबंधन कापो, मुक्तिसुख आपो, जिनजी प्यारां,
आदिनाथने वंदन अमारां...

अरजी उरमां धरजो अमारी, अमने आशा छे प्रभुजी तमारी
कहे हर्ष हवे, साचा स्वामी तमे, वंदन करीए अमे,
पूजन करीए अमे, जिनजी प्यारां,
आदिनाथने वंदन अमारां...



## समय मारो साधजे...

समय मारो साधजे वहाला करुं हुं तो कालावाला (२)

अंत समय मारो आवशे ज्यारे, नहीं रहे देहनुं भान, भान
एवे समय मुखे तुलसी देजो, देजो यमुना पान, पान

जीभलडी मारी परवश बनशे, जो हारी बेसुं हुं हाम, हाम
एवे समय मारी व्हारे चढीने, राखजे तमारुं नाम, नाम

कंठ रुंधाशे ने नाडीओ तूटशे, तूटशे जीवनदोर, दोर
एवे समय मारा अलबेलाजी, करजो बंसरी शोर, शोर

आंखलडी मारी पावन करजो ने देजो एक ज ल्हाण, ल्हाण
श्यामसुंदर तारी झांखी करीने, भक्तो छोडे प्राण, प्राण

સ્વાર્થી છે સૌ આ સંસારી, છે નશ્વર આ કાયા,
ભૌતિક સુખો ન કાયમી કદાપી, એ છે દુઃખની છાયા,
આ સંસાર છે એક પીંજરૂ ખોલી નાખ તું દ્વાર,
મુક્તિનગર એ ઘર છે તારૂં પ્રસરાવી પાંખ, કર વિહાર.



gayak-stavan.pm6,mch2,73

# समजोता गमों से कर लो...(समजोता)

समजोता गमोंसे कर लो (२) जिंदगीमें गम भी मिलते है.
पतझड़ आते ही रहते है (२) की मधूबन फिरभी खीलतें हैं.

रात कटेंगी होंगे उजाले, फीर मत गीरना गीरनेवाले,
इन्सां वो खूद संभले, औरोंको भी संभाळे...
ओ...ओ...(२) समजोता

भूल सभीसे होती आई, कौन है जिसने न ठोकर खाई (२)
भूलोंसे शीखे जो मंजिल उसने पाई...
ओ...ओ...(२) समजोता

देदो मुजको जीम्मेदारी, में बनजाउं नजर तुम्हारी (२)
तुम मेरी आँखो से देखो दुनिया सारी...
ओ...ओ...(२) समजोता

દુઃખમેં સુમીરન સબ કરે, સુખમેં ન કરે કોઇ,
જો સુખમેં સુમીરન કરે પ્રભુકા તો દુઃખ કાહેકો હોય ?
(કબીરજી)



# सूतां सूतां...(तर्ज : बस्ती बस्ती, पर्वत पर्वत गाता)

सूतां सतां अंधारामां, जोजे मृत्यु ना थइ जाय
मननी मनमां ना रही जाय..                सूतां सतां

एम बने के आज रातमां, मृत्यु आवे सामे
काल सवारे सूर्य उगे, तुं जोवा पण ना पामे..सूतां सतां

थइ शके छे तारुं पण, जे मोत बीजानुं थाये
बेदरकारी के आळसमां, अवसर चाल्यो जाये..सूतां सतां

हृष्यपुष्ट ने सदा निरोगी, चाल्या गया अचानक
अंतरियाळे अकस्मातमां, मृत्यु थया भयानक..सूतां सतां

मृत्यु हमणां घा करे तो, बचवानो अवकाश नथी
आ घडीए तुं धरम करी ले, जीवननो विश्वास नथी..सूतां सतां

આવ્યો ખાલી હાથે, ન લાવ્યો કશું સાથે,
એક દિવસ જાવું બધું, મૂકીને ખુલ્લે હાથે,
શાને તું કરે છે, માનવ માન-ગુમાન,
આ મારૂં-આ તારૂં, રહેશે નહિં અભિમાન.



gayak-stavan.pm6,mch2,74

## शंभुं शरणे पडी...(तर्ज : तेरी शहेनाई बोले...)

शंभु शरणे पडी, मागुं घडी रे घडी कष्ट कापो,
दया करी दर्शन शिव आपो,

तमे भक्तोनां दु:ख हरनारां, शुभ सौनुं सदा करनारां,
हुं तो मंदमति, तारी अकळगति, कष्ट कापो...दया करी

अंगे भस्म स्मशाननी चोळी, संगे राखो सदा भूतटोळी,
भाले तिलक कर्युं, कंठे विष धर्युं, अमृत आपो...दया करी

नेती नेती ज्यां वेद कहे छे, मारुं चित्तडुं त्यां जावा चहे छे,
सारा जगमां छे तूं, वसु तारामां हुं, शक्ति आपो...दया करी

हुं तो एकलपंथी प्रवासी, छतां आतम केम उदासी,
थाक्यो मथी रे मथी, कारण मळतुं नथी, समजण आपो, दया

आपो द्रष्टिमां तेज अनोखुं, सारी सृष्टिने शिवरुप देखुं,
मारा मनमां वसो, हैये आवी वसो, शांति स्थापो..दया करी

भोळाशंकर भवदु:ख कापो, नित्यसेवानुं शुभ धन आपो,
टाळो मानमदा, गाळो गर्व सदा, भक्ति आपो...दया करी

જ્યારે પ્રભુ-ભક્તિમાં તનમન એકાકાર બની જાય છે,
ત્યારે ઉરનાં આંગણીયે ઉમંગના ઉત્સવ ઉજવાય છે.



## श्याम पीया मोरी रंग दे चुनरीयाँ...

श्याम पीया मोरी रंग दे चुनरीयाँ
रंग दे चुनरीयाँ...रंग दे चुनरीयाँ
लाल ना रंगाऊ मैं हरी ना रंगाऊं
अपने ही रंग मे रंग दे चुनरीयाँ...श्याम पीया मोरी...

औसी रंग दे के रंग नाही छूटे,
धोबीया धोवे चाहे ये सारी अमरीयां...श्याम पीया मोरी...

बीना रंगाये मै तो घर नही जाऊंगी
बित ही जाये चाहे, ये सारी ऊमरीयां...श्याम पीया मोरी...

मीरां के प्रभु गीरीधर नागर,
श्याम चरणमें, हरीचरणमें...श्याम पीया मोरी...

આપણો રંગ તે શ્યામનો રંગ છે,
મેઘધનુષને પણ ઓછું આવે અહીં,
એક આ રંગમાં કેટલાય રંગ છે,
કોઇ આવે નહિં, કોઇ જાય નહિં. (પાનબાઇ)



gayak-stavan.pm6,mch2,75

# हे, त्रिशलानां जाया...

अंतरना कोडीये ओक दिप बळे छे झांखो,
जीवननां ज्योतिर्धर ओने निशदिन जलतो राखो,
ऊँचे ऊँचे उडवा काजे प्राण चाहे छे पांखो,
तुजने ओळखुं नाथ निरंजन ओवी आपो आँखो,

मानवतानां मुल्य घट्यां ने दानवता रही जामी,
पाप ने पुण्यनी वातो जाणे थई गई साव नकामी,
दुनियानी आ परिस्थितीने कोई शके ना पामी,
साचो राह सुजाडो स्वामी, हे प्रभु महावीरस्वामी.

हे, त्रिशलानां जाया, मांगु तारी माया,
घेरी वळ्यां छे मुजने मारां पापोनां पडछाया...हे त्रिशलानां

बाकुळांना भोजन लईने चंदनबाळा तारी,
चंडकौशीनां झेर उतारी ओने लीधो उगारी,
रोहिणी जेवां चोर लुंटारा, तुज पंथे पलटाया...हे त्रिशलानां

जुदा थईने पुत्रीजमाई केवो विरोध करता,
गाळो दे गोशाळो तोये दिलमां समता धरता,
झेरना घूंटडा गळी जईने, प्रेमनां अमृत पाया...हे त्रिशलानां

सुलसा जेवी श्राविकाने करुणा आणी संभारी,
विनवुं छुं हे महावीरस्वामी, लेशो नहीं वीसारी,
सळगंता संसारे देजो, सुखनी शीतल छाया...हे त्रिशलानां



# हुं छुं अनाथ...

हुं छुं अनाथ, मारो झालजो रे हाथ
विनवुं छुं हे प्रभु पारसनाथ !
हुं छुं प्रवासी नथी कोइनो संगाथं...विनवुं...

सगां-संबंधी स्नेहीओ सहु तो ओ निराधार,
ओकलवायो छुं अवनिमा तारो छे आधार,
जावूं छे दूर दूर देजो रे साथ...विनवुं...

भडभडती आगथी नागने उगार्यो नयनोंथी वरसावी नेह
संसार तापे हुंये बळू छुं उगारो लावीने स्नेह
दीनदयाळु छो दीनोना नाथ...विनवुं...

मुक्तिनगरमां जावुं छे मारे वचमां छे सागर मोटो,
आगळ जाऊं त्यां पाछो पडुं छुं मारग मळीयो खोटो
तारी लीओने प्रभु त्रिभुवनना नाथ...विनवुं...

ખિલતે હુએ ફુલ ખુશબુ દેં આપકો,
ચમકતા હુઆ ચાંદ રોશની દેં આપકો,
હમ તો કુછ દેને કે કાબીલ નહીં હૈ,
મેરે પાર્શ્વપ્રભુ લમ્બીં ઉંમ્ર દે આપકો.



gayak-stavan.pm6,mch2,76

# हे किरतार मने...

हे किरतार मने आधार तारो, जोजे ना तुटी जाय
हे प्रभु तारा प्रेमनो खजानो, जोजे ना खुटी जाय...

तारो विश्वास मने आ अवनीमां,
आपे प्रकाश ज्योत ओ रजनीमां,
श्रद्धाथी वाळीछे गाठों में स्नेहनी,
जोजे ना छुटी जाय...(२) हे किरतार...

शक्ति प्रमाणे भक्ति करुं छुं,
आ जीवन तुज चरणे धरुं छुं,
प्रेमनो प्यालो पीवा जऊ त्यां,
जोजे ना फूटी जाय...(२) हे किरतार...

गाई रह्यो छुं गीत तुज प्रीतनां,
स्नेहथी भरेलां सूरो संगीतना,
लाखनां हिरा ने हाथमांथी कोई,
जोजे ना लुंटी जाय...(२) हे किरतार...

તું તારે કે ના તારે, તારો સાથ ના છોડું,
જે જોડયા તુજને હાથ, એ બીજો ક્યાંય ના જોડું.



# हे दया कृपा निधि...

हे दया कृपा निधि, तुं शक्ति दे, तुं भक्ति दे,
तुं ज्ञाननुं वरदान दे...हे दया कृपा निधि...

असत्यो मांहेथी प्रभु परम सत्ये लइ जा,
ऊंडा अंधारेथी प्रभु परम तेजे लई जा,
महामृत्युमांथी अमने अमृत समीपे लई जा...तुं शक्ति दे...

जळता प्रजाळी तुं शक्तिने कण-कणमां दई दे,
प्रज्ञाननी परम ज्योतिनुं स्फुर्लिंग दई दे,
हे दयानां सागर तारां सर्ज्यां खोळे लइ ले...तुं शक्ति दे...

# हरी हळवे हळवे हंकारे...

हरी हळवे हळवे हंकारे, मारुं गाडुं भरेल भारे,
में तो लगाम दीधी हाथ हरीने, हरी चाहे तो पार उतारे...
भाई...रे...भाई...रे...भाई...रे...भाई...रे...

कायानी कोठीमां कूडां, करतूत ठांस भरेला छे, (२)
कोइनी आंतरडी बाळे ओवा, अवगुण उर भरेला छे,
कंइ कंकर कंइ कुसुम, कांटा ने, पेटनुं पाप पोकारे...हरी

देवनी डेली दूर नथी कंइ, करणी करेल कही दे,
वध्युं घट्युं कंइ पुण्य होय तो, पंडने काजे दइ दे,
सतना जेवी मूडी नथी जे, आवे हे हारे हारे......हरी



gayak-stavan.pm6,mch2,77

# हुं करुं छुं प्रार्थना...

हुं करुं छुं प्रार्थना, मने प्रेम तारो आपजे
कांइ खोटुं काम करुं तो, त्यारे तुं मने वारजे

जीवन छे संग्राम, कोइनी जीत कोइनी हार छे
जाणुं छुं संसार आ तो, सुखदु:खनो सार छे
हारथी हारी न जाउं, एवी हिंमत आपजे... कांइ खोटुं.

धन मळे के न मळे पण, धर्मने हुं जाळवुं
तारो पंथ चूकी न जाउं, एटलुं संभाळवुं
ते छतां भूलो पडुं तो, साचे रस्ते वाळजे... कांइ खोटुं.

मोक्षनी चिंता नथी, हुं रात-दिन भक्ति करुं
तारुं नाम भुलाय नहि, भावना एवी हैये धरूं
डगुमगु नहि हुं कदापि, श्रद्धा एवी आपजे... कांइ खोटुं

કંપી કંપીને અહીં તાર તાર તૂટે,
ને તૂટે આ નખલી ને ન્હોર,
કેટલાંય ગીત મારા હોઠ ઉપર અટક્યાં છે,
ભટકીને આઠ આઠ પ્હોર.



# हे वीर महावीर...

हे वीर ! महावीर, हे वीर महावीर
जगमां साचुं तारुं नाम, हे वीर महावीर...

तुं छे माता, तुं ज पिता छो (२)
तुं तो छे तारणहार, हे वीर महावीर...

तुं अंतर्यामी जगनो स्वामी (२)
तारा चरणोमां मोक्षधाम, हे वीर महावीर...

तुं तो नैया, जीवतरनी हंकारे (२)
तुं उगारे, तुं संभाळ, हे वीर महावीर...

तुं जगत्राता, विश्व विधाता (२)
तुं छे आतमराम, हे वीर महावीर...

અંતર કેરા તારે, તારૂં નામ ગજાવું,
સંદેશો તારો, જગને સંભળાવું,
સૌ જીવોને મળજો મોક્ષનું ધામ,
મને વ્હાલામાં વ્હાલું લાગે મહાવીરનું નામ.



gayak-stavan.pm6,mch2,78

# हे शारदे मा...

हे शारदे मा (२) अज्ञानतासे हमे तार दे मा

तुं स्वरकी देवी, ये संगीत तुजसे,
हर शब्द तेरे, हर गीत तुजसे
हम है अकेले, हम है अधूरे,
तेरी शरणमें हमे प्यार दे मा...हे शारदे मा.

मुनिओने समजी, गुणीओने जाणी,
संतोकी भाषा, आगमोकी वाणी
हमभी तो समजे हमभी तो जाने
विद्याका हमें अधिकार दे मा...हे शारदे मा.

तुं श्वेतवर्णी, कमलपे बिराजे
हाथोमें वीणा, मुगट सरपे छाजे
मनसे हमारे मिटादे अंधेरे
हमको उजालोंका परिवार दे मा...हे शारदे मा.

> **યા કુન્દેન્દુતુષારહારધવલા યા શ્વેતપદ્માસના,**
> **યા વીણાવરદણ્ડમણ્ડિતકરા યા શુભ્રવસ્ત્રાવૃતા,**
> **યા બ્રહ્માચ્યુતશઙ્કરપ્રભૃતિભિર્દેવૈઃ સદા વન્દિતા,**
> **સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડ્યાપહા.**



# हे नाथ जोडी हाथ...

हे नाथ ! जोडी हाथ पाये, प्रेमथी सौ लागीये
शरणुं मळे साचुं तमारुं, ए हृदयथी मांगीये
जे जीव आव्यो आप शरणे, चरणमां अपनावजो,
परमात्मा ए आत्माने, शांति साची आपजो (२)

वळी कर्मना योगे करी, जे कुळमां ए अवतरे,
त्यां पूर्ण प्रेमे ओ प्रभुजी ! आपनी भक्ति करे,
लक्ष चोर्यासीना बंधनोने, लक्षमां लइ कापजो ...परमात्मा

सुसंपत्ति, सुविचारो ने सत्कर्मनो दइ वारसो,
जन्मोजनम सत्संगथी किरतार पार उतारजो,
आ लोकने परलोकमां तुज प्रेम रगरग व्यापजो..परमात्मा.

मळे मोक्ष के सुख स्वर्गनुं, आशा उरे एवी नथी
मळे देह दुर्लभ मानवीनो, भजन करवा भावथी,
साचुं बतावी रुप, महावीर हृदये स्थापजो...परमात्मा

।। ॐ शांतिः शांतिः शांतिः ।।

> **સદ્‌ગતના પુનિત આત્માને પ્રભુ, શેષકર્મોથી મુક્ત કરી**
> **મોક્ષનું અનંત સ્થાન આપો એજ પ્રાર્થના...**



gayak-stavan.pm6,mch2,79

# हे करुणानां करनारा...

हे करुणानां करनारा, तारी करुणानो कोई पार नथी
हे संकटना हरनारा, तारी करुणानो कोई पार नथी.

में पापो कर्या छे एवा, हुं भुल्यो तारी सेवा
मारी भुलोना भुलनारा, तारी करुणानो कोइ पार नथी

हुं अंतरमां थई राजी, खेल्यो छुं अवळी बाजी
अवळीने सवळी करनारा, तारी करुणानो कोइ पार नथी

हे परम कृपाळु व्हाला, में पीधां विषना प्याला
विषने अमृत करनारां तारी करुणानो कोइ पार नथी

कदी छोरु कछोरुं थाये, तुं तो मावतर कहेवाये
शीळीछायानां देनारा, तारी करुणानो कोइ पार नथी

मने जडतो नथी किनारो, मारो क्यांथी आवे आरो
मारा साचा खेवणहारा, तारी करुणानो कोइ पार नथी

छे मारुं जीवन उदासी, तुं शरणे ले अविनाशी
मारा दिलमां हें रमनारा, तारी करुणानो कोइ पार नथी

ભગવાન દયાળુ છે જ, તે રક્ષાળુ છે, તે કૃપાળુ છે,
જરૂરિયાત તો છે આપણે શ્રદ્ધાળુ થવાની



# हे शंखेश्वरनांवासी मारे हैये...

हे शंखेश्वरनांवासी मारे हैये करजो वास,
केम विसारुं वामानंदन, ज्यां लगी श्वासोश्वास...हे शंखेश्वर

श्वासेश्वासे समरुं स्वामी जीवनना आधार,
रोमे रोमे तारा नामनो वागी रहे रणकार,
आ अंतरनां वाजिंतरमां एक ज छे अभिलाष...हे शंखेश्वर

भावथकी हुं भक्ति करुं छुं, जो जे हे भगवान,
हे गुणवंता गाइ रह्यो छुं तारा सदा गुणगान
उगारीले भवसागरमांथी एक ज राखुं आश...हे शंखेश्वर

आव्यो आजे तारा चरणे, भक्ति करवा काज,
भाव हृदयमां लाव्यो दादा पूरजो मारी आश,
तारी भक्ति करतां करतां करवो मोक्षे वास...हे शंखेश्वर

જગને રીઝવી રીઝવી હું થાકું,
ના સમજાયે સંગીત સાચું,
ભરજે તું અંતરમાં એવી કંઇ આગ,
જેથી હું ગાઇ શકું વિતરાગ...



gayak-stavan.pm6,mch2,80

# हे शंखेश्वरस्वामी...(आरती)

हे शंखेश्वरस्वामी, प्रभु जग अन्तरयामी ।
तमने वंदन करीये (२) शिवसुखना स्वामी...हे शंखेश्वर

मारो निश्चय ओकज स्वामी, बनुं तमारो दास,
तारा नामे चाले (२) मारा श्वासोश्वास...हे शंखेश्वर

दु:ख संकट ने कापो स्वामी, वांच्छितने आपो,
पाप अमारा हरजो (२) शिवसुखने देजो...हे शंखेश्वर

निशदिन हुँ मागूं छुं स्वामी, तुम चरणे रहेवा,
ध्यान तमारुं ध्यावुं (२) स्वीकारजो सेवा...हे शंखेश्वर

रात दिवस झंखु छुं स्वामी, तमने मळवाने,
आतम अनुभव मागुं (२) भवदु:ख टळवाने...हे शंखेश्वर

करुणाना छो सागर स्वामी, कृपा तणा भंडार,
त्रिभूवनना छो नायक (२) जगना तारण हार...हे शंखेश्वर

લોખંડ ટીપાય તો ધારદાર થાય, બીજ દટાય તો વૃક્ષ બને,
બિંદુ વરાળ થઇ આકાશે ચડે, માનવી સમર્પણ કરી દેવ બને.



# है ये पावन भूमी...(तर्ज : हे मेरे दीले नादान...)

है ये पावनभूमी...यहां बारबार आनां...(२)
पार्श्वनाथके चरणोंमे, आ करके झूक जना...है ये पावन

तेरे मस्तकपे मुगट है, तेरे कानोंमे कुंडल है...(२)
तुं तो करुणासागर है, मुज पर करुणा करना...है ये पावन

तेरा तीरथ सुंदर है...तुं प्राणोसे प्यारा है...(२)
मेरी विनंती सुन लेना...बेडा पार लगा देना...है ये पावन

तुं जीवनस्वामी है...तुं अंतरयामी है...(२)
मेरी...नैया डुब रही...नैयाको तीरा देना... है ये पावन

तेरी सांवली सुरत है...मेरे मनको लुभाती है...
प्रभु मेरी भक्तिका...स्वीकार तो कर लेना... है ये पावन

શક્તિ મળે તો સહુને મળજો, જીનશાસન સેવા સારૂં,
ભક્તિ મળે તો સહુને મળજો, જીનશાસન લાગે પ્યારૂં,
મુક્તિ મળે તો સહુને મળજો, રાગ-દ્વેશ-અજ્ઞાન થકી,
જીનશાસન મળે ભવોભવ, એવી શ્રદ્ધા થાય નક્કી.



gayak-stavan.pm6,mch2,81

# हाथे बजावो ताळीओ...(दादाने दरबार)

हाथे बजावो ताळीओ ने पगे झांजरनो झणकार
सरखे सरखी साहेली रमे, दादाने दरबार (२)...
दादानो दरबार केवो सोहे, झगमग जाकजमाळ
आदीश्वरदादानो महिमा कहेता न आवे पार (२)...हाथे

ओने माथे तिलक शोभे छे, ओने काने कुंडल सोहे छे,
हे...लटकाळा ओ मुखडा उपर मोह्यां नर ने नार
अली ! सांभळ तुं सजनी रे, मारो छे ओ किरतार,
दादानी भक्तिमां मेळवुं मारा हैयां केरा तार...आदेश्वर दादा

ओने सोनानुं छतर माथे छे, ओने हीरानी वींटीओ हाथे छे,
हे...बायें बाजुबंध बेरखां ने माथे मुगट मनोहार
अली ! सांभळु तुं सजनी रे, मारो छे ओ किरतार,
दादानुं तेज झळहळतुं, ओनी आभा अपरंपार...आदेश्वर दादा

જીન-દિપકની આગળ નાનો દિવડો શું પ્રગટાવું ?
જ્યોતિધરની પાસે હું શું પામર જ્યોત જલાવું ?
જગતપિતા છો તમે હું નાદાન બાળક ગુણગાન ગાઉં,
આતમને મારા અજવાળી દેજો આટલું ધ્યાન ધ્યાઉં !!



# हे सर्जनहारा...

हे सर्जनहारा, शाने सर्जी तें मेळाप पछी जुदाइ...मेळाप पछी
मीठी लागे, छे मनडाने, मिलन केरी धडी धडी (२)
(पण) विजोगनी क्षण लागे छे...एक एक युग जेवडी,
घडनारो तुं ओकज ने केम, नोखी नोखी धदाई ?..मेळाप पछी
हैयां केरां, घाव हजी तो, नथी जराये रूझायां !! (२)
वसंत पछी आ पानखरनां केम वायरा वाया...?!
रीत आ तारी ओ रखवाळां अमने ना समजाइ...मेळाप पछी

# हमको मनकी शक्ति देना...

हमको मनकी शक्ति देना, मन विजय करें
दूसरोंकी जय से पहेले खूदकी जय करें...हमको मनकी
भेदभाव अपने दिलसे साफ कर शके,
दूसरोंसे भूल हो तो माफ कर शके,
जुठसे बचे रहे...सचका दम भरें...दूसरो की जय से
मुश्कीलें पडे तो हमपे इतना कर्म करें,
साथ दे तो धर्मका, चले तो धर्म परे
खूदपे हौंसला रहे, सचका दम भरें...दूसरो की जय से



gayak-stavan.pm6,mch2,82

# હે મહામંત્ર છે મોટો....(तर्ज : रामचंद्र कह गये...)

મહામંત્ર છે મોટો જગમાં, એક જ શ્રી નવકાર રે...
ધૂન લગાવો સાથે મળી સૌ, એ છે તારણહાર રે...(૨)...

નમો અરિહંતાણં કહેતા તરીયે સાગર પાર રે...
નમસ્કાર હોજો સિધ્ધોને કોટી કોટીવાર રે...
હે...આચાર્ય ભગવંતોને હું-વંદૂ વારંવાર રે...ધૂન

ઉપાધ્યાય ઉપદેશ દઈને, કરે સૌનો ઉધ્ધાર રે...
સાધૂની સેવા કરવામાં થાયે બેડો પાર રે...
હે...એ પાંચેયની ભક્તિ કરીને-સફળ કરો અવતાર રે...ધૂન

નમસ્કારમાં અગણિત ગુણો-કહેતા ના આવે પાર રે...
એમાં પૂર્ણ પણે સમાયો-ચૌદ પૂરવનો સાર રે...
હે...ધન્ય ધન્ય અવતાર એનો-સમરે જે નવકાર રે...ધૂન

નાનો પણ ભવસાગરમાં ડૂબતાનો તારણહાર રે...
નવકારને સદાય સમરો-સાથે સૌ નરનાર રે...
જેના પ્રભાવે જૈન શાસનમાં-વર્તે જયજય કાર રે...ધૂન

ગીતોની ગંગા-જમનાને વિશ્વમાં વહાવું
આશા ઉરમાં એવી કે ગીત બની જાઉં...



# શ્વાસ સુધીનાં સગપણ...

શ્વાસ સુધીનાં સગપણ સાચાં, બાકી જુઠી પ્રીત...
આ કૂદરતની રીત, આ કૂદરતની રીત...

ઉગ્યું તે તો આથમવાનું-ખીલ્યાં તે કરમાતા,
નામ તણો એ નાશ અફર છે, અવધી પૂરી થાતાં,
હરખ જનમનો, શોક મરણનો, ભાગ્યની હાર ને જીત...આ

નોખાં નોખાં લેખ વિધિના, નોખો ભાગ્યનો ધારો,
કોઇના ભાગે દરીયો ખારો, કોઇના ભાગે કિનારો,
ઓટ અને ભરતીનો ક્રમ, તો શીદને થાવું વ્યથીત ?...આ

અંજળપાણી પૂરાં થયાં, એ તો મુદતના મહેમાન હતાં,
ઘરનાં ઘર તો દૂર રહ્યાં, એ ભાડાનાં મકાન હતાં,
જાવું સૌએ એક દિવસ તો, મૂકી અહીં અતિત...આ

પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નૈનની ઝારી
કંટક પંથે સ્મિત વેરીને મ્હોરીશું ફુલની ક્યારી
હૈયાનો હેમાળો ગાળી ખળખળ વહેશું હેતની ગંગ
એક બીજાને જીતશું રે ભાઇ જાતને જાશું હારી...



gayak-stavan.pm6,mch2,83

# श्रीजी बावा दिनदयाळा...

श्रीजी बावा दिनदयाळा, भक्त तमारो जाणजो,
हरीगुण गाता दोष पडे तो, सेवा तमारी मानजो...श्रीजी

हुं अपराधी कांई न समज्यो, नाम तमारां अपार छे,
दास ऊपर दया करो तो, गुण तमारां गाय छे...श्रीजी

ओ दिनबंधू, ओ रे दयाळु, प्रार्थना करुं करगरी,
दास ऊपर दया करो तो, फेरे जन्मना धरुं फरी...श्रीजी

गौलोकवासी, वैंकुठवासी, बूध्धि अमारी सुधारजो,
जन्म मरणना बंधन छूटे, एवी भक्ति आपजो...श्रीजी

अंत समये प्रभु मांगु छुं के, दर्शन देवा आवजो,
दास ऊपर दया करीने, चरण कमळमां राखजो...श्रीजी

જેમ દુકાળમાં અનાજની કિંમત સમજાય છે, પાણીની કિંમત રણપ્રદેશમાં સમજાય છે, તેવી જ રીતે માવતરની ગેરહાજરી પછી જ તેમની અગત્યતાની સાચી સમજણ જાગે છે...પણ, પછી...એ શુન્યાવકાશને કોઇ પૂરી શકે ખરૂં ?? માવતરના ઉપકારોને કદી ભૂલશો નહિં એમની આજ્ઞાપાલનમાં પીછેહઠ કરશો નહિં-માવતરના આશીષ તમારી શક્તિ બની જશે. (સમરત બા)



# आरती...

(नमोहूत सिध्धाचार्योपाध्याय सर्वसाधूभ्यं्)

जय ! जय ! आरती आदि जीणंदा,
नाभिराया मरुदेवीको नंदा...
पहेली आरती पूजा कीजे, नरभव पामीने ल्हावो लीजे...
दूसरी आरती दीन-दयाळा, धूळेवा मंडपमां जग-अजवाळा...
तीसरी आरती त्रिभुवन देवा, सुर-नर-इन्द्र करे तोरी सेवा...
चोथी आरती चउगति चूरे, मनवांछित फळ शिवसुख पूरे...
पंचमी आरती पुन्य-उपायो, मूळचंदे ऋषभ-गुण गायो...

# मंगल दीवो...

(नमोहूत सिध्धाचार्योपाध्याय सर्वसाधूभ्यं्)

दीवो रे दीवो प्रभु मंगलिक दीवो,
आरती उतारण बहु चिरंजीवो...
सोहामणुं घेर पर्व दिवाळी, अंबर खेले अमरा बाळी...
दीपाळ भणे एने कुळ अजवाळी,
भावेभक्ते विघन निवारी...
दीपाळ भणे एने ए कलिकाळे,
आरती उतारी राजा कुमारपाळे...
अम घेर मंगलिक, तुम घेर मंगलिक,
मंगलिक चतुर्विध संघने होजो...



gayak-stavan.pm6,mch2,84